રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક




*"ઓસરીના દીવા પર આપને ખુમારી છે,*
*મેં ય વાવાઝોડાની આરતી ઉતારી છે."*

*- ખલીલ ધનતેજવી*

વર્ષ: ૭૪ અંક : ૦૯ ૧૫ એપ્રિલ, ૨૦૨૧

'આઝાદીનો અમૃત મહોત્સવ' : જિલ્લા કક્ષાની ભાવવાહી ઉજવણી




કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ચોવટિયાજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ
'પેસ્ટીસાઇડ ડીલર્સ સર્ટિફિકેટ કોર્સ'નો ઉદ્ઘાટન કાર્યક્રમ







કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી આયોજિત 'વિશ્વ જળ દિવસ'ની પ્રદર્શન, નિદર્શન,
વ્યાખ્યાન, ફિલ્મ દર્શન વગેરે માધ્યમો દ્વારા યોજાયેલ ફળદાયી ઉજવણી





# કોડિયું

વર્ષ : ૭૪ એપ્રિલ : ૨૦૨૧ અંક : ૦૯

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **મિનિમાલિઝ્મ - એક વિચાર**<br>હીરલ સવાઈ | ...૩૫૮ |
| ૦૨ | **ડાયાબીટીસ સામે લડવા માટે ભારત કેટલું તૈયાર છે?**<br>કોડિયું ટીમ | ...૩૬૦ |
| ૦૩ | **શાળા-જીવનના સાથીદારો**<br>અશોક સોમપુરા | ...૩૬૧ |
| ૦૪ | **વિજ્ઞાન સાથેની વિશિષ્ટ આવડતની ગૂંથણી – ''ભૂતળમાં પાણી કળણ''**<br>હીરજી ભીંગરાડિયા | ...૩૬૩ |
| ૦૫ | **ગીરની વાતો – ૩**<br>દિક્પાલસિંહજી જાડેજા | ...૩૬૬ |
| ૦૫ | **દરિયો તોફાન કરે રોજ**<br>કિરીટ ગોસ્વામી | ...૩૭૧ |
| ૦૬ | **શ્રીકૃષ્ણ વાસુદેવઃ પરાત્પર પરબ્રહ્મ**<br>હેમા એલ. સોલંકી | ...૩૭૨ |
| ૦૭ | ૨૧મી સદીના વિવેકાનંદઃ શરદ વિવેક સાગર<br>કોડિયું ટીમ | ...૩૭૬ |
| ૦૮ | **ખલીલ ધનતેજવીને શ્રદ્ધાંજલિ**<br>રમેશ તન્ના | ...૩૭૮ |
| ૦૯ | **ચાર દેવીમંદિરો**<br>ભાણદેવજી | ...૩૮૨ |
| ૧૦ | **શું પૂછવું છે**<br>ખલીલ ધનતેજવી | ...૩૮૭ |
| ૧૧ | **"શાંતિ ક્યાં મળે? ...ચોથા માળે"**<br>રઈશ મનીઆર | ...૩૮૮ |
| ૧૨ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૯૦ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**
ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
પ્રવીણ કુકડિયા
(મો. ૯૪૨૮૪૯૨૫૯૪)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

**◆ લવાજમ ◆**

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

## તંત્રી સ્થાનેથી...

**આપણે ''ગણ્યા'' ખરા, પણ ''ભણ્યા'' નહીં!**

ખુશ? ભારતમાં એક લાખ કેસ પહોંચી ગયા! આપણી રાજકીય રેલીઓ, આપણા ધાર્મિક મેળાવડાઓ, અને આપણી જાહેર જીવનની ટેવોએ ફરી એક વખત સાબિત કર્યું છે કે આપણને વિજ્ઞાનમાં વિશ્વાસ નથી. આપણે કોરોના સામે એક વર્ષ લડ્યા પછી શું શીખ્યા? મીંડું. કોઈપણ ગામમાં, શહેરમાં કે બજારમાં જઈએ તો ખ્યાલ આવે છે કે કોઈ માસ્ક પહેરતું નથી કે સોશ્યલ ડીસ્ટન્સિંગ પાળતું નથી; અને જે લોકો માસ્ક પહેરે છે એ પણ પોલીસ કે દંડની બીકે. આવું કેમ થાય છે? રોજગાર અને આર્થિક ઉપાર્જનની ચિંતા છે જ; પણ શું જીવન એનાથી મોટી સંપત્તિ નથી? શું માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સિંગ સાથે કામ પર ન જઈ શકાય? આપણે આપણા સ્વાસ્થ્યનું ધ્યાન રાખીએ એ માનવીય ગુણ છે, પણ આપણે આપણાથી બીજાના સ્વાસ્થ્યને નુકસાન જાય એ જાગરૂકતા સાથે વર્તન કરીએ એ આપણા સંસ્કારો છે. ભારતીય સંસ્કૃતિ, મૂલ્યો અને સંસ્કારોની બડાઈ કરતાં આપણે સૌ આટલી સામાન્ય વાત કેમ સમજી શકતા નથી? ક્યાં કચાશ રહી ગઈ?

કચાશ છે આપણી સામાજિક કેળવણીમાં—ગણતરમાં. દરેક સમાજમાં ધર્મ, પરંપરાઓ, રીવાજો અને સમૂહજીવન દ્વારા લોકોનું 'ગણતર' થતું હોય છે. સામાન્ય વાતચીતમાં પણ ભણેલા સામે કાયમ એક આક્ષેપ મૂકવામાં આવે છે કે એ ભણ્યો ખરા પણ ગણ્યો નહીં! આ કોરોનાએ ગણેલા સામે પણ આંગળી ચીંધીને પૂછ્યું છે કે તમે ગણ્યા ખરા પણ ભણતર(વિજ્ઞાન) સમજ્યા કે નહીં? આખું વર્ષ છાપાંઓમાં, ટીવીમાં, રેડિયોમાં અને મોબાઇલના ડાયલ-ટોનમાં પણ એકધારું સમજાવ્યું કે આપણે શું કરવાનું છે અને શું નથી કરવાનું! તો પણ જ્યાં સુધી આપણા કોઈ સ્વજન કોરોનાથી મૃત્યુ ન પામે ત્યાં સુધી આપણે જાગતા નથી. આવડા મોટા દેશમાં બધું જ સરકાર ન કરી શકે અને આપણે આપણી સાવચેતી માટે પણ જો સરકાર ઉપર જ નિર્ભર રહેવું પડે તો એતો બહુ મોટી ચિંતાનો વિષય છે!

આપણી પરંપરાઓ અને રીવાજો આપણને આવા નિષ્ઠુર કેમ બનાવે છે કે બીજાના જીવનનો સહેજ પણ વિચાર કર્યા વગર આપણે બેજવાબદારીપૂર્વક વર્તીએ છીએ? જેમ જાહેર જગ્યાએ ધૂમ્રપાન કરવું એ ગુનો છે પણ લોકો બેફામ ધૂમ્રપાન જાહેર જગ્યાએ જ કરે છે, કારણ કે કોઈ તેને ટપારવાવાળું નથી. એની જેમ જ માસ્ક ન બાંધવું એ પણ અત્યારે ગુનો જ છે તો પણ આપણે કેમ કોઈ માસ્ક વગરના માણસને આપણી આસપાસ ઊભા રહેવા દઈએ છીએ? કોરોનાનાં લક્ષણો દેખાય તો પણ ટેસ્ટ ન કરાવવો અને માહિતી છુપાવવી એ હવે તો જાણે કે સર્વ-સ્વીકૃત બાબત બની ગઈ છે. વડીલોનું આવું વર્તન(ગણતર) ભવિષ્યની પેઢીને આવું જ વારસામાં આપશેને?

વાત માત્ર જીવવાની નથી પણ બીજાને જીવાડવાની છે. આ સમજણ ભણતરથી આવે તોય ભલે અને ગણતરથી આવે તોય ભલે, પણ આવવી જોઈએ. જીવન-ઉત્કર્ષ માટે વિજ્ઞાન-ચિંધ્યા માર્ગે આગળ ચાલ્યા વગર કોઈ વિકલ્પ છે જ નહીં! જેટલી શ્રદ્ધા ધર્મ અને ઈશ્વરમાં છે એટલી જ વિજ્ઞાનમાં રાખવી પડશે એ હવે નિર્વિવાદ છે! અને ભવિષ્યમાં આપણા વહિવટ-વ્યવહારમાંથી ભ્રષ્ટાચારની નાબૂદી વિજ્ઞાન-ટેકનોલોજીની મદદથી જ શક્ય બનશે.

— [illegible]

## મિનિમાલિઝ્મ - એક વિચાર

### હીરલ સવાઈ

---

લોકડાઉન દરમિયાન ઘણું વાંચવાનો, વિચારવાનો અને કેટલીય નવી પ્રવૃત્તિઓ કરવાનો સમય મળ્યો. ટેલિવિઝન પર કેટલાક સરસ કાર્યક્રમો જોયા અને માણ્યા. કેટલુંક જોયેલું, વાંચેલું દિમાગ પર કબ્જો જમાવી લે, એવી જ રીતે એક ડોક્યુમેન્ટરી જ્યારથી જોઈ ત્યારથી એમ થયું કે આના વિષે લખીશ. અને અપણે તો હંમેશા ગમતાંનો કરીએ ગુલાલ.

મિનિમાલિઝમ - (A documentary about the important things) - આ શબ્દ કે વિચાર કદાચ આપણા માટે નવો નથી, છતાં પણ પરિવાર સાથે અને ખાસ તો બાળકો સાથે આ કાર્યક્રમ જોવો ગમે તેવો છે. અત્યારના સમયમાં જ્યારે સોશ્યિલ મીડિયાનું વર્ચસ્વ એટલું બધું વધ્યું છે કે એની અસરમાંથી બાકાત રહેવું કે જાગૃતતાપૂર્વક એનો મર્યાદિત ઉપયોગ કરવો લગભગ અશક્ય છે, ત્યારે આ કાર્યક્રમ આપણને જો થોડી ઘણી પણ મદદ કરી શકે તો તેને અચૂક જોવો જોઈએ.

ક્યારેક એવું લાગે કે આપણી પાસે દરેક વસ્તુઓનો અતિરેક છે અને હવે તો આ ઓનલાઈન શોપિંગનો ટ્રેન્ડ એટલો બધો વધ્યો છે કે દરેક વસ્તુ ખૂબ જ આસાનીથી અને ૨૪ કલાક ઘર આંગણે મેળવી શકીએ છીએ. એના કારણે જરૂરી કે બિનજરૂરી વસ્તુઓનો ભરાવો જાણતાં-અજાણતાં પણ થઈ જાય છે અને ક્યારેક આ અતિરેક વ્યક્તિના જીવનમાં હતાશા, દુઃખ અને તણાવ ઊભો કરે છે. આ ડોક્યુમેન્ટરીમાં એવા કેટલાય લોકોની વાત આવે છે, જે આવી હતાશાનો ભોગ બન્યા હતા અને અત્યારે મિનિમલિસ્ટ બની આનંદમય જીવન જીવી રહ્યા છે.

આ ડોક્યુમેન્ટરી અમેરિકાના બે યુવાનો- જોશુઆ અને રાયનએ શરૂ કરેલી એક ઝુંબેશ વિષે છે. આ બંને યુવાનો એના જીવનના એક એવા તબક્કે પહોંચ્યા જ્યાં એમની પાસે બધી જ ભૌતિક સુખ સગવડ હોવા છતાં એ ખુશ નહોતા. એમને સતત એવું લાગતું કે કંઈક ખૂટે છે. એને સમજાતું નહોતું કે જીવનમાં શું મહત્વનું છે? આ બધી ભૌતિક વસ્તુઓ કે આંતરિક સમૃદ્ધિ? આ દરમિયાન તેઓ - Living with less એવી સંકલ્પનાના પરિચયમાં આવ્યા અને એમનું જીવન બદલાયું. એમણે ઘરમાંથી લગભગ બધી જ બિનજરૂરી વસ્તુઓનો નિકાલ કર્યો, ઘરમાં રહ્યાં માત્ર જરૂર પૂરતાં કપડાં, ખૂબ ઓછું ફર્નિચર અને રસોડાનો જરૂરી સમાન. હા, જોશુઆને એનાં પુસ્તકો પર ખૂબ પ્રેમ, જેનો નિકાલ કરવાનું એના માટે અઘરું, એટલે એણે પુસ્તકો પોતાની પાસે જ રાખ્યાં. એમણે કદાચ વર્ણવી ન શકાય પણ અનુભવી શકાય એવી નિરાંત અને માનસિક હળવાશ અનુભવી. અત્યારે બંને યુવાનો પોતાની જાતને મિનિમલિસ્ટ તરીકે ઓળખાવે છે. એમણે મિનિમાલિઝમ નામની બુક લખી છે અને મિનિમલિસ્ટ.કોમ નામની વેબસાઇટ પણ ચલાવે છે.

આ વિચારને વહેતો મૂકવા એ લોકો દસ મહિનાની રોડ ટ્રીપ પર નીકળ્યા. આ ટ્રીપનો એક જ ઉદ્દેશ - મિનિમાલિઝ્મ નામનાં એમનાં પુસ્તકનો પ્રચાર કરવો અને એ દ્વારા આ નવી જીવનશૈલીનો વિચાર વધારેને વધારે લોકો સુધી પહોંચાડવો. નાનાં નાનાં ગામડાંઓમાં, લાયબ્રેરીઓમાં અને જાહેર સ્થળોએ લોકો સાથે આ વિષે વાતો કરવી. શરૂઆતમાં ખૂબ જ ઓછો પ્રતિસાદ મળ્યો,

૨-૪ લોકો માંડ હાજર રહેતાં, તો કેટલાક તો સામે દલીલ પણ કરતાં, પરંતુ નિરાશ થયા વગર એમણે પ્રયત્નો ચાલુ રાખ્યા અને અત્યારે હજારો લોકો એને ફોલો કરે છે અને એમના આ મિશનમાં ભાગીદાર બન્યા છે.

અમેરિકામાં થયેલા એક સર્વે પ્રમાણે લોકો એમના ઘરનો માત્ર ૪૦% હિસ્સાનો જ ઉપયોગ કરે છે, બાકીનો ૬૦% હિસ્સો લગભગ ક્યારેક જ વપરાય છે, આ સર્વે થયા પછી એવા લોકોનું પ્રમાણ વધ્યું જે નાના પણ સગવડવાળા ઘર ખરીદવા માંગતા હોય. આ ડોક્યુમેન્ટરીમાં એવા કેટલાય લોકોના ઈન્ટર્વ્યૂ છે જે ભૌતિકતાના અતિરેકથી હતાશાનો ભોગ બનેલા અને છેવટે મિનિમલિસ્ટ બન્યા. મિનિમાલિઝ્મને લઈને થયેલા કેટલાક પ્રયોગો પણ દર્શાવ્યા છે જે જોવાની ખરેખર મજા આવશે. કેટલીક મિનિમલિસ્ટ ચેલેન્જ જુદા જુદા લોકો દ્વારા કરવામાં આવી એ પણ ખૂબ રસપ્રદ છે, દા. ત. પ્રોજેક્ટ ૩૩૩. આ ચેલેન્જ લેનાર વ્યક્તિએ ૩૩ વસ્તુઓ ૩ મહિના માટે વાપરવાની. એમાં વ્યક્તિ કપડાં, ચપ્પલ, પર્સ કે અન્ય વસ્તુઓ પોતાની રીતે પસંદ કરી શકે, પણ એ ૩૩ જ હોવી જોઈએ! આ ચેલેન્જ એક મહિલાએ લીધી, જે માર્કેટિંગ વિભાગમાં કામ કરતી હતી અને એના માથે પ્રોડક્ટના પ્રેઝન્ટેશનની જવાબદારી પણ હતી. એ ત્રણ મહિના સુધી ૪ કે ૫ જોડી કપડામાં ઑફિસ આવી અને એને એટલી બધી નવાઈ લાગી કે આ વસ્તુની કોઈએ નોંધ પણ ના લીધી. આ ચેલેન્જ લીધા પહેલાં એ મહિલાનો સૌથી વધારે સમય કપડાં અને મેચિંગ ચપ્પલ પસંદ કરવામાં જતો હતો. અત્યારે આ મહિલા પોતાની જાતને મિનિમલિસ્ટ તરીકે ઓળખાવે છે. આ ઉપરાંત, એપલ કંપનીના પ્રણેતા સ્ટીવ જોબ્સને કોણ ના ઓળખે! એમના બધા જ ટીશર્ટ બ્લેક કલરના હતા. તેઓ એવું માનતા કે એક જ કલરનાં બધાં કપડાં હોય તો પસંદ કરવામાં સમય ના બગડે. જીવનમાં કરવામાં આવતા કેટલાક નાના નાના ફેરફારો ક્યારેક ખૂબ જ મહત્ત્વના સાબિત થતા હોય છે.

આ નવો પ્રવાહ અત્યારે દેશ-વિદેશમાં ખૂબ આવકાર્ય અને સ્વીકાર્ય બન્યો છે. ધીરેધીરે લોકો હવે સમજતાં થયાં છે કે ખરેખર જીવનમાં આંતરિક સંતોષ અને માનસિક શાંતિ કેટલાં જરૂરી છે!! જોશુઆ અને રયાન કહે છે કે Think life with less – less stuff, less clutter, less stress and debt, and less discontent. અને એના ફળરૂપે મળશે – more time, more meaningful relationships, more growth and peace of mind. કહેવાય છે ને કે – "Love people and use things, because opposite never works."

આ બંને યુવાનો એક વસ્તુ પર ભાર મૂકે છે કે આપણે કોઈપણ વસ્તુ ખરીદતાં પહેલાં પોતાની જાતને એક પ્રશ્ન પૂછવો કે - આ વસ્તુ ખરેખર મારા માટે ઉપયોગી છે?? જો જાગૃતતાપૂર્વક આ પ્રશ્નનો જવાબ પોતાની જાતને આપીએ તો કદાચ આપણે અતિરેકથી અને બિનજરૂરી વસ્તુઓના આક્રમણથી બચી શકીએ. અપરિગ્રહ એ પંચ મહાવ્રતોમાંનું એક વ્રત મનાતું અને ગાંધીજીએ પણ એકાદશ વ્રતની પ્રાર્થનામાં પણ અપરિગ્રહને સ્થાન આપેલું છે - "સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોતું ના સંઘરવું." ગાંધીજીએ હંમેશા અપરિગ્રહનો આગ્રહ રાખ્યો છે.

આ ડોક્યુમેનટરી જોયા પછી વ્યક્તિગત રીતે મેં મારી જીવનશૈલી પણ થોડાઘણા અંશે બદલી, વધારાનો એટલો બધો સમાન ઘરમાંથી નીકળ્યો જે લગભગ ના વપરાતો હોય. અને આથી ખરેખર હળવાશ અનુભવાય છે, આવાં જ હળવાશ અને આનંદ તમારા જીવનમાં અનુભવાય એવી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ.

આ ડોક્યુમેનટરી - મિનિમાલિઝમ - (A documentary about the important things)- નેટફ્લિક્સ પર ઉપલબ્ધ છે અને અંગ્રેજી ભાષામાં છે. (આ લેખમાં કેટલાંક વાક્યો અંગ્રેજીમાં જેમનાં તેમ રાખ્યાં છે જેથી એનો અર્થ જળવાઈ રહે.)

●---------●●●--------●●●---------●

મો. ૦૯૧૬૪૭૨૮૫૬૪

## ડાયાબીટીસ સામે લડવા માટે ભારત કેટલું તૈયાર છે?

**કોડિયું ટીમ**
kodiyusanosara@gmail.com

---

વર્ષ ૨૦૧૫ સુધીમાં ૪૧.૫ કરોડ લોકોને ડાયાબીટીસ થયું અને હજુ ૨૦૪૦ સુધીમાં આ આંકડો ૬૪.૨ કરોડ સુધી જવાની તૈયારી છે. ૧૯૯૦થી ૨૦૧૬ સુધીમાં વિશ્વમાં મૃત્યુનાં કારણોમાં ડાયાબીટીસ ૩૭મા સ્થાનેથી ૧૫મા સ્થાને પહોંચ્યું છે! સમગ્ર વિશ્વમાં ભારતમાં ડાયાબીટીસના દર્દીઓની સંખ્યામાં બીજા ક્રમે છીએ. વર્ષ ૨૦૧૮માં આપણે ત્યાં ૭.૦૨ કરોડ લોકોને ડાયાબીટીસ હતું અને આ આંકડો વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૨.૩ કરોડને પાર કરી જશે. વ્યક્તિ તરીકે અને દેશ તરીકે આપણે આ રોગ સામે લડવામાં સામાજિક, આર્થિક અને કૌટુંબિક એમ બહુ મોટી કિંમત ચૂકવી રહ્યા છીએ. હવે તો યુવાનોમાં પણ ડાયાબીટીસનું પ્રમાણ વધતું જાય છે એ બહુ મોટી ચિંતાનો વિષય છે. ૨૫થી ૪૦ વર્ષના યુવાનો પાસેથી દેશને સૌથી વધુ કામની અપેક્ષા હોય છે; પણ જો એ જ વર્ગ આવી બીમારીનો શિકાર બને તો? ખાસ કરીને ટાઈપ-૨ને ખૂબ ગંભીરતાથી લેવાની જરૂર છે જેમાં ઇન્સ્યુલીન ઓછું બને અથવા તો બને એ બરાબર કામ ન કરે.

અત્યાર સુધી જે રીતે આપણે આ બીમારી સામે લડતાં હતાં એમાં સૌથી મોટી કચાશ હતી આધારભૂત અને વ્યાપક ડેટાની, ખાસ કરીને ભારતનાં દર્દીઓની ચોક્કસ અને પ્રમાણભૂત માહિતીનો અભાવ રહ્યો. પશ્ચિમના દેશોમાં ડાયાબીટીસ પર જે સંશોધનો થાય છે એને સીધા જ આપણા સંદર્ભમાં લાગુ પાડી શકતા નથી અને ન પાડવા જોઈએ એવું સંશોધકો સ્પષ્ટ માટે છે. એનું સૌથી મોટું કારણ એ છે કે ભારતમાં ડાયાબીટીસનો જે રીતે ઉદ્ભવ થયો તે સાવ જુદો છે. નવાઈ પમાડે એવી વાત એ છે કે જે રાજ્યની(ચંડીગઢ) જીડીપી (□૩,૪૪૪) સૌથી વધારે છે ત્યાં ડાયાબીટીસનું પ્રમાણ(૧૩%) પણ વધારે છે. ગુજરાતમાં ૭% છે. અલબત, આનો અર્થ એ બિલકૂલ નથી કે જે રાજ્યો જીડીપીમાં પાછળ છે એમણે બિલકુલ ચિંતા કરવાની જરૂર નથી!

દેશની તમામ શાળા અને કોલેજોમાં ડાયાબીટીસ રોગની વૈજ્ઞાનિક માહિતી આપતા સેમિનારનું નિયમિત આયોજન કરી શકાય જેમાં બેઠાડું જીવન, કુપોષણ, કસરતનો અભાવ, દારૂનું સેવન, તણાવ, ખાણી-પીણીની ટેવો વગેરે કેવી રીતે ડાયાબીટીસને આમંત્રણ આપે છે તેની વાતો થવી જોઈએ... આ ઉપરાંત આપણા સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા ડાયાબીટીસના દર્દીઓ માટે સેલ્ફ-મેનેજમેન્ટ કાર્યક્રમો યોજીને એમને માર્ગદર્શિત કરવા જોઈએ. આ ક્ષેત્રમાં વધુને વધુ પાયાનું સંશોધન થાય એ માટે પૂરતાં નાણાં ભંડોળ અને તજ્જ્ઞો પૂરા પાડવા જોઈએ. અલબત, આપણે ત્યાં સરકારી કાર્યક્રમોની(નેશનલ હેલ્થ પોર્ટલ) સાથોસાથ મદ્રાસ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ડાયાબીટીસ જેવી સંસ્થાઓ આ દિશામાં ઘણું નક્કર કામ કરી રહી છે. પ્રત્યેક નાગરિકને ડાયાબીટીસ અટકાવવા અને જો હોય તો તેની સારવાર માટેની સુવિધાઓ ઝડપથી અને પૂરતી મળે એવી અસરકારક નીતિઓ અમલીકૃત થવી જોઈએ. હજુ પણ જે ગૌણ સ્વાસ્થ્ય કર્મચારીઓ આ દિશામાં કામ કરી રહ્યા છે એમનામાં ટેક્નિકલ જ્ઞાનની કચાશ જોવા મળે છે; ભલે એ લોકો ડાયાબીટીસના દર્દીઓને દવા ન લખી આપે પણ વધુ જોખમ ધરાવતા દર્દીઓને ઓળખીને એમને અલગથી સારવાર આપવા માટે આગળના સ્તરે મોકલી શકાય. દવાઓની કિંમત પર સરકારી નિયંત્રણ હોય એ અપેક્ષિત છે. આજે પણ ભારતમાં જે શુગર લેવલ ચેક કરવા માટે જે લેબ ટેસ્ટ થાય છે એમાં સ્ટાન્ડર્ડાઈઝેશનનો અભાવ છે એટલે

**(અનુસંધાન પાના નં. ૩૭૭ ઉપર)**

## ૦૩. કેળવણીના નવા આયામો

**શાળા-જીવનના સાથીદારો**

**અશોક સોમપુરા**

---

માનવીના વિકાસમાં અનેક ઘટકો-પરિબળોની મહત્ત્વની ભૂમિકા હોય છે. તેમાં શિક્ષણનું સ્થાન મોખરાનું છે. બાળકના જીવન વિકાસની શરૂઆત શિક્ષણથી થાય છે. તેના અભ્યાસ દરમિયાન એનું ઘડતર યોગ્ય રીતે થાય અને અંતે એ કેળવાયેલો નાગરિક બની પોતાની ફરજ ઉત્તમ રીતે બજાવી શકે એ જરૂરી છે. આ માટે તેણે અનેક ઘટનાઓ, પ્રસંગો, શિક્ષકો, વિદ્યાલયો, મહાવિદ્યાલયો અને અનેક મિત્રોના સંપર્કમાં શિક્ષક-ગુરુજનોની જરૂરિયાત તેને અનેક તબક્કે પડતી હોય છે. આમાં એકાદ પણ જો નબળું હોય તો તેના વિકાસમાં માઠી અસર થવાની સંભાવના રહે છે. આજે આપણે બાળકના શાળા-જીવનના મિત્રો-સાથીદારોની થોડીક વાત કરીએ.

**બાળકની મૂંઝવણઃ**

બાળક શાળાએ જાય છે ત્યારે તેને અનેક બાબતો મૂંઝવતી હોય છે. અભ્યાસ, શાળાકીય ગૃહકાર્ય, ઈત્તર પ્રવૃત્તિઓના અનેક કાર્યક્રમો, પાઠ્યપુસ્તકો, ઇતર વાંચન, પરીક્ષાઓ, રમત-ગમત, માંદગીના સમયે કે પ્રસંગોપાત શાળામાં ગેરહાજર રહેવાનું થાય ત્યારે તેને કોઈની મદદ કે હૂંફની જરૂર પડતી હોય છે. આવા સમયે તેને એક સારા સાથીદાર મિત્રની આવશ્યકતા રહે છે.

આનાથી થોડુંક આગળ વિચારીએ તો જયારે બાળક ઉંમરલાયક થાય અને તે સમાજ જીવનમાં પ્રવેશે ત્યારે પણ તેને કોઈ સાથી મિત્રની જરૂર રહેતી હોય છે. એમ કહો કે સમગ્ર જીવન દરમિયાન પણ તેને આની ઝંખના રહેતી હોય છે.

કયા કયા સંજોગોમાં તેને સાથી મિત્રની જરૂર રહે છે. તેમાં નીચેની વિગતોનો સમાવેશ ચોક્કસ કરી શકાય.

(૧) પોતાના સુખ-દુખમાં અને અંગત જીવનમાં.
(૨) ઘરના સારા-નરસા પ્રસંગોમાં.
(૩) પરિવારનાં નાનાં-મોટાં કામકાજમાં.
(૪) પોતાના ધંધા-વ્યવસાયમાં.
(૫) ઘરના સભ્યોની નાની મોટી માંદગીમાં.
(૬) પ્રસંગોપાત આર્થિક વ્યવહારમાં.
(૭) ઘરનો કોઈ સભ્ય ગેરમાર્ગે હોય તો તેને સમજાવવામાં.
(૮) કજિયા-કંકાસ કે તકરારનો ઉકેલ લાવવામાં.
(૯) લગ્ન પ્રસંગ.
(૧૦) મરણ પ્રસંગોમાં,

તેને સાથીદારની જરૂર પડે છે. ઉપરના મુદ્દાઓમાં બીજી ઘણી બાબતોનો સમાવેશ કરી શકાય.

સારા મિત્રો હોવા જોઈએ એ વાતને અનુમોદન આપતો સંસ્કૃતનો આ શ્લોક સૌને ખૂબ ઉપયોગી વાત સમજાવે છે જેનો અર્થ થાય છે કે "કોઈના મનોભાવ જાણવાનું કામ સહેલું નથી. કેવળ મિત્રના મનોભાવ તત્કાળ જાણી શકાય છે. એટલે વધારે મિત્રો પ્રાપ્ત થાય તેવો પ્રયત્ન કરવો. કારણ કે મનુષ્ય માટે મિત્રપ્રાપ્તિ ઉત્તમ વસ્તુ ગણાય છે."

**મિત્રો વિશે બેદરકારી રાખતાં મા-બાપો.**

બાળકને સમય જતાં ઘણા મિત્રો હોય છે. પરંતુ એ સૌમાંથી તેને એકાદ-બે સાથીદાર વધુ પસંદ હોય છે. તેની સાથે તે અનેક પ્રકારના વ્યવહારમાં વધુ રહેતો હોય છે. અને અભ્યાસકાળ પૂરો થઈ ગયા પછી પણ તેની સાથેનો સંબંધ જળવાઈ રહેતો હોય છે. પરંતુ ઘણાં મા-બાપ એવા હોય છે કે તેઓ પોતાના પાલ્યના મિત્રો કોણ છે? કેવા છે? તેની આદતો કેવી છે તેની દરકાર રાખતા નથી. પરિણામે ભવિષ્યમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવાનો વખત આવે

છે. અયોગ્ય મિત્ર તેના વિકાસમાં નડતરરૂપ થાય છે. પરિવાર માટે પણ સમસ્યા ઊભી કરી શકે છે. સારી અને ઉજ્જ્વળ કારકિર્દી ધરાવતો વિદ્યાર્થી પણ ક્યારેક ખરાબ સોબતના લીધે અવળે માર્ગે ચડી જતો હોય છે. પોતાના પાલ્યના મિત્રમાં, વ્યવહારમાં ખામી જેવું જણાય તો તેને તરત જ રોકવો જોઈએ. આવાં પગલાં સાવધાનીપૂર્વક વેળાસર લેવાય તો ઘણી અયોગ્ય ઘટનાઓ ટાળી શકાય છે.

ઘરની આસપાસ વાતચીત દરમિયાન મિત્રો સાથે કેવો વ્યવહાર રાખવો જોઈએ તે પણ સરળતાથી સમજાવી શકાય સાદા અને સરળ વ્યવહારમાં નીચેની બાબતોનો સમાવેશ કરી શકાય.

(૧) મિત્રોનો વિશ્વાસ ન તોડવો.
(૨) તેની ગેરહાજરી દરમિયાન વારંવાર તેના ઘેર ન જવું.
(૩) બંને પરિવારની ગુપ્ત વાતો કહેવાનું ટાળવું.
(૪) વાણી-વ્યવહાર અને ચારિત્ર્ય બાબતે શિસ્ત રાખવી.
(૫) સ્વાર્થ અને કોઈપણ પ્રકારના ભેદ વગર સંબંધ રાખવો.
(૬) તેના અવગુણ બાબતે તેના પરિવારનું ધ્યાન દોરવું.
(૭) તેના વિકાસમાં કે મૂંઝવણમાં સહાયરૂપ થવું.

સારા મિત્રો થાય તે માટે શિક્ષણ-ગુરુની ભૂમિકા :

ભારતીય સંસ્કૃતિમાં ગુરુ ઉચ્ચ સ્થાને છે. નીચેની ચોપાઈ આ વાતને વધુ સ્પષ્ટ કરી મહત્ત્વ આપે છે.

"ગુરુ ગોવિંદ દોનોં ખડે કિસકો લાગુ પાય
બલિહારી ગુરુદેવ કી જિસને ગોવિંદ દિયો બતાઈ"

પ્રભુને પામવા માટે પણ ગુરુને અનોખી સાંકળરૂપ કડી માનવામાં આવ્યા છે. આથી ગુરુની ભૂમિકા ભજવતો શિક્ષક બાળવિકાસમાં, વ્યકિતવિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તે વિદ્યાર્થીનો ગુરુ, મિત્ર અને વાલી પણ બની શકે છે. નીચે દર્શાવેલ મુદ્દાઓ દ્વારા તે વિદ્યાર્થીને સારા મિત્રો આપી શકે છે.

(૧) સંવેદનશીલ કે કોયડારૂપ બાળક માટે તે વર્ગખંડમાં અન્ય વિદ્યાર્થી સાથે ચર્ચા કરી તેને ઉપયોગી થાય તેવા વિદ્યાર્થી સાથે દોસ્તી કરાવી શકે.
(૨) શાળાના વાલીદિનના દિવસે તેનાં માતા-પિતા સાથે ચર્ચા કરી તેને સારા મિત્રોનાં નામ આપી તેની સાથે મિત્રતા રાખવાનું સૂચન કરી શકાય.
(૩) ક્યારેક તેના ઘેર મુલાકાત લઈ તેના ઘડતર, ભણતર અને તેના મિત્રો વિશેની નિખાલસ ચર્ચા કરી શકાય આવી મુલાકાત પરિવારના સૌ માટે અસરકારક બની શકે.
(૪) અભ્યાસમાં, ઇતરપ્રવૃત્તિમાં કે પછી અન્ય કામોમાં નબળા પડતા વિદ્યાર્થીને અન્ય સેવાભાવી વિદ્યાર્થીને સહકાર આપવા સમજાવી શકાય.
(૫) વર્ગખંડમાં પણ તે મિત્રની અગત્ય સમજાવી શકે છે.
(૬) મિત્ર એ પરિવારનો ન હોવા છતાં તે ઉત્તમ શુભેચ્છકોની ગરજ સારે છે. તેનું સ્થાન પરિવારના સભ્ય કરતાં જરાય ઉતરતું નથી. આમ તેનું મહત્ત્વ આગળ ધરી શકાય.
(૭) આડા માર્ગે ચડેલાને સીધા માર્ગે લાવવામાં મિત્રોનો પ્રયાસ ખૂબ જરૂરી હોય છે. તેની મદદ અસરકારક સાબિત થઈ શકે.
(૮) સારો મિત્ર સ્વાર્થી કે દગાબાજ હોતો નથી. તે કોઈપણ સમસ્યા કે મડાગાંઠમાં મધ્યસ્થી બની શકે. આ વાતો કરવાથી મિત્રની અગત્ય ઉપસી શકે છે.
(૯) તેમાં માન-પાન કે ઔપચારિકતાને સ્થાન હોતું નથી.
(૧૦) આર્થિક સ્થિતિ, સામાજિક પ્રતિષ્ઠા, હોદ્દા કે અન્ય નાના-મોટા મોભાને સારો મિત્ર સ્થાન આપતો નથી.

તો આવો, આપણાં દીકરા-દીકરીઓને સારા મિત્રો મળી રહે અને તે જીવનભર ટકી રહે તેવા પ્રયત્નો કરીએ.

●---------●●●--------●●●---------●

૭, એપેક્ષ નગર સોસાયટી, પ્રકાશ પેટ્રોલપંપ પાછળ, વિક્રમ મિલ વિસ્તાર, બાપુનગર, અમદાવાદ

## ૦૪. કૃષિ-ગોપાલન અને ગ્રામોત્થાન

### વિજ્ઞાન સાથેની વિશિષ્ટ આવડતની ગૂંથણી – ''ભૂતળમાં પાણી કળણ''

**હીરજી ભીંગરાડિયા**

krushidampati@gmail.com

---

ભૂતળમાં કઈ જગ્યાએ કૂવો કે બોર કરશું તો આપણી મોલાતોને સિંચાઈ માટેનું પાણી મળી આવશે, એ જાણવું ખેડૂતો માટે સહેલું નથી. મોટા ભાગના ખેડૂતોએ વાડીઓમાં 'અહીં પાણી હશે', 'ત્યાં પાણી હશે', 'ત્યાં પાણી હોવું જોઈએ' –માત્ર એવાં અનુમાનોના આધારે જ ઠેક-ઠેકાણે કૂવા કે રિંગ બોર કરીને ધરતીને ત્રોફી નાંખી છે. પરિણામે દેવાના ડુંગર નીચે દબાઈ જવા છતાં પાણીવાળા ન થયાનાં ઝાઝાં ઉદાહરણો આપણા ખેડૂતોમાં મોજૂદ છે.

ક્યો વિસ્તાર યા જગ્યા 'કંઈકેય વધુ પાણીવાળો છે' એવો ખ્યાલ મળવા માત્રથી શૂરાતન ચઢે અને મરણિયા લડવૈયાની ઢબે દુશ્મનોની વચ્ચે ઘેરાયા પછી પણ પરાક્રમ દેખાડી દેવાની મરદાઈ આપણા ખેડૂતોમાં દેખાય તો છે ખરી, એની ના નહીં! પણ તલવાર અંધારામાં વિંઝવાને બદલે પ્રયત્ન જરા હકીકતને લગતા લેવાય તો થાક ઓછો લાગે, એવું મારું કહેવાનું છે, મિત્રો!

વરસાદની આગાહી-એક વિજ્ઞાનઃ રેડિયો કે ટી.વી. સમાચારમાં હવામાન ખાતા તરફથી વિગત અપાય કે 'આવતા ૪૮ કલાકમાં સૌરાષ્ટ્રમાં જોરદાર વરસાદ પડવાની વકી છે.' એટલે કંઈ સોએ સો ટકા સાચું પડતું નથી. હા, હવામાન બંધાય, પણ વરસાદ આવે જ એ નક્કી નહીં. 'આગાહી' એ વરસાદ વરસતાં પહેલાંના વર્ષો જૂના કુદરતમાં બનતા ફેરફારો-ચિહ્નોના અભ્યાસ પરથી કરવામાં આવતું એક 'અનુમાન' છે. 'અનુમાન'માં નિશ્ચિતપણું ભલે નથી, છતાં એ અનુમાનના આધારે ઘટતાં ખેતીકામો શરૂ કરવાં કે અધૂરાંને વહેલાસર આટોપવાના આયોજનો ઘડતાં જ હોઈએ છીએ ને!

બસ! એના જેવું જ 'પાણી કળણ' એ પણ એક અનુમાન છે. ભલે તે ૧૦૦% સાચું ન હોવા છતાં ખેડૂતોને આડેધડ ગમે ત્યાં કૂવો કે બોર કરી, ખોટી રીતે ખરપાઈ મરવાની સરખામણીએ થોડું પણ રાહતવાળું સાબિત થતું હોય છે. આવા કિસ્સાઓમાં ૧૦૦માંથી ૭૫-૮૦ પોઇંટ પાણીવાળા પ્રાપ્ત થતા હોય તો આપણા માટે અપનાવવા યોગ્ય આ કાંઇ નાનીસૂની વાત નથી હો, ભાઈઓ!

ભૂતળનું પાણીઃ પાણી પ્રાપ્તિનું મુખ્ય સ્રોત વરસાદ છે. પર્યાવરણ અને પરિસ્થિતિ મુજબ જે તે સ્થળે ઓછો-વધુ, વધુ-ઓછો વરસાદ વરસે છે, તે પાણી જમીન સપાટી પર રેલાતા પૂર્વે અમુક જથ્થો વૃક્ષો-વનસ્પતિનાં મૂળિયાં દ્વારા, જમીન પર પડેલી તિરાડો કે ફાટો દ્વારા, રાફડાઓ જેવી છિદ્રાળુ જગ્યાઓ દ્વારા નીચે જમીનમાં ઊતરી જાય છે. ઉપરાંત ધરતીકંપ જેવા અકસ્માતોથી તૂટી પડેલી સપાટીઓથી સર્જાયેલાં પથ્થરોનાં પોલાણોમાં ઊતરી જઈ ઊંડાણમાં 'સરવાણી' રૂપે વહેતું હોય છે.

બસ! આ પાણીનો જથ્થો કઈ જગ્યાએ વધુ પ્રમાણમાં હશે, તેનું અનુમાન કરવા જેમ અવકાશી ફેરફારોનાં પરીક્ષણો પરથી 'વરસાદનો વરતારો' નક્કી કરાય છે, તેમ ધરતી પર દેખાતાં કુદરતી અને વિશિષ્ટ પ્રકારના ચિહ્નો ઉપરથી ભૂતળમાં પાણી ક્યાં અને કેટલું ભરાઈ કે વહી રહ્યું છે, તેવાં અનુમાનો વિજ્ઞાનનાં સાધનો અને એના જાણકારો મારફત કરી શકાય છે.

સૌ પહેલાં પ્રાથમિક અનુમાનઃ 'શેઠ શેઠ! નમતું જોખજો!' કહેનાર ગ્રાહકને ક્યાં ખબર છે કે શેઠે વાસણનો 'ધડો' જ નથી કેરેલો! પછી ઈ નમતાનો કંઈ અરથ રહે ખરો? એમ જ ધરતીની ઉપરની સપાટીની પાણીના સંજોગ દેખાડતી પરિસ્થિતિ કેવીક છે, તેવું સ્થળનું પરીક્ષણ કર્યા વિના જ નીચેના તળનું પાણી વિપુલ માત્રામાં મેળવવાની ઉતાવળનો કોઈ અર્થ ખરો?

વરાહમીહિરનું અનુમાનઃ આવું અનુમાન પ્રાચીન ઉજ્જૈનમાં વસતા આચાર્ય વરાહમીહિરે ધરતી પર કુદરતી

રીતે ઊગેલી વનસ્પતિઓ, ઊભેલાં વૃક્ષો, વૃક્ષો પર વસતાં પક્ષીઓ, જમીન પર બાજેલા રાફડા, જમીનમાં વસતા ઝીણા જીવો વગેરે પરના ઝીણવટપૂર્વકના અભ્યાસ પછી પૃથ્વીના પેટાળમાં સંગ્રહાયેલા જળસ્રોતોના આધારભૂત સંકેતો સૂચવતી જે વિગતો મેળવી હતી તે તેમના 'બૃહદ્સંહિતા' નામના ગ્રંથમાં આલેખી છે, જે ભૂતળમાંથી પાણી શોધનારા રસિકો માટે બહુ ઉપયોગી સાબિત થઈ છે. એમાં જમીનનો પ્રકાર, રંગ, દળ, ઢોળાવ અને એ વિસ્તારમાં વરસતા વરસાદનું પ્રમાણ, સ્થળની દરિયાઈ સપાટીથી ઉંચાઈ જેવી અનેક બાબતોનો ખ્યાલ પણ કરાયો છે.

ધરતીના પેટાળમાં પાણી હોવાના-બહારથી દેખાતા કેટલાક સંકેતોઃ (૧) શિયાળાની સ્થિર હવા અને ઠંડી રાત્રિમાં ચોફાળ કે ધાબળો ઓઢ્યા વિના ખુલ્લા ખેતરમાં આંટો મારતાં જે જગ્યાએ પડ 'હુંફાળું' લાગે, જ્યાં થોડો ગરમાવો જણાય તે સ્થળે થોડું વધારે પાણી હોવાનું માની શકાય. (૨) લીમડો, જાંબુડો, કરંજ, વડ, પીપળો, ગુંદી, રાયણ, ખીજડો, ખાખરો કે અરણી જેવાં કુદરતી રીતે ઊગેલાં વૃક્ષોમાં આસપાસની સરખામણીએ વધુ ઘટાવાળા, કૂણપ દેખાડતાં અને તેજસ્વી જણાતાં વૃક્ષોનાં ઝૂંડની જગ્યાએ વધુ પાણી હોવાની શક્યતા ખરી. (૩) જ્યાં ઊધઈના રાફડા, દેડકા, કાચબા કે ઉંદરો જેવી જીવસૃષ્ટિનો વધુ પડતો વસવાટ દેખાય એ સ્થળ પણ પાણી બાબતે સારું ગણાય. પ્રથમ આવું વિશિષ્ટ સંકેતોવાળું સ્થળ શોધી, ત્યાં નીચેના તળમાં ઊંડી તપાસ કરવાથી પાણી હોવાની ખાતરી મજબૂત બને છે.

ભૂગર્ભ જળ કળણની પદ્ધત્તિઓઃ ભૂગર્ભમાં પાણી કેટલુંક છે, તે જોવા-તપાસનાની પદ્ધત્તિઓ ઘણી છે. (૧) હોકાયંત્ર દ્વારા તપાસ (૨) લોહચૂંબક અને ઓળંભા થકી તપાસ (૩) રડારના માધ્યમથી થતી તપાસ (૪) મેગ્નેટૉમિકલોકેટર પદ્ધત્તિ (૫) ધાતુના સળિયા દ્વારા તપાસ (૬) ઇલેક્ટ્રોનિક રેજિસ્ટીવીટી મીટર થકી તપાસ (૭) અન્ય લૌકિક રીત થકી થતી તપાસ.

અનુભવ એ પણ 'વિજ્ઞાન' છેઃ જ્યારે જમીન તપાસવાની પ્રયોગશાળાઓ અસ્તિત્વમાં નહોતી ત્યારે એ કામ 'જીભ' દ્વારા જમીન ચાખીને તેની સ્વાદ પારખવાની વિશિષ્ટ શક્તિ દ્વારા એનું પરીક્ષણ કરી દેનારા માણસો મળી આવતા હતા, જેને 'ભોંયચખા'નું બિરૂદ દેવાતું. અરે! ચોરી કરનારાના 'સગડ' પારખી, સગડ પરથી ચોર શોધી આપનાર વિશિષ્ટ શક્તિવાળાને 'પગી' કહેતા, તેવા જ આ ભોંયચખા ગણાતા.

તેમ આજેય ધરતીના પેટાળમાં પાણી કઈ જગ્યાએ છે તે શોધી આપનાર વિજ્ઞાનની રીતો ઘણી છે, પણ તે વધુ ખર્ચાળ અને વધુ સમય લેનારી હોવાથી એની જગ્યાએ કેટલાક પોતાની આગવી સૂઝ અને હાથવગાં સાધનો દ્વારા ભૂતળમાં સંગ્રહાયેલ પાણીના જથ્થાને વિંધતા નિશાન દેખાડનારા 'પાણીકળા' ગણ્યા-ગાંઠ્યા વિરલાઓ છે, જેનો લાભ ખેડૂત સમાજ સારી પેઠે લઈ રહ્યો છે. તેમની થોડી રીતો જોઇએ.

(૧) 'કહ' અને 'આડવાણ'ના પથ્થરો તપાસીનેઃ લીમડિયા ગામમાં ઘેલાદાદા હતા. મેં એમની પાસે ૧૯૭૨માં કૂવો ક્યાં કરવો એ અંગે તળ તપાસ કરાવેલી. તેમણે વાડીની બાજુમાં નીકળેલી નદીના કિનારે ખુલ્લા થયેલા પથ્થરો, એના કાંકરા અને રંગ તપાસ્યા. પછી ચાર-પાંચ જગ્યાએ ઉપરની માટી પૂરી થાય એટલા ઊંડા ખાડા કરાવ્યા અને એમાં નીચે કેવા કાંકરા કે ટાશ-મોરમ આવે છે તે તપાસ્યા પછી, કઈ જગ્યાએ 'કહ' નીકળેલ છે અને એની બાજુમાં ક્યાંથી 'આડવાણ' શરૂ થાય છે, તેનું સંધિસ્થાન શોધી કૂવો કરવાનો પોઇંટ આપેલો. જેમાં ૧૦૦% સફળતા મળી. આજેય એ કૂવો પાણી બાબતે ખૂબ સારો આધાર છે.

આપણે સૌ જાણીએ છીએ કે 'આડવાણ' એટલે જે પથ્થરોમાં આડા પોલાણવાળા કઠ્ઠણ પથ્થરોના થરો, જેમાં સાંધા આડા હોય, અને એ સાંધા કે પોલાણમાં પાણીની સેરો વહેતી હોય. જ્યારે 'કહ' એ બે આડવાણની વચ્ચે આવતો પોચા પાણાનો પડ વગરના ઊભા સુંઠિયા જેવા પથ્થરોનો બંધ છે. આડવાણમાંથી વહી આવતું પાણી વચ્ચે 'કહ' આવતાં તેને ઓળંગી શકતું નથી. તેથી ત્યાં પાણી અટકી ગયું હોય અને ત્યાં કહના પડખામાં જ આડવાણના પથ્થરોમાં કૂવો કે બોર કરાય તો પાણી થવાની શક્યતા વધુ રહે છે. પણ ઘણા અનુભવ પછી આ પારખી શકાતું હોય છે.

(૨) તાંબાના સળિયાની મદદથીઃ ૨થી ૩મિ.મિ.ની જાડાઈના દોઢ-પોણા બે ફૂટ લાંબા, મુઠ્ઠીમાં હાથાની જેમ પકડી શકાય તેટલી લંબાઈના કાટખુણિયા સળિયા બે હાથમાં એકબીજાની સમાંતર રહે તે રીતે નાભિસ્તરે પકડીને જમીન

પર ધીરે ધીરે ચાલવાનું. જ્યાં નીચે ભૂતળમાં પાણી હોય ત્યાં હાથમાં પકડેલા બન્ને સળિયાના છેડા એકબીજાથી અપાકર્ષિત થઈ વિરૂદ્ધ દિશામાં પહોળા પડી ધીરે ધીરે ૧૮૦ અંશનો ખૂણો બનાવે છે. આ જગ્યા વધુ પાણીવાળી હોવાની શક્યતા છે. ડૉ. અનિલ ગુપ્તાના કહેવા મુજબ કોઈપણ પરમાણુ તત્ત્વમાં ધનભાર અને ઋણભાર હોય છે. જ્યારે પાણી એ ઓક્સિજન અને હાઈડ્રોજનનું સંયોજન હોવાથી જેમાં ફક્ત પરમાણુ ધન વીજભાર હોય છે. એટલે બન્ને સળિયામાં અપાકર્ષણની એક સરખી અસર ઊપજતી હોવાથી બન્ને એકબીજાથી દૂર જાય છે. જે વધુ પાણી હોવાનો અણસાર આપે છે. આ પદ્ધતિ સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. ૮૦-૮૫% અનુમાન સાચું પડતું હોય છે. માલપરામાં બાબુભાઈ જાદવાણી, કરમશીભાઈ સવાણી, દાસભાઈ રામાનુજ આ પદ્ધતિથી ભૂતળમાં ભરાઈ રહેલ પાણીને શોધવા સફળ રહે છે. જ્યારે ઘણાબધાની જેમ મારા હાથમાં આ સળિયા જરાયે અપાકર્ષણ દેખાડતા નથી, આય એક કોયડો જ ગણાય ને મિત્રો!

(૩) વાયચરૂ આકારની લીલી ડાળી દ્વારાઃ ટચલી આંગળી જેવી જાડાઈનું એકાદ ફૂટ લાંબુ, બે ડાળીઓવાળું બેલાખું લઈ, તેના બે છેડા બે હાથની મુઠ્ઠીમાં પકડી છાતી સમાંતરે એકલિયો છેડો આગળ રાખી જમીન પર ચાલતાં જ્યાં પાણી હોય ત્યાં બેલાખું નીચું નમે છે. ચારે બાજુ તપાસતાં જ્યાં કેંદ્ર બિંદુ નક્કી થાય તેને દાર-બોર માટે યોગ્ય પોઇંટ ગણવામાં આવે છે.

(૪) ધાતુના એક સળિયાની મદદથીઃ મહેતા ખંભાળિયાના ગાંગજીભાઈ કાપડિયાને પાણી-પોઇંટ શોધતાં જેમણે નિહાળ્યા હોય એમને ખબર હશે કે પોતાના ડાબા હાથમાં બે ફૂટનો એક આઠ આની લોખંડનો 'L' એલ આકારનો સળિયો ટીંગાડી હાલ્યા જતા હોય છે. અને સળિયો આગળ-પાછળ હલતો હોય, પણ જ્યાં નીચે પાણી હોય એવું સ્થળ આવતાં સળિયો મુઠ્ઠી ફરતો ગોળગોળ રાઉંડ ફરવા માંડે છે. બસ! અહીં જ ગાંગજીભાઈ કૂવો કે દાર કરવાનું ચિંધતા હોય છે. મેં ૧૯૮૮માં તેમની પાસે પોઇંટ જોવરાવી દાર કરાવેલ છે. જે સારું કામ આપે છે. તેમણે કેટલીય સામાજિક સંસ્થાઓને દુશ્કાળોમાં વિનામૂલ્યે પાણીના પોઇંટ દેખાડી પાણીખેંચ હળવી કરાવી છે. જો કે આવી પદ્ધત્તિઓથી ભૂતળમાં 'પાણીનો જથ્થો છે' એવો અંદાજ કરી શકાય છે. પરંતુ તે વહેતિયાણ છે કે બંધિયાર, તેમ જ કેટલી ઊંડાઈએ છે તેનો ચોક્કસ અંદાજ આવતો નથી.

(૫) ઇલેક્ટ્રોનિક રેજિસ્ટીવીટી મીટર થકીઃ ભૂતળનું પાણી તપાસવાની આ પદ્ધત્તિમાં જમીન પર મીટરને જે કેબલ જોડાયેલ હોય તેમાંથી ૯૦ વોલ્ટની સૂકી બેટરીથી જમીનમાં કરંટ પસાર કરવામાં આવે અને બીજે છેડે કરંટ પહોંચતાં કેટલી વાર લાગે છે, અને વચ્ચે ક્યા ક્યા અવરોધો ઝિલાય છે તેનો અભ્યાસ કરી પાણી ક્યાં કેટલું છે તેનો અભ્યાસ કરાય છે. પદ્ધતિ સંપૂર્ણ વૈજ્ઞાનિક હોવા છતાં એની મોટી મર્યાદા છે કે તેમાં ઘડીકમાં નિર્ણય આપી શકાતો નથી. વળી પોઇંટથી ૩૦૦ મીટર ખુલ્લી જમીન જોઈએ. ખર્ચાળ પણ ઘણી અને વાપરવાની રીત પણ ઘણી જટિલ એટલે તાલીમી માણસ વિના ચાલે નહીં. આણંદવાળા રતિભાઈ સુદાણી અગાઉથી સમય લીધો હોય તો આ પદ્ધત્તિથી પાણીવાળો પોઇંટ શોધી આપે છે.

જો કે આ પદ્ધત્તિ સિવાય પણ લીલા-સૂકા છાલા ઉખાડેલ નાળિયેરને હથેળીઓ પર ઘુમાવીને, પાટલા પર શ્રીફળ ઘુમાવીને, પાટલા પર શ્રીફળ દોડાવીને, તો કોઈ વળી ઘેર બેઠા વાડીનો નકશો દોરી તળનું પાણી શોધી આપવાનું કહી ખેડૂતોને ભરમાવનારી રીતો નીકળી પડી છે. આવી પદ્ધતિઓના આધારે કૂવાનો ખોપ ખોદવાની ઉતાવળ હું તો ન જ કરું. જેમાં વિજ્ઞાન ભેર ન કરતું હોય તેવી બાબતમાં આપણે પડાય નહીં. એનાથી બચવું. હા, અનુભવીઓના અનુભવનો લાભ જરૂર લેવાય, પણ પાણી તો સાત ગળણે ગાળીને જ પીવાય .

મેં શાંતુ કે. દેસાઈના લખાણમાં વાંચ્યું છે કે જેઓ 'ડાબોડી' હોય અથવા જન્મતી વખતે માના ગર્ભમાંથી પગેથી જન્મેલા હોય એમનામાં એક વિશિષ્ટ આભા હોય છે. એમના હાથે મેગ્નેટિક સિસ્ટમનાં સાધનોનો ઉપયોગ વધુ સચોટ જણાતો હોય છે. આંતરખોજ કરજો. જે કોઈ આવી આભાવાળા હોય તે ભૂતળનું પાણી શોધવાનું શીખી જાય તો સૌરાષ્ટ્રની 'નપાણિયા' ખેતીને 'પાણીદાર' બનવાનું ભાગ્ય ખુલી જાય!

પંચવટી બાગ, માલપરા, જિ.બોટાદ
મો. ૯૩૨૭૫ ૭૨૨૯૭

## ગીરની વાતો – ૩

**દિક્પાલસિંહજી જાડેજા**
dikpal.28@gmail.com

---

'...અરે બાપ, આ ગર્ય મેલી બવ સે અને પાસી ઊઝમાળીએ એવી કે ચોંસઠેય જોગણિયું એના પટમાં ગરબે ઘમકારો રમવા હેઠી ઊતરે હો; અન્ તમારા ભાયગ જો પાધરા હોય તો એના ચરિતરના તમને દરશણેય દે. પણ જો તમે એને હાચના પેટના(સાચના પેટના) થઈને ના હમઝોને; તો તો તમને ઈ ઝાડ-પાંદનું ખાલી તપખીરિયું ચિતર માતર લાગે. આ ઈ ગર્ય, ઉનાળે ગાભણીનું પેટ હૂકાય ગ્યું હોય એવી રાંક અબળા થઈ ગઈ હોય ને ચોમાહે પાસી જાણે કોઈ કુંવારકા લૂગડે આવી હોય એવી ઝગારાં મારતી હોય અને કેં..ક લીલી-પીળી કળાયું કરતી હોય હો બાપા. આ ઈ ગર્યને કળવી એ આપણાં જેવાં ગામ-શેરમાં રહેનારાં બે પગાળાનું ગજું નથ્ય, દીકરા! એને તો ઈ વંનના પહુડા ને તરાડું નાખતા કેહરિયા જ ઓળખી હક્યા સે હો, બાકી તો બધીય વાત્યું. ઈને તમારે જો હેત કરવું હોય તો તો ઈ વંનનું ઝાડવું જ થાવું પડે હો! ફેં ફટાતી હોય ઈનું ઈ ગર્યમાં કામ નથ્ય. ગર્યની માથે શંકા કરે એને ઈ વંનના ઝાડવા ને જનાવર દીઠાં મેલતાં નથ્ય. બટા, આમ તો મારું પિર(પિયર) આ પાઘડીપને પડ્યું ઈ પડખેનું બેકડી ગામ. પણ વેલા વખતનું, મારા બાપનું ઠેકાણું તો ગર્યના ઑલ્યા તુલશીશ્યામ પાંહેનો એક નેહડો. પરણીને હું આ ગામની વહુ થઈને, દીકરા એ પહેલાં તો હું ઈ લીલુડી ગર્યની દીકરી હતી હો. આ બેકડી તો મારું અમથું, ખાલી કેવાનું પિર. પણ મારું હાચું ઠેકાણું તો ગર્ય જ. લ્યો તંયે, હવે હખેથી વાળુ કરો હો બાપા. મેહુર, ભાઈને દૂધનું છાલિયું ભરી દે; ને બટા શાકમાં ઘીની ધારલીંટી કરો અટલે ઈની તીખાશ્ય મીઠી થાય. જમો બાપા જમો, ખાધા જેવડા સો.'

થોડાં દિવસો પહેલાં બાબરાથી એક સેમિનાર પૂર્ણ કરી હું ને મારો ભેરુ બનેસંગ મારું લાડકું જાવા બાઈક લઈને મોડી સાંજે ટાણા પહોંચેલા. બાબરાથી વાયા ભૂરખિયા, ગારિયાધાર ને પાલીતાણા થઈને આવ્યું ટાણું. અમને હતું કે આડબીડ પડશું તે જલદી ટાણા પહોંચી જઈશું પણ રસ્તો એવો તો રાક્ષસની દાઢી જેવો છોલાઈ ગયેલો તે બાઈકની સીટ પર ઠોંહા ખાતાં ખાતાં પછવાડે ભાંઠાં પડી ગયાં. માંડ આવ્યું ટાણા. પણ આ ટાણા અમારું જૂનું ઠેકાણું. રાતનું વાળું ત્યાં જ કરવું છે એવું મેં ને બનેસંગે બાબરાથી નીકળતાં જ નક્કી કરી લીધેલું. ટાણા એ મારા સહપાઠી ભાઈબંધ મેહુર ઉલવાનું ગામ. આ મરદના હેતાળ હેત વિશે મેં આ પહેલાંની મારી 'ગીરની વાતો'માં લખ્યું જ છે. મેહુર ટાણા પડખેના એક ગામમાં શિક્ષક છે પણ જીવ રખડુંનો ને હૈયું મીણનું એટલે પહેલેથી મારે ને એને છોકરાઓના ખિસ્સામાં ખખડતી કાચની લખોટીઓ જેવો સંબંધ. ગૂંજામાંથી છોકરો એક લખોટીને બહાર કાઢે તો પાછળ-પાછળ બીજીને કાઢવી જ પડે એવી રણકતી અમારી ભાઈબંધી. અમે બેય પાછા ગેબની જૂની વાતુંના રહુડિયા એટલે અમારે એમ બને સારું. આ મેહુરની મા વીજુમાના હાથનો ઘડેલો રોટલો ખાવા હું આ પહેલાં ઘણી વાર ક-ટાણે પણ ટાણા પહોંચ્યો છું. વીજુમા એટલે હેતનો દરિયો. પડખે બેસાડીને તાણ્યું કરતાં-કરતાં, આગ્રહ કરી-કરીને તમને જમાડે. પાછાં માણા વ'લા બહુ, એટલે એમની ખોઈમાં વાત્યુંના કેંક ભંડાર પડ્યા હોય તે હું પહેલેથી જાણું. ગીરની હૈયે ચોંટેલી વાતો સાંભળીને હું

પોરસાયો. દૂધનો સબડકો ભરીને મેં વીજુમાના પિયર એવાં એ ગીરની વાતોની શગ ચડાવી : 'આઈ, તમે રોટલો ખવારીને પેટ તો ભર્યું પણ તમારા પિરની કાંક વાત કરો તો હવે ઈ પેટ ટાઢુંય થાય'.

વીજુમા મલકાણા. મારી દાનત પારખી ગયાં હોય એમ મારી થાળીમાં ગોળનો દડબો દેડવતાં કહે : 'બેકડી કે ગર્ય!??'

હુંય એમના દીકરાનો ભાઈબંધ, તે હાજર જવાબ ધરી દીધો : 'તમારું પિર જો બેકડી હોય તો બેકડીની વાત કરો; ને ગીરનો નેહડો હોય તો એની વાત માંડો.'

વીજુમાને અચાનક કંઈક 'દેખાઈ' ગયું હોય એમ ઓરડાના મોભ તરફ માથું ઊંચું કરીને બોલ્યાઃ 'ગર્યનું મેલું ને ગર્યનો ધખારો તમને નો હમજાય બટા. તમને તો ઈ બધાં ગપ લાગે. પણ ગર્યના ચરિતર ભારે બવ. હું નાની હતી તંયની આ વાત સે. આ બેકડીમાં મારા આતાએ ડેરા-તંબુ નાયખા ઈ પેલાની આ વાત સે હો. તુલશીશ્યામની પડખોપડખ અમારો નેહડો. અટાણે મને એશીંક વરહ તો થ્યા હશી. પણ આ વાત બની તંયે મારી ઉંમર માંડ બારેક વરહની હોય તો ના નંઈ. અમારું આખું કટંબ(કુટુંબ) ગર્યના લીલાં ઝાડવાં ને જનાવર હારે મોટું થ્યેલું એટલે ગર્યનો ગાભ ઓળખતાં અમને આવડે. મારા આતા ને મારા કાકા પાંહે ઢોરાં ઘણાં. દહક બાખડિયું ને વીહેક કૂંઢી ભેંહ એમ મળીને અમારો માલધારીનો વસ્તાર ઈ ટાણે ગર્યના પટને છૂટેપેટ ધાવે હો, બાપા. બધી વાતે હખ હતું. તંયે તો દૂઝાણાં અભરે ભરાતાં'તાં. કાળિયા ઠાકરના બેય હાથ અમારી માથે હતાં. અમારાં નેહડામાં ગણીને બારેક ખોરડાં હશે. બધો જાયુંભાયુંનો જ વસ્તાર. એક બાપનો વેલો. વનમાં પ્રાગડ થાય ને અમારાં માલધારિયુંના દિ' ગાભણા થાય. દન આખો વનમાં ડોબા ચરાવવાના ને રાત આખી તારોડિયાની ભાત્યું નીરખ્યાં સિવાયના બીજા કોઈ ધંધા જ ન'તા, તે'દુની આ વાત સે. મારા કાકાનો દીકરો-ભાઈ અજો, મારાથી આઠેક વરહ મોટો હચ્શે. જુવાન જ કે'વાયને બાપા. મારા કાકાનો એકનો એક કંધોતર. પણ શી વાત બની કે કોણ જાણે પણ ગર્યનું મેલું અજોભાઈને આંટો લઈ ગ્યું.'

મને વીજુમા આ શું વાત કરે છે એ ગતાગમ ન પડી એટલે મેં જમતાં જમતાં જ મારા દોસ્ત મેહુર સામે નજર માંડી. મેહુર મારી મૂંઝવણને પામી ગયો એટલે તરત જ વીજુમાને કહે : 'માડી, ઈ મેલા-ફેલાની વાત હાચી ન હોય. તમારા ગલઢા'વના ખાલી વેમ(વહેમ) હોય. કાંક બીજી હારી વાત કરો. મેમાન ભાણા માથે બેઠાં છે ને આ વાત કરશો તો પાછાં બી જાહે.'

વીજુમા કહે : 'એમાં બીવરાવવાની ને બીવાની ક્યાં વાત સે? આ તો જે હતું ઈ વાત નીકરી, ને મેં માંડી બાપા. હારુ તંયે ભાઈ, મેં તો પેલાઝ કીધું'તું કે ગર્યને માથે શંકા કરે એને ઈ વંનના ઝાડવાં ને જનાવર દીઠાં મેલતાં નથ્ય.'

વીજુમાની વાતો સાંભળીને ભાઈ બનેસંગ થોથરાતો બોલ્યો : 'મા, આમાં અમે કોઈએ શંકા નથી કરી. પણ અમે તો અટાણ લગી ગીરની બધી મોટીમોટી ને સારીસારી વાતો જ સાંભળી છે. આ ગીરના મેલાની ને ગીરના ચરિતરની વાત તો અમે ક્યાંય વાંચીય નથી ને ક્યાંય સાંભળી પણ નથી.'

પોતાની આંખમાં કંઈક કસ્તર પડ્યું હશે તે કાઢતાં-કાઢતાં જ વીજુમા બોલ્યા : 'ગર્યના અક્શર ને આંક તમારી ચોપડિયુંથી નંઈ ઊકેલાઈ બટા. એના ચરિતર તો વા હારે જ વાતુ માંડે બાપા.'

મને લાગ્યું કે વીજુમા આ વાત ચોરી જાશે તો અમારે પાટ-ઉઠામણાં જેવું થાશે. માંડ ચોપાટ પથરાણી'તી એટલે હું તરત જ બોલ્યો : 'અરે માડી, અમે ગર્ય માથે શંકા નથી કરતા હો; પણ તમે કાંક ચોખ કરીને વાત કરોને. આ તમે તમારા કાકાનો દીકરો-ભાઈ, અજો ભાઈને ગીરનું મેલું આંટો

લઈ ગ્યેલું એવું કાંક કહેતા હતાં તે એ ચોખ પાડીને; માંડીને વાત કરો માડી.'

પછી તો અમે જમી પરવારેલા તે થાળીમાં જ ચળુ કરી લીધું અને વીજુમાની વાતો સાંભળવા અમારાં આસનિયે જ બેઠાં રહ્યાં. મેહુરે અમને સૂડીથી કાતરીને શેકેલી સોપારી ધરી. બહાર ઓસરીમાં મેહુરનાં ટાબરિયાંઓ ટી.વી. પર 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' જોતાં હતાં એટલે 'ટપુ કે પાપા...'નો થોડી થોડી વારે કર્કશ અવાજ આવતો હતો. મેહુરે વાતમાં ભંગાણ ના પડે એટલે સમો વરતીને ઓરડાના બારણાં વાસી દીધાં અને એ ટી.વી.નો અવાજ બહાર અટકી પડ્યો. પછી તો વીજુમાએ અમારી પાસે બેઠાં બેઠાં જ ભોં-માંથી ચકલા દાણા વીણે એમ ભૂતકાળની ભોંય ખોતરી ખોતરીને આજથી સિત્તેરેક વરસ પહેલાંની ગીરના એક ચરિતર વિશેની વાતો વેરવા માંડી ને હું એ ચણ ચણવા માંડ્યો. નમણાશ ને રૂપ જેના ઢાંક્યા ઢંકાતા નથી એવા વીજુમા મર્માળુ ઓચર્યાઃ

'બટા, મારા કાકાનો દીકરો અજોભાઈ વા હારે બાઝવા ઊઠે એવો ભડભાદર હતો. ગર્યના એકોએક ડુંગર ને નદિયું ને જન-જનાવર એના પડખામાં પરણીને બેઠાં સે એમ જ મારાં આતા તો કે'તા હો. અજોભાઈ પાસો રૂપરૂપનો અંબાર. અપસરાયુંનેય પરણવાનું મન થાય એવો. એમાં એક ફેરાં થ્યું એવું કે એક દિ, દિ'આથમ્યા કેડે નેહડામાં માણાના બોલાશ વધી પડ્યા. હું ને મારી મા ઝોકમાં બોતડ ભેંહ વીંયાતી'તી, તે ઈની પડખે હથવારે ઊભા'તા. નેહડાના પટમાં માણા ટોળું વળીને ઊભા'તા ઈ અમને ઝોકની માલીકોરથી આછું-પાતળું કળાય. આની કોર બોતડને પાડી આવી ને એણી પા ગોકીરો વધતો હાલ્યો. ટોળાના કકળાટમાંથી એક અવાજ ઊંચા હાદે વારેવારે આવતો'તો - 'એ ઈ મુંને ભરખી જાહે... એ ઈ મુંને ભરખી જાહે...' હાદ ઓળખીને મારા માડી તરત ચમક્યા ને મને વાંહામાં ધબો મારીને કે' કે - 'અલી વાલામુઈ, આમ ઊભી ઊભી ઝાડવું કાં થઈ ગઈ સો?? જા ઝટ... હડી કાચ્ઢ. આ તો તારો અજોભાઈ જ રીડિયું નાંખતો લાગેસ.' પસી તો હું હડી કાઢીને પુગી ટોળા પાંહે. જઈને જોયું તો હાચોહાચ મારો અજોભાઈ જ લવારો કરતો પડ્યો સે. બે જણા ઈના ફાળિયાથી ઘણીય વાહર નાંખે પણ અજોભાઈના ડોળા ફરી ગ્યેલા. પાંપણું જાણે નેણ ને ગાલ હારે હીરના દોરાથી સીવી લીધી હોય ઈમ ઈની આંખ્યું ફાટી રઈ'તી, હો. બધા'ય પૂસે - 'અલ્યા અજા, પણ થ્યું હું ઈ તો કે!!?? અલ્યા એય અજા...' પણ, અજોભાઈ તો બીજું કાંઈ બોલવાને ઠેકાણે એક જ વાતનું વેણ ફોડે : 'એ ઈ મુંને ભરખી જાહે... હવે મુંને કોઈ બચાવી નંઈ હકે... ઈવડા ઈ મુને ભરખી જાહે. એ ઈવડા ઈ મારી વાંહે પડ્યા સે રે...' અજોભાઈ તો પરસેવે રબોઝબો(રેબઝેબ) થઈ ગ્યેલો, હો.

વીજુમાની આ વાતનો થડકારો જ એવો હતો તે મારાથી ઉતાવળે વચ્ચે બોલાઈ ગયું : 'હા તે મા, કોણ અજોભાઈની વાંહે પડ્યું'તું હેં??'

'બટા, આ તેં પૂછ્યું ને એવું જ યાં ઊભેલા હંધાય અજોભાઈને પૂસતા'તા હો.' પણ અજોભાઈ તો એટલો બધો હેબતાઈ ગ્યેલો તે યાં ને યાં સૂનમુન થઈને હૂઈ ગ્યો. નેહડાના આદમી બધાં ઈને ઝોળીમાં તેડીને અમારાં ખોરડે મૂકી ગ્યાં. પસી તો અંધારું ઊતરી ગ્યેલું ને રાત ઘેરાણી એટલે આખાય નેહડાએ વાળુપાણી કરીને નળિયાના દીવા રામ કર્યાં. હવે ઈ વખતે મારા ઉવા મા જીવતા. (નોંધઃ હજી પણ કાઠિયાવાડના અમુક ગામડાઓમાં કુટુંબના સૌથી વૃદ્ધ સ્ત્રીને માનાર્થે 'ઉવા' કહેવાનો ચાલ છે. ઘણે ઠેકાણે સાસુ કે મોટી માને પણ 'ઉવા' કહેવાનો ચાલ છે.) અજોભાઈની છાતીએ હાથ રાખીને ઉવા મા કે' કે,- 'અજાને વંનનું ચરિતર આંટો લઈ ગ્યું લાગે સે. તો જ આમ લવારે ચડે. નકી ઈનો ભેટો ઓલી મીંદડિયું હારે થ્યો હશે.'

'દીકરાવ, મને તો કાંઈ હમજાય નંઈ હો કે ઉવા-મા આ હું કે સે ને હું નંઈ? ઈ વખતે તો હું આ મેહુરની છોડીથી થોડીક જ મોટી હઈશ. અન્ પસી તો ઈ રાતે મારા આતા ને મારા કાકા નેહડાના બીજા આદમીન હારે માલઢોર લઈને પહોર ચારવા વંનમાં વઈ ગ્યાં. વાંહે હું, મારી મા, ઉવા ને અજોભાઈ એટલાં નેહડે. ઉવાએ અજોભાઈને ઓરડાની બારો પડથારમાં ખાટલો ઢાળીને હુવાડ્યો ને અરધી રાત લગણ ઈની છાતીએ હાથ રાખીને બેઠાં. ને મારા બા ને હું અંદર ઓયડે પેઠાં. પસી તો ઠાકર જાણે પણ ઉવાની આંખમાં નીંદર ઘેરાણી હશે તે એય અમારી પાંહે અંદર હૂવા આવી ગ્યાં. ઓયડાનું બાયણું મારી માએ એમ અધખુલ્લું રાખેલું કે અજોભાઈનો પંડ ઓયડાની માલિપાથી કળાય. મારી મા ને ઉવામા તો ઘડીવારમાં નાકોરાં બોલાવે પણ મને નીંદર શેની આવે? ઑલી કોને કે અજોભાઈને આમ આવી દશામાં જોઈને ઝબકાઈ ગ્યેલી. હૂતા-હૂતા જ ઘડી ઘડીમાં અવળી ફરીને અજોભાઈને જોઈ લઉં. અંજવાળિયું હતું એટલે ઓયડાની માલીકૉરથી વંન આખ્ખું તારોડિયા ને ચંદરના અંજવાળે તબક્યા કરે. ઘડીકવારમાં તો નેહડો ને વંન એમ હંધાય નીંદરે ઘેરાણા. અજોભાઈ હજીય બહાર ખાટલામાં સૂનમૂન પડ્યો પડ્યો ફાટી આંખે અંકાશી ગેબને જોયા કરતો'તો. ત્યાં બરાબર અમારાં ઘરની ફરતે માથોડું એક ઊંચી કાંટાળી વાડ્ય પાંહે કાંક ખખડાટ થ્યો. બધાં હૂતા'તા પણ હું જાગતી પડી'તી એટલે અવાજ શેનો છે એ કળવા મેં બારણાની બારી નજર કરી.

પડથારમાં નજર માંડીને જોઉં તો અજોભાઈનો ખાટલો પડ્યો સે પણ ખાટલામાં અજોભાઈ નથ્ય. મું તો હડપ કરતીકને બારણાના ઉંબરે ઊભી રઈ ગઈ. જ્યાં જોઉં સુ તો ફળિયામાં ઝાંપલી પાંહે અજોભાઈ ચત્તોપાટ પડ્યો સે. પણ આમ જો, છોકરાવ...! એ રાતે મેં જે ચરિતર જોયુંને એ અદ્લોઅદ્લ આજેય મને યાદ સે હો. એક ભરખજોગણી જેવી સિંહણ ને કાળનો કળેળતો હાવજ અજોભાઈના ચત્તોપાટ પડેલા પંડ્ય માથે ચારેપગે ઊભા રહી ગ્યાં'સે. બેમાંથી એકેય નથી ડણકતાં કે નથી શ્વાસ લેતાં. ખાલી ઈ બેયનો ઝીણો ઝીણો ધરતી ધણેણતી હોય એવો ઘુરકટો હંભળાયા કરે. આ બધું જોઈને હું તો એવી હેબતાઈ, એવી હેબતાઈ ગ્યેલી કે કોઈને હાદ પાડીને જગાડીએ ના હકું. આ પેલા મેં હાવજ તો ઘણાં જોયેલા, પણ આ કાંક જૂદું હતું. આવડી આ સિંહણ અજોભાઈનું પેરણ મોઢામાં લઈને અજોભાઈને ધૂળમાં ઢહડે સે ને ઓલ્યો ઝટાળો અજોભાઈના મોઢા'ગળ મોઢું નાખીને થૂંક ઉડાડતો હાલ્યો જાય સે. મારો અજોભાઈ આમ પોતાની આંખે બધું જોવે હો. પણ એય મારી જેમ કાંઈ બોલી ના હકે. બેલડને એક જ કામ કરવું'તું કે અજોભાઈને ઢહડીને જીવતો જીવ વંનમાં લઈ જાવો'તો. થોડીક વાર આમ હાલ્યું હશે. પસી મારામાં કાંક કળ આવી તે મેં પડથારમાં ખાંડણિયા પાંહે મસાલિયો પાણો પડ્યો'તો તે ઈ લઈને રમરમતો સૂટો ઘા કર્યો ને સિંહણના કપાળમાં ઈ પાણો ઠેરાણો. સિંહ ને સિંહણ બેય અજોભાઈને મૂક પડતાં ને વંન ગજવતી તરાડું નાંખવા લાયગા. એવાં હૂંકે, એવાં હૂંકે કે વંનના પહુડા ને પંખીડાં બધાં ફફડીને જાગી ગ્યાં. મારી મા ને ઉવામા પણ પોતાના ઓઢણા હાચવતા ઊઠ્યા. પણ આ બેય તો તરાડું નાખવાનું બંધ જ ન કરે. કાનમાં ધાક પડી જાય એવું ઈ તો ધણેણતા'તા હો. રીતસરના બોકાહા બોલાવે. જાણે ઈ બેયને કાંક કેવું'તું. નંઈ નંઈ તો ઈ બેલડે અરધોક કલાક આમ આખ્ખુંય વંન ગજવી નાયખું. નેહડો આખો હબક ખાઈને જાગી ગ્યો તંયે ઈ બેય અજોભાઈની છાતી માથે થઈને વંન થઈ ગ્યાં.'

વીજુમાની આ વાતો સાંભળીને અમારો સમય જાણે થંભી ગયો હોય એમ લાગતું હતું. એ બેલડની, એ સિંહદંપતીની ડણકું આજે સિતેર વરસ પછીય મારા કાનમાં બોકાહા ને પડઘાઓ પાડે છે એવું જ મને લાગતું હતું. અમારી

આસપાસ એક ઘૂંટાતો સન્નાટો છવાઈ ગયો હતો ત્યાં જ એ સન્નાટાને ચીરતો મેહુરનો અવાજ મારા કાને પડ્યો : 'માડી, મારો અજોમામો તો દેવ થઈ ગ્યાને કાં?

'હા બટા, ઈ રાત પસી મારા અજોભાઈનો દેહ જાણે રીતસરનો ઓલવાઈ ગ્યો. નેહડાની બારું તો ઠીક પણ ઘરની બારા નીકળવાની'ય ના પાડ્યા કરે. સૂનમૂન બેઠો રે. ખાવાનું આપીં તો ખાય ને પાવળુંક પાણી પીવે, બસ. અને આખો દંન એક જ વાતનો લવારો કર્યા કરે – 'ઈવડા ઈ મને નહીં મૂકે... ઈવડા ઈ મને ભરખી જાહે... ઈવડા ઈ બેય મને તાણી જાહે... ઈવડા ઈ ભરખજોગણાં મુને તાણી જાહે...' મારો અજોભાઈ આમ એક વરહમાં તો હતો ન'તો થઈ ગ્યો હો. નેહડાના જણ બધાં ઈને ઢોર ચરાવવા હારે લઈ જવા ઘણું મથી મથીને થાક્યા પણ અજોભાઈ મોત ભાળી ગ્યેલો. નૂર બધું હવામાં ઓગળી ગ્યું હોય એવી જીવતી લાશ જેવો થઈ ગ્યેલો. ન માલઢોર ચરાવવા વંનમાં જાય ને ન મોઢાંમાંથી બીજું કોઈ વેણ કાઢે. નંઈ નંઈ તો એક વરહ લગણ અજોભાઈ આમ લવારો કરી કરીને અરધો થઈ ગ્યો. ઘરનાએ ઘણાં દોરા-ધાગા કર્યા. બાવા-જતિનેય તેડાવ્યાં. બધાં એક જ વાતનું વેણ મૂકે: 'ગર્યનું મેલું સે. ઈય વિજોગ્યા બેલડ. અજાને તુલસીશ્યામ ઠાકર મંદિરે પગે લગાડ્યાવજો. હરખું થાવાનું હય્શે તો આજની રાત ને કાલનો દિ નહીં થાય. વળતી પૂનમે નેહડાના બધાં આદમીન તુલશીશ્યામ હાલીને પગે લાગવા જાતાં'તા તે ઉવામા કે' કે અજાનેય હારે લેતા જાવ. અજોભાઈ હા-ના, હા-ના કરતા માંડ તૈયાર થ્યો. મારી માએ ઠાકર મંદિરે ધરાવવા, અજોભાઈના હાથમાં દૂધ-હાકરનો પડિયો દીધાં ને કંકુ-ચાંદલો ચોડ્યાં. તે દિ ઈણે નવાં લૂગડાં પહેરેલાં હો. આ તે દિ, મારો અજોભાઈ કાંક માણાના નૂરમાં લાગતો'તો; જાણે પરણવા જાતો હોય એવો કલૈયાકુંવર જ જોઈ લોને. નંઈ નંઈ તો દહક આદમીન હારે અજોભાઈ તુલશીશ્યામના મારગે સીધાવ્યો ત્યાં લગણ હું એને જોઈ રે'લી એ આજેય મને યાદ સે હો, બટા. અમને હતું કે ઠાકરના દરશન થાહે અટલે અજોભાઈમાં જીવ આવી જાહે. પણ તે દિ હાંજે દિ આથમવા ટાણે વાવડ આવ્યા કે તુલશીશ્યામથી વળતાં, નદીના શેલા પાંહે ઓલા વિજોગ્યા બેલડ બધાંની આંખ હામે જ અજોભાઈને વંનમાં તાણી ગ્યા. જણ બધાં હારે હતાં તો'ય ઈવડા ઈ ટોળા હામે થઈને અજાને લઈ ગ્યાં. બધાંએ અજોભાઈની ઘણી ગોત્ય કરી પણ અજોભાઈનો કોઈ અતો-પતો તે દિ જડ્યો નંઈ. બીજે દિ નેહડાની આથમણી પા એક વડના ઝાડ હેઠળ અજોભાઈનો દેહ પડેલો મળ્યો. વાત તો એ જોવાની કે ઈવડાં ઈ બેલડે અજોભાઈના દેયને એક નાનો નૉર પણ નો'તો ભરાવ્યો. ખાલી આંખ્યું પેલાની જેમ ફાટી રેયલી ને અજાએ જીવ મૂકી દીધેલો. આ ઈ વિજોગ્યા બેલડ એ પછી એટલા પંથકમાં કોઈએ દેખ્યા નથ્ય હો. મારા અજોભાઈ હારે ઈવડા ઈ બેયને હું વેર થઈ ગ્યું હશે એ તો મારો રામ જાણે. પણ બરાબર અજોભાઈના બારમાને દિ' મારા ઉવાએ પણ દેહ છોડ્યો. છેલ્લે દિ'એ અમને કેતાં'તા – વંનનો મલાજો પાળવો. ઝાડવાની માથેય શંક્યા ના કરતા. આંયા ગર્યમાં નાના જીવને પણ એની ગત્ય(ગતિ) ને એની મત્ય(મતિ) સે.'

આ લ્યો, તંયે દીકરાવ મારાં, આવી આ મારા અજોભાઈ ને મારા ઈ પિરની વાત્યું. તમે હમજો તો તમારી ને ના હમઝો તો અમારી તો સે જ.'

બસ, પછી તો એ રાતે હું ને ભાઈ બનેસંગ ટાણાથી ગીરની આ ન સમજાય કે ન જેના તાણાવાણા પકડાય એવી એ વાત લઈને નીકળી ગયાં. ને આજે એ તમારી સહુ સાથે વહેંચી બસ.

## ૦૫. અભિવ્યક્તિ

**દરિયો તોફાન કરે રોજ... ( બાળગીત)**

**કિરીટ ગોસ્વામી**

kiritgoswami34@gmail.com

---

મમ્મી, આ દરિયો તોફાન કરે રોજ..!
તોય એની મમ્મી ખીજાય નહીં ;
એને બહુ મોજ..!
ચડ્ડી નહીં પ્હેરવાની;
જેમ મન થાય તેમ રહે!
"એક ડોલ પાણીમાં, ન્હાઈ લે!"
- એવું ના કોઈ એને કહે!
બ્રશ કરી, કેટલાંય ફીણ,
એ ઉડાડે દરરોજ..!
તોય એની મમ્મી ખીજાય નહીં;
એને બહુ મોજ..!
કોઈ એને ડારો દઈ, કહેતું નથી કે-
" ચૂપ્પ બેસ!"
રેતીમાં આળોટી-આળોટી,
દરિયારાજા કરે ટેસ!
છીપલાંથી ખિસ્સું ભરે...
ને ભરે કોડાંથી ખોબો આખો જ..!
તોય એની મમ્મી ખીજાય નહીં;
એને બહુ મોજ..!

## શ્રીકૃષ્ણ વાસુદેવઃ પરાત્પર પરબ્રહ્મ

હેમા એલ. સોલંકી

---

**भगवान्वासुदेवश्च कीर्त्यतेऽत्र सनातन:।**
**स हि सत्यमृतं चैव पवित्रं पुण्यमेव च ॥**

તે(વાસુદેવ) સત્ય, ઋત, પવિત્ર, પુણ્યકારી, શાશ્વત બ્રહ્મ અને સનાતન ધ્રુવ જ્યોતિ છે. જેમના દિવ્ય કર્મોનું મનીષીઓ વર્ણન કરે છે તે વાસુદેવ[૧] મહાભારતમાં શ્રીકૃષ્ણના સ્વરૂપનો સાંગોપાંગ જેમણે અભ્યાસ કર્યો છે એવા શ્રી ઉપેન્દ્રરાય સાંડેસરા કહે છે કે, મહાભારતમાં વ્યાસ એમને ઉત્તમ પુરુષ રૂપે જ નિરૂપીને અટક્યાં નથી; એમણે આ નરોત્તમને ક્ષર પુરુષ અર્થાત્ નાશવંત ભૂતો કરતાં અને અક્ષર પુરુષ અર્થાત્ કૂટસ્થ આત્માથી પણ ઉત્તમ એવા 'પુરુષોત્તમ' તરીકે, સર્વાન્તર્યામી તરીકે અનુભવ્યા છે, નીરખ્યા છે અને એ પ્રમાણે વર્ણવતા કહે છે કે, મનીષીઓ એમનાં દિવ્ય કર્મોનું વર્ણન કરી, આત્મામાં રહેલા તેમને ધ્યાન, કર્મ અને બ્રહ્મચર્યના બળથી દર્પણમાં પડેલા પ્રતિબિંબની જેમ પોતાના અંતરમાં નીરખે છે.''[૨] વાસુદેવ કૃષ્ણના મુખે વ્યાસે ભગવદ્ગીતામાં વારંવાર પોતાના આ સ્વરૂપને જ અર્જુન સમક્ષ એટલે કે સૃષ્ટિના સમસ્ત ભૂતો સમક્ષ તારસ્વરે ગવડાવ્યું છે. કૃષ્ણને એ જ પરબ્રહ્મ સ્વરૂપે પ્રગટ કરવાનો અહીં ઉપક્રમ છે.

સંસ્કૃત સાહિત્ય અને અન્ય ભારતીય સાહિત્યમાં અનેક ભાષાઓમાં શ્રીકૃષ્ણના વિવિધ ચરિત્રનું ગાન કરવામાં આવ્યું છે. જે અનેક સાહિત્યકારો, કવિઓ, સંતકવિ, ભક્તો દ્વારા થયું છે. પુરાણોમાં તેમની જીવનલીલાઓનું વર્ણન દેખાય છે. પણ સાથે આ પરમતત્ત્વને પણ ત્યાં ભૂલાયું તો નથી જ, ભાસ, માઘ આદિ કવિઓએ એમને પાંડવોના સખા, સહાયક, પરાક્રમી વીર, ધીર મંત્રી, ન્યાયી અને કુશળ દૂત તરીકે નિરૂપ્યા. પરંતુ મહાભારતકાર વ્યાસે **व्यासोच्छिष्ठ: कृष्णसर्वम्** એ ન્યાયે તેમનાં દરેક પાસાંને ઉજાગર કર્યું છે. વ્યાસ કૃષ્ણના વિવિધ અવતારનું નિરૂપણ અને તેનું પ્રયોજન ભાગવતપુરાણમાં કહે છે. ગીતામાં કૃષ્ણ અર્જુનને લોકસંગ્રહ અર્થે કર્મયોગ સમજાવતાં કહે છે કે,"રાજા જનક વગેરેની જેમ જ લોકસંગ્રહ અર્થે તારે કર્મ કરવું, કારણકે જગતમાં લોકો શ્રેષ્ઠ મનુષ્યોનું જ અનુસરણ કરે છે. તેથી મારે આ ત્રણેય લોકમાં કાંઈ જ કરવાનું અનિવાર્ય ન હોવા છતાં હું કર્મ કરું છું."[૩] ધર્મના સ્થાપન માટે વારંવાર હું મારી જાતનું સર્જન કરું છું પરંતુ હું તો અજન્મા, અવિનાશી, આત્મસ્વરૂપવાળો અને સર્વ પ્રાણીઓનો ઈશ્વર છું; આમ છતાં પોતાની પ્રકૃતિનો અધિષ્ઠાતા બનીને પોતાની માયા વડે જ જન્મું છું"[૪] આમ મારા દિવ્ય જન્મ અને દિવ્ય કર્મને તત્ત્વથી જાણે છે તે દેહ ત્યજીને પણ પુર્નજન્મ પામતો નથી"[૫]

વિભૂતિયોગમાં પણ અર્જુન જ્યારે કૃષ્ણને એમની દિવ્ય વિભૂતિઓ જણાવવા કહે છે, ત્યારે પોતાની વિભૂતિઓના વર્ણનના પ્રારંભે શ્રી કૃષ્ણ અર્જુન સમક્ષ પોતાનું આ સ્વરૂપ વર્ણવે છે.

**अहमात्मा गुडाकेश सर्व भूताशयस्थित:।**
**अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥**

"હે અર્જુન, હું સર્વ ભૂતોના હૃદયમાં રહેલો આત્મા છું અને હું જ ભૂતોના આદિ, મધ્ય અને અંત છું''.[૬] તેઓ કહે છે કે, **नास्त्यन्तो विस्तरस्य मे**।અર્થાત્ મારા વિસ્તારનો તો કોઈ અન્ત નથી.[૭] પરંતુ મારી મુખ્ય-મુખ્ય વિભૂતિઓ તને જણાવું છું. અને અંતે કહે છે કે, બહુ જાણવાથી તને શું ફાયદો? આ આખી યાદીનો શું અર્થ? હું મારા એક જ અંશ વડે આખા જગતને વીંટળાઈને રહેલો છું.[૮] શ્રી હરીન્દ્ર દવે પોતાના કૃષ્ણ અને માનવસંબંધો એ ગ્રંથમાં એમ સ્પષ્ટરૂપે તારવે છે કે, "કૃષ્ણ વાસ્તવમાં પરબ્રહ્મ છે એવી અર્જુનની પ્રતીતિ આ અધ્યાયનું પરમ રહસ્ય છે."[૯]

સ્વયં કૃષ્ણ ગીતામાં પોતાના આ સ્વરૂપને વર્ણવે છે. ત્યારે આપણને ઋગ્વેદના પુરુષસૂક્તના પુરુષનું જ દર્શન થાય. પુરુષસૂક્ત કહે છે કે, "ભૂતકાળ, વર્તમાનકાળ કે ભવિષ્યમાં થનાર બધું જ આ પુરુષ છે. આ પુરુષ જ અમૃતત્વનો અધિપતિ છે. આ ભૌતિક જગતનો શાસ્તા પણ એ જ છે. આ પુરુષ તો એના આ મહિમા કરતાં પણ ઘણો મહાન છે. આ સમગ્ર અસ્તિત્વ તેના એક ચરણમાં છે. તે પુરુષના ત્રણ ચરણ તો પોતાના અમૃતસ્વરૂપમાં અવસ્થિત છે.[૧૦] અને પછી તો સમગ્ર પુરુષસૂક્ત આ પુરુષમાંથી સૃષ્ટિ ઉત્પત્તિનું નિરૂપણ કરે છે.

અર્જુનને સંતોષ ન થતાં તેમના ઐશ્વર્યરૂપ સ્વરૂપના દર્શન કરવાની ઇચ્છા રજૂ કરે છે ત્યારે વિશ્વરૂપદર્શનની ભૂમિકા રચાય છે. ભગવાનની વિભૂતિઓનું વર્ણન સાંભળીને અર્જુનનો મોહ તો નષ્ટ થઈ જ ગયો છે પણ જો શક્ય હોય તો તે કૃષ્ણના આ અવિનાશી સ્વરૂપને જોવા ઇચ્છે છે. ત્યારે વાસુદેવ એને આ શરીરમાં સમગ્ર સચરાચર જગત જોવા માટે 'દિવ્યચક્ષુ' પ્રદાન કરે છે. હરીન્દ્ર દવે કહે છે કે "આ દિવ્યચક્ષુ એટલે મન. મનનો વિસ્તાર જેટલો સાધો, મનને જેટલું પરિશુદ્ધ કરો એટલું પ્રભુના દિવ્ય સ્વરૂપની નિકટ જઈ શકાય". અર્જુનને અત્યાર સુધીમાં વાસુદેવે જ્ઞાનરૂપી દિવ્ય ચક્ષુ આપ્યા અને અર્જુન બધું નિહાળવા લાગ્યો.[૧૧] આદિ, મધ્ય અને અન્ત વિનાના અને અનંત બાહુ, મુખ અને નેત્રોવાળા સ્વરૂપને તેણે જોયું. પુરુષસૂક્તનો પ્રથમ મંત્ર આવા જ પુરુષનું વર્ણન કરે છે.

**સહસ્રશીર્ષા પુરુષः સહસ્રાક્ષः સહસ્રપાત્ ।**
**સ ભૂમિં વિશ્વતો વૃત્વાત્યતિષ્ઠદ્દશાઙ્ગુલમ્ ॥**

"તે આદિપુરુષને હજારો મસ્તકો, હજારો આંખો અને હજારો ચરણ છે. તે પુરુષ સમગ્ર અસ્તિત્વને આવરીને અવસ્થિત છે અને તેનાથી પણ દશ આંગળ અધિક છે."[૧૨] શ્રી ભાણદેવજી દસને પૂર્ણતાનો અંક માને છે અને સમગ્ર અસ્તિત્વને વ્યાપી અવસ્થિત થયા ઉપરાંત જે અધિક તત્ત્વ છે, તે પૂર્ણ જ છે, જે પૂર્ણ છે તે સર્વશઃ પૂર્ણ છે. આવું અર્થઘટન તેઓ કરે છે.[૧૩] આ જ પૂર્ણતા ગીતાના વિશ્વસ્વરૂપમાં પણ પ્રતીત થાય છે. કૃષ્ણના આ સ્વરૂપને અનન્ય ભક્તિ વડે જ પામવું યોગ્ય છે અને તત્ત્વથી તેઓમાં પ્રવેશ કરવો યોગ્ય છે એમ તેઓ અર્જુનને જણાવે છે.[૧૪]

આ શરીર ક્ષેત્ર અને તેમાં સ્થિત તેને જાણનારો ક્ષેત્રજ્ઞ હું છું એમ અર્જુનને કહે છે. અને એ બંનેના પૃથક્ત્વનું જ્ઞાન જેને થાય એ જ્ઞાનીનાં લક્ષણો પણ સમજાવ્યાં છે. જે છે એ જાણવા યોગ્ય છે કે જેને જાણીને મોક્ષ થાય તે બ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં કૃષ્ણ કહે છે કે,

**અનાદિમત્પરં બ્રહ્મ નસત્તન્નાસદુચ્યતે ।**

અર્થાત્ "અનાદિ એવું તે બ્રહ્મ સત્ પણ નથી અને અસત્ પણ કહેવાતું નથી" આ સાથે આ તત્ત્વના અન્ય ગુણોનું પણ અહીં વર્ણન છે.[૧૫]

ભગવદ્ગીતામાં 'પુરુષોત્તમયોગ'માં ક્ષર અને અક્ષરનું વર્ણન કરતાં તેઓ સ્પષ્ટપણે કહે છે કે, ""હું ક્ષરને અતિક્રમીને રહેલો છું તથા અક્ષરથી પણ ઉત્તમ છું. તેથી લોકમાં અને વેદમાં 'પુરુષોત્તમ' તરીકે પ્રખ્યાત છું."[૧૬] આમ કૃષ્ણના પુરુષોત્તમ સ્વરૂપની સ્પષ્ટ વ્યાખ્યા વ્યાસ કૃષ્ણ પાસે જ કરાવે છે. ગીતામાં તેઓ અર્જુનને પોતાને શરણે લઈ અને એને નરોત્તમ બનાવવા માટે તેની સમક્ષ પોતાના આ મૂળ બ્રહ્મસ્વરૂપને વર્ણવે છે. અર્જુનની સાથેસાથે સમસ્ત જગતને આસક્તિ, તૃષ્ણાઓ, વાસનાઓથી ભરપૂર આ નશ્વર સંસારમાં સર્વને આ બ્રહ્મસ્વરૂપમાં પોતાનું સમગ્ર અર્પણ કરી અનાસક્તભાવે લોકસંગ્રહ અર્થે કર્મ કરી માનસિક ઉન્નતિ પ્રાપ્ત કરી પરમ માર્ગે જવાનો સંદેશ આપે છે અને આમ કરનારો જ્ઞાની જ મારા સ્વયં પ્રકાશધામને પામે છે એમ કૃષ્ણ અર્જુનને વારં-વાર કહે છે.

ભાગવતપુરાણનો અગિયારમો સ્કંધ કે જે પોતાના જીવનના અંતિમ પડાવ પર કૃષ્ણ ઉદ્ધવને સંબોધે છે. જે 'ઉદ્ધવગીતા' તરીકે પ્રસિદ્ધ છે, ત્યાં પણ અર્જુનની જેમ જ ઉદ્ધવ સમક્ષ પોતાની વિભૂતિઓનું વર્ણન કરીને કહે છે, "તત્ત્વોની ગણના, લક્ષણો દ્વારા તેમનું જ્ઞાન, તથા તત્ત્વનું સ્વરૂપ હું છું, ઈશ્વર હું છું, ગુણ હું છું, હું જ ગુણી, હું જ સર્વનો આત્મા છું અને હું જ સર્વસ્વ છું, મારા સિવાય અન્ય કોઈ પદાર્થ ક્યાંય પણ નથી".[૧૭] ભગવદ્ગીતાની પૂર્વભૂમિકા સ્વરૂપ ઈશાવાસ્ય ઉપનિષદનું અનુરણન અહીં

દેખાય છે. આ જગતમાં જે કંઈ છે એ ઈશ્વરનું જ નિવાસ સ્થાન છે તેને ત્યાગીને ભોગવ કારણ કે ધન કોનું છે?"[૧૮]

સ્પષ્ટ એક જીવવાદની સ્થાપના કરતાં કૃષ્ણ ઉદ્ધવને કહે છે, "હે બુદ્ધિમાન ઉદ્ધવ,પારમાર્થિક જીવ રૂપે તો મારો જીવ એક જ છે. વ્યવહાર માટે અજ્ઞાનની ઉપાધિ દ્વારા પરમાર્થિક જીવના અંશ રૂપે વ્યાવહારિક જીવોની કલ્પના કરવામાં આવી છે. જેને આત્મજ્ઞાન થાય તે મુક્ત કહેવાય અને જેને ન થાય તેને બદ્ધ કહેવાય છે."[૧૯]

આમ ઉદ્ધવ અને અર્જુનને ઉપદેશેલ તત્ત્વબોધમાં બ્રહ્મતત્ત્વને જ કેન્દ્રમાં રાખી વાત કરી છે.

અર્જુન અને ઉદ્ધવને કૃષ્ણના અનેક વ્યક્તિત્વોનો પરિચય થાય છે. સગુણ, સાકાર અને દિવ્ય વિભૂતિઓ રૂપે જગતના કણેકણમાં સ્થિત એવું ચેતન સ્વરૂપ કૃષ્ણ તત્ત્વ નિર્ગુણ નિરાકાર મહાતેજ સ્વરૂપે વિલસે છે.

આ જ સૂરને આપણા સંતકવિઓએ પણ પોતાના સાહિત્યમાં રેલવ્યા છે. ગુજરાતી સાહિત્યના આદિ સંતકવિ નરસિંહ મહેતા કે જે અત્યારે પણ એટલા જ પ્રસ્તુત છે. તેઓ એક કૃષ્ણ ભક્તની સાથે-સાથે પાક્કા વેદાંતી છે. કૃષ્ણની પ્રેમિકા બની તેના વિશેના શૃંગારિક પદો રચ્યા. ભક્તિનાં પદો અને તત્ત્વચિંતનનાં અનેક પદો એમણે આપ્યાં. આ તત્ત્વચિંતન આવ્યું ક્યાંથી? એમની કૃષ્ણ ભક્તિની આંતરિક અનુભૂતિમાંથી. તેઓ કહે છે,

અખિલ બ્રહ્માણ્ડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે,

દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.

ઈશાવાસ્યનું ચિંતન અહીં નરસિંહના પદોમાં પ્રતિબિંબિત થાય છે. કારણ કે એ પણ ઋષિમુનિની અનુભૂતિનો વિષય છે અને આ પણ સંતની અનુભૂતિમાંથી જ પ્રગટ્યું છે.

આદ્ય તું, મધ્ય તું, અંત્ય તું, શ્રી હરિ! એક તું એક તું એક પોતે,

અખિલચો બ્રહ્મ બ્રહ્મદિક નવ લહે, ભૂરચા માનવી અન્ય ગોતે.

શ્રી કૃષ્ણએ અર્જુન સમક્ષ કરેલા પોતાની વિભૂતિઓના વર્ણનથી આપણને આ કવિની ચેતના ક્યાંય જુદી જણાય છે? પોતાના શરણે આવેલા અને પોતાના શિષ્ય અને સખાસમા અર્જુનને જે દર્શન દિવ્ય ચક્ષુ દ્વારા કરાવ્યું એ દર્શન નરસિંહને એમની ભક્તિથી પ્રાપ્ત દિવ્ય દષ્ટિથી થયું. ગુરુકૃપા અને પ્રભુકૃપાથી જ આ નિર્ગુણ સ્વરૂપની ઓળખ થાય, અને કવિ કહે,

મર્મ સમજ્યા વિના ભર્મ ભાગે નહીં, સગૂણ સ્વરૂપ નિર્ગુણ એનું.

સગુણ સાકારની ભક્તિ કરતાં નરસિંહને બાહ્યાચારમાં કોઈ અર્થ ન દેખાતા તેઓ આત્મદર્શનનો માર્ગ ચિંધે છે અને ગાય છે,

કાયા કે ભીતર મણિ માણિક નિપજે.

તહાં ધુનિ ધુનિ બરષૈ મોતી.

પિંડમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહીં,

ફોગટ ભમે તે દૂર ભાળે.

સંત કવિઓના આ જ અનુભવને આપણે શાસ્ત્રોના માધ્યમથી જાણીને જ્ઞાની બન્યા. પણ સંત તો આંતરજ્ઞાની કહેવાયો.

આવી જ એક કૃષ્ણ દીવાની મીરાંબાઈ. નાનપણથી ભક્તિના રંગે રંગાયેલી એ રૈદાસ ગુરુનું શરણ પામી. તે પ્રેમના સાગર સમી બની ગઈ. કહેવાયું છે કે પ્રેમલક્ષણા ભક્તિને આ દ્રશ્યમાન જગતમાં અવતાર લેવાની ઇચ્છા થઈ ત્યારે તે મીરાંનું રૂપ લઈ પૃથ્વીલોક પર અવતરી નિરાકાર પ્રેમનું સાકાર સ્વરૂપ એટલે મીરાં.

ઘાયલ કી ગતિ ઘાયલ જાણે ઔર ન જાણે કોઈ.

આ મીરાંની યાત્રા પણ સગુણથી નિર્ગુણ તરફ ચાલે છે. સગુણ એ નિર્ગુણ સુધી પહોંચવાની નાવ છે. સામે પાર પહોંચ્યા પછી ત્યાં કેડી પણ કંડારવાની છે અને નિર્ગુણ સુધી પહોંચવાનું છે.[૨૦] નિર્ગુણનું ફળ સગુણના બીજથી મીરાં ચાખે છે. સંત કવિ કબીર કહે છે તેમ,

નિર્ગુણ સગુણ કે પરે તહૈ હમારા ધ્યાન

મીરાં પણ નિર્ગુણ સંત રોહિદાસને ગુરુ સ્થાને સ્થાપી નિર્ગુણ તરફ ગતિ કરે છે. નાથયોગી ઘટમાં પૂર્ણબ્રહ્મનો નિવાસ બતાવે છે. તેથી મીરાં કહે છે,

ઘટ હી મેં ગંગા, ઘટ હી જમુના, ઘટઘટ મેં અવિનાશી

જપ તપ તીરથ કાંઇયે ન જાણું, ફરત મેં ઉદાસી રે,
મંત્ર ને તંત્ર કંઈ યે ન જાણું, વેદ પઢ્યો ન ગઈ કાશીરે,

મીરાંની યાત્રા સગુણ કૃષ્ણ તરફથી નિર્ગુણ રામ તરફ પહોંચે છે.

આમ વેદો, મહાભારતથી શરૂ કરી પુરાણોમાંથી પસાર થઈ શ્રીકૃષ્ણની નિર્ગુણ યાત્રા ભગવદ્દીતામાં તેના પૂર્ણ સ્વરૂપને વર્ણવે છે. જે આપણી સમક્ષ **सर्वं खलु इदं ब्रह्म** સ્વરૂપે જગતના કણે કણમાં કૃષ્ણમાં કૃષ્ણના સ્વરૂપને વિસ્તારે છે અને **अहं ब्रह्मास्मि** ની અનુભૂતિ સુધી સાધકને લઈ જાય છે. અને કૃષ્ણનું આ સ્વરૂપ સર્વશ્રેષ્ઠ પરાત્પર–પરબ્રહ્મ એવા નિરાકાર સ્વરૂપને સ્થાપે છે. કૃષ્ણનું આ જ સ્વરૂપ આપની સૌની ચેતનાને જગાડે એવી પ્રાર્થના.

**સંદર્ભ :**

૧) મહાભારત – ૧-૧-૧૯૩
૨) શ્રી કૃષ્ણ પુરુષોત્તમ અને અન્તર્યામી (પૂર્વાર્ધ), શ્રી ઉપેન્દ્રરાય સાંડેસરા, પૃષ્ઠ-૧૨
૩) શ્રીમદ્‌ભગવતગીતા ૩-૨૦ થીર૩
૪) अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥श्रीमद्भगवद्गीता- 4-6
૫) એજન -૪-૯
૬) એજન -૧૦-૨૦
૭) એજન -૧૯
૮) એજન -૪૨
૯) કૃષ્ણ અને માનવસંબંધો- શ્રી હરીન્દ્ર દવે,પ્રકરણ-૧૭,પૃષ્ઠ- ૧૪૬
૧૦) ઋગ્વેદ - ૧૦-૯૦-૨,૩
૧૧) કૃષ્ણ અને માનવસંબંધો- શ્રી હરીન્દ્ર દવે,પ્ર.૧૮,પૃષ્ઠ- ૧૪૮
૧૨) ઋગ્વેદ - ૧૦-૯૦-૧
૧૩) ઋગ્વેદ –દર્શન, ભાણદેવ,પ્ર.૩૩,પૃષ્ઠ -૨૪૯
૧૪) શ્રીમદ્‌ભગવતગીતા- ૧૧-૫૩
૧૫) એજન – ૧૩- ૧૪ થી ૧૮
૧૬) यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥एजन-15-18
૧૭) ઉદ્ધવગીતા –૧૧-૧૬-૩૮
૧૮) इशावास्यं इदं सर्वं यत् किञ्च जगत्यातं जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथाः मा गृधः कस्य स्विद् धनम् ॥इशोपनिषद् - 1
૧૯) ઉદ્ધવગીતા –૧૧-૧૧-૦૪
૨૦) ભારતીય સંત દર્શન, સાધના અને વાણી, ખંડ-૧,ડો નાથાલાલ ગોહિલ, પૃષ્ઠ-૨૩૩

**સંદર્ભગ્રન્થસૂચિ :**


૧) મહાભારત. (ગ્રંથ-૧ )આદિપર્વ , સંપાદકઃ દિનકર જોષી, પ્રવીણ પુસ્તક ભંડાર, પ્રથમ આવૃત્તિ,માર્ચ-૨૦૦૯.
૨) શ્રી કૃષ્ણ પુરુષોત્તમ અને અન્તર્યામી (પૂર્વાર્ધ), ઉપેન્દ્રરાય સાંડેસરા, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૩.
૩) સંસ્કૃત સાહિત્યમાં શ્રી કૃષ્ણ, સંપાદકઃ ગૌતમ પટેલ, વસંત પરિખ, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ગાંધીનગર,૧૯૯૬.
૪) ભારતીય સંતદર્શન, સાધના અને વાણી, ખંડ-૧, ડો.નાથાલાલ ગોહિલ, ગુજરાત સાહિત્ય અકાદમી,ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ,૨૦૧૨.
૪) ઋગ્વેદ –દર્શન , શ્રી ભાણદેવ, પ્રવીણ પ્રકાશન,રાજકોટ,પ્રથમ આવૃત્તિ,૨૦૦૯.
૫) ઉદ્ધવગીતા, અનુવાદઃજીતેન છાપીઆ,વ્યાખ્યા : સૌરભ ભટ્ટ, પ્રકાશકઃ શ્રી સમીર છાપીઆ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,વિ.સં.-૨૦૭૩
૬) કૃષ્ણ અને માનવસંબંધો, હરીન્દ્ર દવે, પ્રવીણ પુસ્તક ભંડાર, પાંચમી આવૃત્તિ,૨૦૧૨
૭ श्रीमद्भगवद्गीता. शांकरभाष्य हिन्दी अनुवाद सहित,अनुवादक: श्री हरीकृष्ण गोयन्दका, गीताप्रेस गोरखपुर,इकत्तीसवाँ पुनर्मुद्रण , सं.२०६९.
८) ईशादि नौ उपनिषद् (शांकरभाष्य सहित), गीतप्रेस गोरखपुर,छठा पुनर्मुद्रण,सं.२०६६


●---------●●●--------●●●---------●


અધ્યક્ષા, સંસ્કૃત વિભાગ,એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજ, ભાલેજ રોડ, આણંદ. મો.નં–૯૭૨૭૭૭૮૪૧૮

## ૨૧મી સદીના વિવેકાનંદઃ શરદ વિવેક સાગર

કોડિયું ટીમ
kodiyusanosara@gmail.com

---

એનું નામ છે શરદ વિવેક સાગર. મૂળ પટના, બિહારના વતની. આમ તો સામાન્ય ભારતીયો બિહારને બે રીતે ઓળખે છે : (૧) ગરીબ અને ગુનાખોરીથી નબળું પડી ગયેલું આપણું બેચારું રાજ્ય અને (૨) આઈ.એ.એસ. અને આઈ.પી.એસ.ની નર્સરી સમાન ફળદ્રુપ રાજ્ય. શરદભાઈ એક ત્રીજી ઓળખ લઈને આપણી સમક્ષ ઉપસ્થિત છેઃ વિચાર ક્રાંતિ. આ દેશ માત્ર અને માત્ર તેના યુવાનોના વિચારોથી બદલાશે અને એ માટે એક સમયે વિવેકાનંદે એક વૈચારિક ક્રાંતિની શરૂઆત કરેલી. એવી જ બીજી વૈચારિક ક્રાંતિની મશાલ લઈને ધીમા પણ મક્કમ પગલે શરદ સાગર આગળ વધી રહ્યો છે.

૧૯૯૧માં ઝીરાદેઈ નામના નાનકડા ગામમાં જન્મેલ શરદને ૨૦૧૬માં ફોર્બ્સ દ્વારા ૩૦ વર્ષથી નીચેના સોશ્યલ ઓન્ત્રાપ્રેન્યોર્સ(સમાજ સેવક!)ની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું. તેના અભ્યાસમાં જોઈએ તો સાનંદ કહેવું છે કે જીવનના પ્રથમ ૧૨ વર્ષ શરદ શાળાએ જ ગયા નથી— એ ‘હોમસ્કૂલ’ દ્વારા કેળવાયા છે. ત્યાર બાદ એઓ અમેરિકામાં ઈન્ટરનેશનલ રિલેશન્સમાં સ્નાતક થયા અને અહીંયા જ એમને સોશ્યલ ઓન્ત્રાપ્રેન્યોરશીપ એવૉર્ડ તરીકે એક લાખ ડોલરનું ઈનામ પ્રાપ્ત થયું. આ યુનિવર્સિટીનાં ૧૬૦ વર્ષના ઈતિહાસમાં કોઈ ભારતીય વિદ્યાર્થીએ પદવીદાન સમરોહમાં વ્યાખ્યાન આપ્યું હોય એવો પ્રથમ વિદ્યાર્થી એટલે શરદ. એના બીજા જ વર્ષે એને પોલ એન્ડ એલિઝાબેથ મોન્ટેલ પ્રાઈઝ અને ત્યાર બાદ સેમ્યુલ હન્ટિંગટન સોશ્યલ સર્વિસ એવૉર્ડ પ્રાપ્ત થયો. આ ઉપરાંત અમેરકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા દ્વારા એમને વ્હાઈટ હાઉસમાં આમંત્રણ આપવામાં આવેલું. મીશીગન સ્ટેટ યુનિ.માં શરદ વિશે ભણાવવામાં આવે છે!!!

૧૬ વર્ષની ઉંમરે શરદે એક સંસ્થા શરૂ કરી જેનું નામ છે ‘ધ ડેક્સરીટી ગ્લોબલ ગ્રુપ’ જે શિક્ષણ અને સમાજ સેવાનાં કાર્યો કરે છે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે નેતૃત્વનું નિર્માણ કરવાનો છે. આપણો નેતૃત્વનો સામાન્ય ખ્યાલ એવો છે કે જ્યાં મોટું સ્ટેજ હોય, રાજકારણ હોય, મીડિયા હોય અને જ્યાં મોટી-મોટી રેલીઓ હોય. પણ શરદ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ સાથે આપણા રોજબરોજના જીવનમાં નેતૃત્વ કેવી રીતે કામ કરે છે એના પર કામ કરે છે. સ્થાનિક પ્રશ્નોના નિરાકણ માટે કિશોર-કિશોરીઓને તૈયાર કરે છે. અત્યાર સુધીમાં સાગરની સંસ્થા ભારતનાં ૬૦ લાખ ઉપરાંત બાળકો અને યુવાનો સુધી પહોંચીને એમને વિવિધ પ્રકારની તાલીમ આપીને પગભર કર્યા છે, દુનિયાની સારામાં સારી યુનિવર્સિટીમાં ભણવા મોકલ્યા છે. ‘ધ ટેલિગ્રાફ’ નોંધે છે કે, ‘આ સંસ્થા ભારતનું ભાવિ ઘડી રહી છે.’’ તો ફોર્બ્સ લખે છે કે, ‘‘આ લોકો ભારતના યુવાનોને ૨૧મી સદીની સમસ્યાઓના ઉકેલ શોધવા માટેની માનસિકતા માટે તૈયાર કરે છે.’’

સુરતમાં જ્યારે શરદે એમનું TED વ્યાખ્યાન આપ્યું ત્યારે એમણે સુંદર વાત કરેલી, ‘‘ભારતના ભવિષ્યના વડાપ્રધાન અત્યારે કોઈ વર્ગખંડમાં બેઠાં છે; આપણે આજે એને જે રીતે ભણાવીશું એનાથી ભારતનું ભાવિ નક્કી થશે. હું માનું છું કે ભારતના ભવિષ્યના નેતાઓ પાસે ચાર કૌશલ્યો હોવાં જોઈએઃ (૧) ક્રીટિકલ થીંકિંગ (૨) રીસર્ચ (૩) કમ્યુનિકેશન અને (૪) લીડરશીપ. સાથોસાથ એનામાં બે

સદગુણો પણ હોવા પડશેઃ (૧) સહાનુભુતિ અને (૨) નિર્ભયતા.'' આવા વિચારો સાથે એક ઘૂઘવતો'' સાગર'' આગળ વધી રહ્યો છે.

વર્લ્ડ બેંક, યુ.એન., નોબેલ પ્રાઈઝ સેરેમની જેવી અનેક આંતરાષ્ટ્રીય સંસ્થાઓ જેને વ્યાખ્યાન માટે બોલાવે છે એ શરદ રોજ એક જ પ્રકારનાં કપડાં પહેરે છે, સાદું જીવન જીવે છે અને આજીવન બ્રહ્મચારી રહેવાની નેમ ધરાવે છે. શરૂઆતમાં શરદની સરખામણી સ્વામી વિવેકાનંદ સાથે કરી તે સૌ પ્રથમ વખત દિવ્યભાસ્કર દ્વારા વડોદરામાં તેમના વ્યાખ્યાનના બીજા દિવસે કરવામાં આવી હતી. એ ઉપરાંત પણ તેનું એક વિશેષ કારણ છે. શરદના પિતા રામકૃષ્ણમિશનની લાઈબ્રેરીમાં વાંચવા જતાં ત્યારે એક સંકલ્પ કરેલો કે એ કાં તો સન્યાસી રહેશે અથવા તો જો એને સંતાન થશે તો એનું નામ વિવેકાનંદના નામને આધારે રાખશે. શરદનો જન્મ શરદ ઋતુમાં થયો અને ઈશ્વરચંદ વિદ્યાસાગર એ સ્વામી વિવેકાનંદના પ્રથમ ગુરુ હતા એટલે એનું પૂરું બન્યું – શરદ વિવેક સાગર!

ભારત દેશ આવા યુવાનોને લીધે ઉજળો છે અને રહેશે!

**(અનુસંધાન પાના નં. ૩૬૦ ઉપરથી)**

એ રિપોર્ટ કેટલા વિશ્વાસપાત્ર છે એ જોવું રહ્યું. આ રોગને આપણે એક જન-આંદોલન દ્વારા નાથવો-અંકુશિત કરવો પડશે નહીંતર એક રાષ્ટ્ર તરીકે આપણે આર્થિક રીતે અને એના લીધે થઈને જે અન્ય બાબતો સુલભ થાય છે એ બધાથી કરોડો લોકોને વંચિત રાખીશું.

આ દિશામાં સરકારનું એક પગલું સરાહનીય છેઃ National Programme on Prevention and Control of Diabetes, Cardiovascular diseases and Stroke(NPDCS). આ કાર્યક્રમ ૨૦૦૮માં શરૂ કરવામાં આવ્યો છે. ડાયાબીટીસ ભલે વારસાગત રોગ ગણાતો હોય પણ નિયમિત કસરત, આહાર-વિહારની સુટેવો, અને પ્રસન્નતા-પોષક પ્રવૃત્તિઓ સાથેનો ઘરોબો આ રોગ સામે લડવામાં ચોક્કસ મદદરૂપ થઈ શકે.

**શ્રદ્ધાંજલિ**

- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતીના કાર્યકર શ્રી પ્રકાશભાઈ રાઠોડના પિતાશ્રી માવજીભાઈ રાઠોડનું તા. ૦૭-૦૩-૨૦૨૧ના રોજ ૭૫ વર્ષની વયે ભાવનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ધનજંયભાઈ પંડ્યાનું ૬૧ વર્ષની ઉમંરે કપડવંજ ખાતે તા. ૩૦-૦૩-૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- એગ્રોસેલ, કચ્છ સંસ્થાના પ્રણેતા અને આપણી સંસ્થાઓના શુભેચ્છક શ્રી મનોજભાઈ ગોહિલનું તા. ૦૩-૦૪-૨૦૨૧ ના રોજ ૬૩ વર્ષની ઉંમરે કચ્છ-ભૂજ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા-મણારના નિયામકશ્રી સુરંસગભાઈ ચૌહાણનાં પૂત્રવધુ શ્રી સોનલબહેન પ્રફુલ્લભાઈ ચૌહાણનું માર્ગ અકસ્માતમાં તા.૦૩-૦૪-૨૦૨૧ ના રોજ ૪૦ વર્ષની વયે ભાવનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા સંસ્થાના કૃષિ-ગોપાલન વિભાગ સંભાળતા શ્રી ભાવેશભાઈ ડાંગરના પિતાશ્રી બાલાભાઈ ડાંગરનું ૫૭ વર્ષયની ઉંમરે ટૂંકી બીમારીને કારણે તા. ૦૬-૦૪-૨૦૨૧ના રોજ માયધાર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુપ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ખલીલ ધનતેજવીને શ્રદ્ધાંજલિ
## સોગંદનામુંઃ ગઝલકાર અને સર્જક ખલીલ ધનતેજવીની રોમાંચક અને હૃદય સ્પર્શી જીવનકથા
## રમેશ તન્ના

ખલીલ ધનતેજવી ગુજરાતી ગઝલનું ટોચનું નામ છે. ગઝલ લેખન અને રજૂઆત બન્નેમાં તેમણે મહારથ હાંસલ કરી છે. તેઓ લેખક છે, સંપાદક અને તંત્રી રહી ચૂક્યા છે. ફિલ્મો લખી છે અને નિર્દેશિત પણ કરી છે. તેમની વિવિધ કૃતિઓને અનેક એવૉર્ડથી સન્માનિત કરાઈ છે. કરોડો ચાહકોના હૃદયમાં તેમણે સ્થાન મેળવ્યું છે. આ પુસ્તક તેમની જીવનકથા છે. તેમાં ખેતરના શેઢેથી ગઝલના શિખર સુધી અને ફિલ્મના પરદા સુધી પહોંચવાની રોમાંચક ગાથા છે.

ખલીલ ધનતેજવીનું વતન અને જન્મસ્થળ વડોદરા જિલ્લાના સાવલી તાલુકાનું ધનતેજ ગામ. પોતાના ગામના નામ પરથી તેમણે અટક રાખી ધનતેજવી. તેમના દાદા તાજમહમદે તેમનું નામ 'ખલીલ' પાડેલું. 'ખલીલ'નો અર્થ મિત્ર. તેમના પિતા ઈસ્માઈલ મૌલવી પાસે ગયા અને દાદાએ સૂચવેલું 'ખલીલ' નામ કહ્યું. મૌલવી સાહેબને એકલું ખલીલ અધુરું લાગ્યું અને તેમણે ખલીલની આગળ ઈબ્રાહીમ જોડવાનું કહ્યું. એ પછી તેમનું નામ પડ્યું ઈબ્રાહીમ ખલીલ. લેખક લખે છે: 'વર્ષો પછી ખલીલની આભા નીચે ઈબ્રાહીમ ઢંકાઈ ગયો અને ખલીલ પંકાઈ ગયો.'

ખલીલ ધનતેજવીનું બાળપણ(આમ તો આખું જીવન) ખૂબ જ મુશ્કેલીઓ, પડકારો અને સંઘર્ષ વચ્ચે વીત્યું છે. લેખક પાંચેક વર્ષના હતા અને મહારાષ્ટ્રના નંદુરબાર ફોઈ-ફૂઆને ધંધામાં મદદ કરવા ગયેલા તેમના પિતાજીનું શીતળા નીકળતાં અવસાન થયું હતું.

ઘરમાં ત્રણ સંતાનો, માતા અને દાદા-દાદી હતાં. પિતાના અવસાનથી લેખકના પરિવારમાં શૂન્ય અવકાશ છવાઈ ગયો. ભરયુવાનીમાં તેમનાં માતાના દુપટ્ટાનો રંગ ફિક્કો પડી ગયો.

લેખક સાત વર્ષે ભણવા બેઠા. શાળા ઉપરાંત તેમને મદ્રેસામાં પણ દાખલ કરવામાં આવ્યા. સવારે મદ્રેસામાં ભણવાનું અને અગિયારથી પાંચ શાળાએ ભણવા જવાનું.

આ પુસ્તકમાં લેખકે પોતાના ગામ અને સીમનું જે વર્ણન કર્યું છે તે અદ્ભૂત છેઃ સવારના ચારથી કૂકડાઓ રાતને પીંખવા મંડી પડતા... સવારના પાંચ સાડા પાંચ વાગતાં સુધીમાં તો આખું ગામ ખાટલા છોડી આંગણામાં કે શેરીમાં ફરતું થઈ જતું. સવારનું ભૂખરું અંધારું ફંફોસવા ટેવાઈ ગયેલી આંખોને ભાગ્યે જ ચીમની કે ફાનસની જરૂર પડતી! ભેંસો દોહવાતી, દળણાં દળાતાં, વલોણાં ફરતાં, છાણ વાસીદું થતું. આ બધી ચહલપહલમાં અંધારું છુંદાતું, પીંખાતું પાતળું પડી જતું અને બરફના રંગ જેવો રેશમી ઉજાસ પથરાતો!

લેખક જાણે કે ઉપરથી પડકારો લખાવીને લાવ્યા હતા. પિતાના અવસાન પછી તેમણે પોતાનો નાનો ભાઈ ગુમાવ્યો અને એ પછી અચાનક એક દિવસ લેખકની મોટી બહેન સદાને તેઓ સદાને માટે ગુમાવી બેઠા. લેખકના આઠ-નવ વર્ષના કુમળા જીવનમાં ઉપરા-છાપરી એક પછી એક આઘાતો ઝીંકાવા લાગ્યા.

દાદાના પિતા એટલે કે લેખકના વડદાદા હયાત હતા. વડદાદી પણ હયાત હતાં. દાદા સરડિયા ગામનું ઘર અને ખેતર વેચીને પોતાનાં માતા-પિતાને ધનતેજ ગામ લઈ આવ્યા.

લેખકે ચોથું ધોરણ પાસ કરીને નિશાળ છોડી દીધી. એ પછી દાદાની આંગળી છોડીને બાર વર્ષની ઉંમરમાં જ તેઓ બળદનાં રાસ-પરોણા હાથમાં લઈને હળ હાંકતા અને ખેતર ખેડતાં થઈ ગયા. તેઓ વાવણીથી માંડીને ફસલ લણતાં કે વાઢતાં સુધીનાં દરેક કામમાં પારંગત થઈ ગયા હતા. ફૈડકો હાંકીને સીધા ચાસ કાઢવામાં ખલીલ ધનતેજવીની માસ્ટરી હતી. તેઓ રેલવેના પાટાની જેમ ચાસ કાઢતા હતા. ખેતી સાથેના તેમના અનુભવો લેખકે ખૂબ જ સુંદર રીતે આ

પુસ્તકમાં રજૂ કર્યા છે. કોઈ અનાજનું બીજ ખેતરમાં જમીનની અંદર જાય અને પછી અનેક પ્રકારના તાપ સહન કરીને ઊગે એ રીતે લેખક પોતે ધનતેજ ગામની સીમમાં વવાયા અને પૂર્ણ ખેડૂત થઈને ઊગ્યા.

નદીમાં પૂર આવે ત્યારે બીજા બધા મજૂરો અને ખેડૂતો સધાપુરા ગામમાં રાતવાસો કરે, પરંતુ ખલીલભાઈ બળદનું પૂછડું પકડીને ધસમસતા નદીના પૂરમાં ઝંપલાવે અને પોતાના ગામે આવી જાય. એક વાર બળદનું પૂછડું છૂટ્યું અને લાકડાના તણાઈને આવેલા ધૂંગા પર સાપ હતો ત્યારે લેખક જીવનમાં પહેલી વાર ભયભીત બનેલા. નદીના પૂરમાં અધવચ્ચે નિરાધાર થઈ ગયા અને પછી તો તરીને જ પાર આવ્યા.

ત્યાં ત્યાં નીડર થયો જ્યાં ડરવું પડ્યું છે મારે,
ડૂબી જવાની બીકે તરવું પડ્યું છે મારે.

લેખક અનેક બાબતોમાં એક્કા હતા. ડમણિયા(બળદગાડા)માં હાંકનારાઓમાં આગળ નીકળી જવાની હરીફાઈ જામતી. જીતે તેને સવા રૂપિયો રોકડો અને એક શ્રીફળ અપાતું. તથા ગાડીના બન્ને બળદોને શુદ્ધ ઘી પાવામાં આવતું. આ ઇનામ દસ વર્ષ સુધી લેખકે બીજાના હાથમાં જવા દીધું નહોતું. લેખક કહે છે કે મને ઈનામરૂપે મળતા શ્રીફળ અને સવા રૂપિયા સામે ઓસ્કાર એવૉર્ડ પણ તુચ્છ લાગે.

લેખક બાળપણ ગુમાવી ચૂક્યા હતા. કિશોર અવસ્થા જીવે એ પહેલાં જ જુવાન થઈ ગયા હતા. પિતાના અવસાન પછી માતાનો સ્વભાવ ખૂબ જ ચીડિયો થઈ ગયો હતો. માતા દાદા-દાદી સાથે વારંવાર ઝઘડી પડતાં હતાં. લેખક લખે છે ખાટલા સાથે અથડાય તો ખાટલાને સોરી કહે એવા દાદા હતા અને મારી માનો સ્વભાવ(સંજાગોને કારણે) લ્હાય જેવો થઈ ગયો હતો.

પૂર્ણ ખેડૂત બની ગયેલા લેખકની વડોદરામાં સગાઈ કરવામાં આવી અને બે વર્ષની સગાઈ પછી ૧૬મી જાન્યુઆરી, ૧૯૫૪ના રોજ તેમનાં લગન કરી દેવામાં આવ્યાં. ધનતેજ સહિત કેટલાંક ગામોની અમુક કોમમાં તવાઈફના નાચગાન પર પ્રતિબંધ હતો. જો કે કન્યાપક્ષના યુવા મિત્રોના આગ્રહને કારણે લગ્ન મંડપમાં જ તવાઈફના નાચગાનનો જલસો રખાયો અને મને-કમને દાદાએ એ જમાનામાં ૫૧ રૂપિયાનો દંડ ભર્યો.

★★★

ખેતી કરતાં ખલીલ ધનતેજવીને કવિતા કેવી રીતે મળી? તેઓ લખે છે કવિતા મારા જીવનમાં અનાયાસે જ આવી હતી! મારા ગામમાં પાંચ હજાર વર્ષ પૂર્વેય કોઈ લેખક અથવા કવિ થયો હોવાની ક્યાંય ભાળ મળતી નહોતી! મારા સમવયસ્કોમાં અને સમકાલીનોમાંય કોઈ લેખક-કવિ નહોતો! ... ઘરની ઓસરીના બે પાટડા(જાતરી) પર ચાકથી બે શેર તેમના પિતાએ લખ્યા હતા. એ શેર બીજા કોઈના હતા. ખલીલ ધનતેજવી કવિતા લખતા થયા પછી તેમના દાદાએ કહ્યું કે તારા પિતાને શેર શાયરીનો ઘણો શોખ હતો અને તેમણે આખી નોટ પણ બનાવેલી. એ નોટ શોધીને દાદાએ ખલીલ ધનતેજવીને આપેલી. જેમાં તેમના પિતાએ જ્યાં ત્યાંથી વીણીને લખેલી શાયરીઓ હતી.

લેખક કહે છે કે હું કવિતાને ઓળખતો નહોતો એટલે કવિતાને શોધવા પણ ગયો નહોતો. કવિતાની મને જરૂર પણ નહોતી. ખેતર, ખેતરનો શેઢો, ચાર વાઢવાની તલ્લીનતા અને દાતરડું! આમાં કવિતાનું ગૌત્ર મારે ક્યાં શોધવું?

ખલીલ ધનતેજવીને જ્યારે પહેલી પંક્તિ સૂઝી ત્યારે તેમના હાથમાં કલમ નહોતી, દાતરડું હતું.

★★★

ખલીલભાઈએ ખૂબ સંઘર્ષ કર્યો છે. તેમણે અનેક પ્રકારની મજૂરી કરી છે. લોકો માની ના શકે એટલી ઝડપે તેઓ કામ કરી શકતા. દાતરડું લઈને તેઓ જ્યારે કોઈ પાક કાપવા કે વાઢવા બેસતા ત્યારે લોકો જોઈ રહેતા. ત્રણ-ચાર મજૂર આખા દિવસમાં કરી શકે તેટલું કામ તેઓ કલાકોમાં કરી નાખતા. તેમણે જીવનકથામાં પોતાના ગામને શબ્દો દ્વારા હૂબહૂ રજૂ કર્યું છે. તેઓ લખે છેઃ

કોણ એનું રૂપ બદલે, શી મજાલ,
આ તો મારા ગામની ભૂગોળ છે.

લેખક સર્વોદય કાર્યકરોના સંપર્કમાં આવ્યા. શિક્ષક જગુભાઈ ઠક્કરે ધ્યાન દોર્યું પછી જોડણી શુદ્ધ કરવા લાગ્યા. તેઓ ભૂદાન આંદોલન વખતે વિનોબા ભાવેને સાંભળવા

બે ગાઉ ચાલીને સાંઢાસાલ ગામ ગયા હતા. તેમના ગામમાંથી જનારા તેઓ એકલા જ હતા.

લેખકના દાદા ખૂબ સારા વાચક હતા. ગાયકવાડી શાસનમાં પુસ્તકાલયો ઘણાં હતાં. દાદા પુસ્તક લાવે અને ખલીલ ધનતેજવી તેમને વાંચી સંભળાવે. ચોમાસામાં સાત-સાત દિવસ હેલી સર્જાય એ વખતે એક સાથે ઘણાં પુસ્તકો વંચાઈ જાય.

લેખક લખે છે કે અમે રેડિયો શિલોન ખૂબ સાંભળતાં. સાહિર લુધ્યાનવીનાં ગીતો તેમને સ્પર્શતાં. લેખક લખે છેઃ હું જે વિચારતો હતો તે જ સાહિરના ગીતોમાં પ્રગટતું હતું.

વાચનનો કૂવો ધીમે ધીમે આમ ભરાતો હતો. જે ભવિષ્યમાં કૃતિઓ રૂપે ફૂટવાનો હતો.

★★★

એ પછી તો લેખક, લેખક બને તે પહેલાં પત્રકાર બની ગયા. ગામના સમાચારો લખીને તેઓ વડોદરા લોકસત્તાને મોકલતા. તેમના મોકલેલા સમાચારો છપાતા પણ હતા. એક વખત એમના ગામમાં કોઈના ઘરે મહેમાન આવ્યા. રાત્રે મહેમાન જ ચોરી કરીને જતા રહ્યા. ખલીલ ધનતેજવીને ખબર પડી. તેમણે તો સમાચાર લખીને મોકલી દીધા. સમાચાર છપાઈ ગયા. પોલીસે જેના ઘરે ચોરી થઈ હતી તેમને અને ખલીલ ધનતેજવીને બોલાવ્યા. પીએસઆઈએ બધાને ખૂબ ખખડાવ્યા. તેમણે ખલીલ ધનતેજવીને કહ્યું કે પોલીસમાં રિપોર્ટ ના લખાયો હોય તો તમે સમાચાર શી રીતે છપાવી શકો? તેમણે જવાબ આપ્યો કે એ મારી જવાબદારી નથી. મારા માટે જે ઘટના બની તેમાંથી સમાચાર બનતા હતા એ મહત્ત્વનું છે.

પોલીસે કહ્યું, એમ કઈ રીતે તમે સમાચાર બનાવી શકો?

લેખકે જવાબ આપ્યો, બનાવી શકાય, અત્યારે આપણી જે મિટિંગ થઈ તેના પણ સમાચાર બની શકે.

પોલીસે તરત તેમને જવા દીધા.

★★★

લેખક પર તેમના દાદાની ઘણી મોટી અસર. પહેલી વાર તેમણે દાદાને ચાર પંક્તિઓ સંભળાવી. તો દાદાએ પૂછ્યું હતું કે ક્યાંથી ઉતારી લાવ્યો? તેમણે જવાબ આપ્યો હતો કે આપમેળે જ ઊતરી છે. દાદાની આંખમાં વિસ્મય અને કુતૂહલ હતાં. તેમણે કહ્યું કે તું વધારે લખ.

લેખકની કવિ તરીકેની થોડી થોડી ખ્યાતિ થવા લાગી. એ પછી બાજુના ગામના શિક્ષક સતીષ ડણાક તેમને તેમના ઘરે મળવા આવ્યા હતા અને લેખકની કવિતાઓ સાંભળીને ખૂબ રાજી થયા હતા.

ખલીલ ધનતેજવીનું પહેલું પુસ્તક ભજનની ચોપડી હતું તેવું કોણ માને? પરંતુ એવું જ હતું. તેમના ગામના તેમના મિત્ર મંગુભાઈ પટેલે તેમને ઓફર કરી કે તું ફિલ્મી ઢાળ પર ગુજરાતી ભાષામાં ભજન લખે તો હું એની ચોપડી છપાવીશ. લેખકે એ ઓફર સ્વીકારી લીધી. સાવલી ગામના પ્રેસવાળાએ કહ્યું કે ક્રાઉન સાઈઝની સોળ પાનાની ચોપડી છપાવો તો સારું રહેશે(ખર્ચની દષ્ટિએ સારું રહેશે) ખલીલ ધનતેજવીએ એ સમયે લોકપ્રિય થયેલાં ફિલ્મી ગીતોના ઢાળ મુજબ સોળ ભજન-ગીતો લખ્યાં. એમાં શ્રીરામને નજર સમક્ષ રાખીને માત્ર એક જ ગીત-ભજન લખાયું. બાકીનાં પંદર ગીતો શ્રીકૃષ્ણ ઉપર લખાયાં હતાં. એ ચોપડીનું નામ હતું નૂતન ભજનમાળા. એક હજાર પ્રત છપાવવામાં આવી હતી અને સવાસો રૂપિયા ખર્ચ થયો હતો. ચોપડીની કિંમત ૨૫ પૈસા રાખવામાં આવી હતી. લેખક કહે છે કે મારા શબ્દોને આ રીતે છપાયેલા જોઈને મને જે આનંદ થયો હતો તેનું વર્ણન અત્યારે શક્ય નથી.

★★★

એ પછી તો લેખકના જીવનમાં ઘણા આરોહ-અવરોહ આવ્યા. ખેતીમાં સારાવાટ નહોતા એટલે તેમણે કાપડની ફેરી પણ કરેલી. નામું પણ લખ્યું હતું. એ બધા અનુભવો ખૂબ જ રોમાંચક અનુભવો છે. એ વખતના કોંગ્રેસ અગ્રણી મણિભાઈ શાહ(વાસણવાળા)એ તેમને ચૂંટણી સભામાં કવિતા વાંચવા ઊભા કરી દીધેલા. પછી તો તેઓ તેમના આમંત્રણથી ‘સાવલી સર્જન’ સામયિકના સહતંત્રી બનેલા. આગળ જતાં તેમણે સહકાર સિંધુ નામનું માસિક પણ મિત્રની મદદથી શરૂ કરેલું. આ ગાળામાં જ તેમનાં પત્ની રોશન ખૂબ જ ગંભીર બીમારીમાં પટકાયેલાં. વડોદરા ઉપરાંત નડિયાદ, ગોધરા વગેરે સ્થળોએ તેઓ ડૉક્ટરો અને હૉસ્પિટલો બદલતા રહેલા. આર્થિક રીતે ખૂંવાર થઈ ગયા

હતા. જો કે પત્નીને બચાવી શક્યા નહોતા.

ખલીલ ધનતેજવીએ નવલકથાઓ પણ લખી છે. વડોદરામાં શરૂ થયેલા એક ફિલ્મી સામયિક માટે તેમણે મુંબઈમાં રિપોર્ટિંગ પણ કર્યું છે. અમિતાભ બચ્ચન અને જયાનું લગ્ન થયું તેમાં માત્ર બે જ પત્રકારો હાજર હતા. તેમાં એક ખલીલ ધનતેજવી હતા. રાજેશ ખન્ના અને ડિમ્પલના લગ્નનું તેમણે વિગતવાર રિપોર્ટિંગ કર્યું હતું. રાજેશ ખન્નાએ યાદ રાખીને તેમને ખાસ બોલાવ્યા હતા. મુમતાઝના લગ્નનું પણ તેમણે રિપોર્ટિંગ કર્યું હતું.

ખલીલભાઈએ ફિલ્મો લખી પણ ખરી અને તેનું દિગ્દર્શન પણ કર્યું. માત્ર ચાર ચોપડી ભણેલા આ સર્જક ઉપર ઘણા વિદ્યાર્થીઓએ પીએચ.ડી. અને એમ.ફિલ. પણ કર્યું છે. રમૂજ થાય એવી વાત એ છે કે વડોદરામાં વર્ષો સુધી ડ્રાઈવિંગ લાયસન્સ વગર સ્કૂટર ચલાવનાર આ લેખક પુત્રના આગ્રહથી ડ્રાઈવિંગ લાયસન્સ કઢાવવા ગયા ત્યારે તેમને ના પાડી દેવામાં આવેલી. કારણ કે તેઓ આર.ટી.ઓ.ના નિયમ પ્રમાણે આઠ ચોપડી સુધી ભણ્યા નહોતા.

એક વખત રમેશ પારેખ અને ખલીલ ધનતેજવી મુશાયરામાં જતા હતા. બન્નેને બીડી પીવાની આદત. બન્ને ત્રીસ નંબરની બીડી પીવે. રસ્તામાં એક ગામની ભાગોળે ઊભા રહ્યા. રમેશ પારેખે ત્રીસ નંબરની બીડી માગી. જો કે નહોતી. બધી મોટી અને જાડી ભૂંગળા જેવી બીડીઓ મળતી હતી. એની તમાકુ કડક એટલે આ બે કવિઓને ફાવે નહીં.

રમેશે તેને પૂછ્યું, અહીં સોફેસ્ટિકેટેડ લોકોને તું જે બીડી આપતો હોય, તે બીડી આપ.

એટલે હું કંઈ સમજ્યો નહીં? ગલ્લાવાળાએ કહ્યું.

ગલ્લાવાળાને સોફેસ્ટિકેટેડ સમજાયું નહીં. એટલે ખલીલભાઈએ કહ્યું, સારા માણસો જે બીડી પીતાં હોય તે અમને બીડી અમને આપ.

તેણે જવાબ આપ્યો, સારા માણસ તો બીડી પીવે જ નહીં ને!

★★★

ખલીલભાઈના જીવનમાં 'સ' શબ્દનું ઘણું મહત્ત્વ છે. તેમનું પ્રથમ સંતાન દીકરી. દીકરીનું નામ સલમા રાખવામાં આવ્યું હતું. પત્રકારત્વ ક્ષેત્રે પ્રથમ સાપ્તાહિક સાવલી સર્જન હતું. એ પછી પ્રથમ વાર્તા માસિક સહકારસિંધુ હતું. તેમની પ્રથમ નવલકથાનું નામ સુંવાળો ડંખ હતું. પ્રથમ નાટકનું નામ સાવ અધૂરા લોક હતું. તેમણે પોતાના પ્રથમ ગઝલ સંગ્રહનું નામ કદાચ નક્કી કર્યું હતું. આખું પુસ્તક પણ છપાઈ ગયું હતું, પરંતુ આ જ નામનો અનિલ જોશીનો કાવ્ય સંગ્રહ વીસ વર્ષ પહેલાં પ્રકાશિત થઈ ગયો હતો અને અનિલ જોશીનો ખૂબ જ આગ્રહ હતો એટલે તેમણે કદાચ નામ બદલીને સાદગી નામ રાખ્યું હતું. એ રીતે 'સ' સાથેનો તેમનો સંબંધ અકબંધ જ રહ્યો. એ પછી તેમના ગઝલ સંગ્રહોનાં નામ આ પ્રમાણે છે. સારાંશ, સૌગાત, સૂર્યમુખી અને સાયબા.

ઘણું બધું કહેવાનું મન થાય તેવું આ પુસ્તકમાં હજી છે. લેખક પોતે કહે છે તેમ જાસાચિઠ્ઠી સિવાયનું બધું જ તેમણે લખ્યું છે. લખવા ખાતર નથી લખ્યું. ખૂબ સુંદર લખ્યું છે. તેમણે વાચકોને ન્યાલ કર્યા છે અને ગુજરાતી ભાષાને રળિયાત કરી છે. એક સર્જકને જ્યારે તમે તેમના શબ્દો દ્વારા, તેમના જીવન અંગે વાંચો કે સાંભળો છો ત્યારે તમે કોઈ નવી દુનિયામાં જ જતા રહો છો.

ખલીલ ધનતેજવી કોઈ શહેરમાં ઊગેલો કે પાંગરેલો છોડ નથી. અત્યારે ભલે નગરમાં રહેતા હોય, પરંતુ તેમના મૂળ તો છે ગામડામાં. તેમની સંવેદનાનું મૂળ અને કુળ વેદનાનું છે.

દેશ-વિદેશમાં તેમને અનેક ચાહકો મળ્યા છે. ખલીલ ધનતેજવી ગઝલ રજૂ કરે તે સાંભળવું અને જોવું તે લ્હાવો છે. એક શેર પૂરો થાય ત્યાં તો બીજા ધસમસતો શેર આવી જાય. કાન અને હૃદય એક પછી એક ખુશ થતાં રહે અને તમે તેમના શબ્દ-પ્રવાહમાં તણાતા રહે.

સોગંદનામું પુસ્તક જાણીતા પ્રકાશક ઈમેજ પબ્લિકેશન પ્રા. લિ.(મુંબઈ, અમદાવાદ) દ્વારા પ્રકાશિત થયું છે. ૨૪૪ પાનાંના આ પુસ્તકની કિંમત માત્ર ૨૫૦ રૂપિયા છે. સારું વાંચવાની ટેવ હોય તો આ પુસ્તક અચૂક વાંચવા જેવું છે.

(પોઝિટિવ મીડિયા માટે પુસ્તક અવલોકન, રમેશ તન્ના, મોબાઈલ નંબરઃ ૯૮૨૪૦૩૪૪૭૫)

## ચાર દેવીમંદિરો
**ભાણદેવજી**

---

હિમાલય શિવ-શક્તિનું સ્થાન છે. અલકનંદા-વેલીમાં વિષ્ણુમંદિરો વિશેષ છે, પરંતુ તે સિવાય હિમાલયમાં શિવજી અને શક્તિનાં મંદિરો વિશેષ છે. વસ્તુતઃ હિમાલયમાં શિવમંદિરો કરતાં પણ શક્તિમંદિરો અર્થાત્ દેવીમંદિરો વધુ છે. હોય જ ને! હિમાલય જગદંબા પાર્વતીનું જન્મસ્થાન છે. પોતાની સખીના જન્મસ્થાનમાં બીજી સખીઓ પણ આવી જ જાય ને! અહીંના લોકો શિવજી કરતાં પણ શક્તિની ઉપાસના વધુ કરે છે. કેમ ? બાપ કરતાં મા વધુ પ્રેમાળ અને સદ્યકૃપાકારિણી હોય છે !

હિમાલયમાં ગણ્યાં ગણાય નહીં તેટલાં અપરંપાર દેવીમંદિરો છે. અહીં આપણે ચાર દેવીમંદિરોની વાત કરવી છે.

**૧. પાઁવ કી દેવી :**

અમે હૃષીકેશથી બદરીનાથ માર્ગ પર આગળ વધી રહ્યા છીએ. બ્રહ્મપુરી અને શિવપુરી વટાવીને અમે આગળ વધ્યા. હૃષીકેશથી ૨૧ કિ.મી. આગળ ચાલીએ એટલે જમણી બાજુએ વસિષ્ઠ ગુફા આશ્રમ આવે છે અને ડાબી બાજુએ વસિષ્ઠ ગુફા આશ્રમની સામે જ ગુલરઘાટીનો રસ્તો છે. આ રસ્તો જ પાઁવ કી દેવીનો રસ્તો છે. બદરીનાથનો મુખ્ય માર્ગ છોડીને અમે આ રસ્તો પકડ્યો. આ રસ્તા પર પ્રારંભમાં જ એક નાની વસાહત છે. તેને 'ગુલર' કહે છે અને તેના નામ પરથી આ વિસ્તારને 'ગુલરઘાટી' કહે છે. અમે થોડી વાર આ ગુલર-વસાહતમાં રોકાયા. ફોટોગ્રાફરોએ પોતાનું પ્રિય કાર્ય કર્યું અને અમે આગળ ચાલ્યા.

ગુલરઘાટીના રસ્તા પર ૧૫ કિ.મી. આગળ ચાલીએ એટલે ગોયલગાઁવ નામનું એક નાનું ગામ આવે છે. આ ગામમાં એક ગુફા છે. આ ગુફાનું નામ છે કૈલાસ- ગુફા! હિમાલયમાં કેટલી ગુફાઓ છે ? માથાના વાળ કેટલા ? અસંખ્ય. તો હિમાલયની ગુફાઓ પણ અસંખ્ય! એટલું જ નહીં, અપરંપાર ગુફાઓ હજુ ગુપ્ત છે અને નવીનવી ગુફાઓ પ્રકાશમાં આવી રહી છે. ખોજકાર્ય ચાલુ જ છે. બીજા ત્રણ કિ.મી. આગળ ચાલીએ એટલે નાઈગાઁવ આવે છે. આ નાઈગાઁવમાં પાઁવ કી દેવીનું મંદિર છે.

કેટલાક નકશામાં આ મંદિર અને દેવી માટે 'પાંગીદેવી' શબ્દનો પ્રયોગ થયો છે, પરંતુ આ બરાબર નથી. આ વિસ્તારના લોકો અને મંદિરના દ્વાર પરના બૉર્ડ પરથી સ્પષ્ટ લાગે છે કે આ પાંગીદેવી નહીં, પરંતુ પાઁવ કી દેવી છે.

આ વિસ્તારને ગુલરઘાટી વિસ્તાર કહે છે. આ વિસ્તારમાં કુલ ૩૨ ગામ છે. આ ૩૨ ગામના સર્વ લોકો માટે પાઁવ કી દેવી ઇષ્ટદેવી છે. સૌ આ દેવીને માને છે, તેમની માનતા માને છે, તેમનાં દર્શન-પૂજન કરે છે અને તેમની સમક્ષ નૈવેદ્ય આદિ ધરાવે છે. આ ૩૨ ગામની આ ઇષ્ટદેવી હોવાથી આ સમગ્ર વિસ્તારને અર્થાત્ ગુલરઘાટી વિસ્તારને પાઁવ કી દેવી વિસ્તાર પણ કહે છે. આમ પાઁવ કી દેવી એક દેવીનું નામ છે, મંદિરનું નામ છે, તેમ ૩૨ ગામના આ સમગ્ર વિસ્તારનું નામ પણ છે જ !

અમે પાઁવ કી દેવીના મંદિર પાસે પહોંચ્યા. એક વિશાળ પહાડની ગોદમાં મંદિર વસેલું છે. સામે જ એક મોટું પ્રવેશદ્વાર છે. પ્રવેશદ્વાર પર જ લખેલું છે 'પાઁવ કી દેવી.' દ્વાર પર અનેક ઘંટાઓ લટકે છે. અહીં હિમાલયમાં દેવને ઘંટ ચડાવવાની પરંપરા છે. તે રીતે અહીં દેવીને ચડાવેલા ઘંટ અહીં લટકે છે. કેટલાંક મંદિરોમાં તો આવા હજારો ઘંટ લટકતા જોવા મળે છે.

મંદિરના પ્રવેશદ્વારની બહાર એક નાનું મંદિર છે. આ કાલીમંદિર છે. પહેલાં અહીં પશુબલિ થતો. સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે હવે પશુબલિની પ્રથા બંધ છે. અમે

પ્રવેશદ્વારમાંથી પસાર થઈને મંદિર સમક્ષ પહોંચ્યા. મંદિરની અંદર પ્રવેશ થાય છે. અમે પણ પ્રવેશ પામ્યા. અનેક દર્શનાર્થીઓ આવ્યાં છે. દેવીને સૌ ભાતભાતની નૈવેદ્યસામગ્રી અને થોડું ધન પણ ચડાવે છે.

પૂજારીજીએ અમને સમજાવ્યું કે જગદંબા સતીના શરીરનાં બાવન અંગો પૃથ્વી પર ભિન્ન સ્થાનોમાં પડ્યાં અને તદનુસાર બાવન શક્તિપીઠો બની છે. અહીં જગદંબાના 'પાઁવ' પડ્યા છે, તેથી આ 'પાઁવ કી દેવી' શક્તિપીઠ છે.

થોડી વાર અમે મંદિરના પ્રાંગણમાં બેઠા છીએ. અચાનક અમને પહાડની પાછળના વિસ્તારમાંથી ઢોલ અને શરણાઈનો અવાજ સંભળાયો. જાણવા મળ્યું કે પહાડની પાછળના પજેગાઁવના ભક્તો પોતાની માનતા પૂરી કરવા આવી રહ્યા છે. સાથે ગામના પ્રધાન(સરપંચ) પણ આવે છે. મંડળી ધીમેધીમે મંદિરના પ્રવેશદ્વાર પાસે પહોંચી. પ્રધાન એક બહેન છે. સૌ મંદિરમાં પ્રવેશ્યાં. અમે સામેના ઓટલા પર બેઠા છીએ. સૌએ દેવીને નૈવેદ્ય, સાડીઓ, બંગડીઓ, કુમકુમ આદિ અર્પણ કર્યાં.

થોડી વારમાં ઢોલ વગાડવાની પદ્ધતિ બદલાઈ અને એકીસાથે ચાર-પાંચ બહેનો ધૂણવા માંડ્યાં. મંદિરના પ્રાંગણમાં તેમનું કૂદવાનું અને ચીસો પાડવાનું ચાલ્યું. જેમજેમ ઢોલ વગાડવાની તીવ્રતા વધે છે, તેમતેમ ધૂણવાની તીવ્રતા પણ વધે છે. પછી તો કેટલાક પુરુષો પણ જોડાયા. પ્રધાન બહેન શાંતિથી ઊભાં રહીને માત્ર જુએ છે. આખરે બધું શાંત થઈ ગયું. પૂજારીજીએ દૂરથી મારો પરિચય આપ્યો. પ્રધાન બહેન મારી પાસે આવ્યાં. અમે બધાં મંદિરના પ્રાંગણમાં બેઠાં. આ વિસ્તાર અને આ મંદિર વિશે થોડો વાર્તાલાપ થયો. પ્રધાન બહેને અમને પોતાને ગામ પજેગાઁવ આપવા નિમંત્રણ આપ્યું, પણ તે શક્ય ન બન્યું.

મંદિર જે પહાડની ગોદમાં છે, તે પહાડની ટોચ પર ઘંટાકર્ણનું મંદિર છે. હિમાલયમાં અનેક સ્થાને ઘંટાકર્ણ અર્થાત્ ઘંટ્યાલદેવનાં મંદિરો છે. ઘંટાકર્ણ આ ક્ષેત્રના રક્ષક દેવ કે કોટવાલ ગણાય છે. આખી મંડળી હવે ઉપર ઘંટાકર્ણ મંદિર જવાની છે. અમને પણ નિમંત્રણ મળ્યું. પગદંડીનો રસ્તો છે. કઠિન ચડાઈ છે, પરંતુ અંતર બહુ નથી. સૌની સાથે અમે પણ મંદિર સામે પહોંચ્યા. તે મંદિરમાં પણ તે જ નૈવેદ્યનું અર્પણ, ધૂપદીપ આદિ. અહીંથી પહાડની બીજી બાજુનાં અનેક ગામોનાં દર્શન થાય છે. અહીંથી અમારે કુંજાપુરી જવાનું છે. પ્રધાન બહેને કહ્યું કે અહીંથી કુંજાપુરી જવાની પહાડી પગદંડી છે, પરંતુ અમારી સાથે મોટર છે અને મોટરમાર્ગ તો હૃષીકેશ થઈને જ કુંજાપુરી જાય છે.

તેઓ સૌ પોતાના ગામ પજેગાઁવ તરફ ચાલ્યાં. અમે પહાડ ઊતરીને અમારી મોટર પાસે પહોંચ્યા.

મોટર પ્રારંભમાં ગુલર તરફ અને પછી હૃષીકેશ તરફ દોડવા લાગી.

અમે જોયું કે 'પાઁવ કી દેવી' અને કુંજાપુરી વચ્ચેનું સીધું અંતર ખૂબ ઓછું છે, પરંતુ વચ્ચે મોટામોટા પહાડો છે અને પગદંડીનો ટૂંકો માર્ગ છે, પરંતુ મોટરમાર્ગે જવું હોય તો આ અંતર અનેકગણું વધી જાય છે.

આ વાહનોએ આપણને પંગુ બનાવી દીધા છે !

**૨. કુંજાપુરી દેવી :**

હવે અમારે કુંજાપુરી દેવીના મંદિરે જવું છે.

નકશામાં અને પુસ્તકોમાં તો આ દેવી માટે કુંજાપુરી શબ્દનો પ્રયોગ થયો છે, પરંતુ અહીંના પૂજારીઓ અને અન્ય અધિકારીઓ કહે છે - આ દેવીનું નામ કુંજાપુરી દેવી નહીં, પરંતુ કુંચાપુરી દેવી છે. તેમની એવી માન્યતા છે કે અહીં જગદંબા સતીનાં કુચ અર્થાત્ સ્તન પડ્યાં હતાં. તદનુસાર આ દેવીનું નામ કુચાપુરી છે. અને આ સ્થાન એક શક્તિપીઠ છે. એકાવન શક્તિપીઠની શાસ્ત્રીય યાદીમાં આ સ્થાનનો શક્તિપીઠ તરીકે ઉલ્લેખ નથી.

અમારી મોટરકાર હૃષીકેશથી નરેન્દ્રનગર તરફ દોડી રહી છે. આકાશ વાદળાંથી ઘેરાયેલું છે, એટલે અમે નરેન્દ્રનગરથી ચંબા તરફ જતા રસ્તા પર ૬ કિ.મી. ચાલ્યા પછી કુંજાપુરીનો રસ્તો છૂટો પડે છે. ચંબા તરફ જતાં મુખ્ય માર્ગને છોડીને અમે કુંજાપુરીના રસ્તા પર ચડ્યા. અહીંથી ૬ કિ.મી. આગળ ચાલતાં કુંજાપુરી મંદિરની નીચેની તળેટીમાં પહોંચાય છે. તદનુસાર અમે પણ ત્યાં પહોંચ્યા. એક પહાડની ટોચ પર કુંજાપુરી દેવીનું મંદિર છે. અહીંથી પાકાં બાંધેલાં પગથિયાં છે અને હવે અમારે ચાલીને આગળ જવાનું છે.

આખો દિવસ મોટરમાં બેસીને યાત્રા કરીએ તો તે

યથાર્થ યાત્રા ન ગણાય! ક્યારેક ચાલવું પણ પડે અને ક્યારેક આકરી ચડાઈ પણ ચડવી પડે, સમજ્યા?

હા-હા! બરાબર સમજું છું! ચાલવું જ પડે અને ચાલવા તૈયાર પણ છું. તો, ચાલો! ભલે, ચાલો! ચાલીએ! અને અમે ચાલવાનો પ્રારંભ કર્યો.

પથ્થરથી બનાવેલાં પાકાં મોટાં પગથિયાં છે. ઉપર પ્રારંભથી અંત સુધી પગથિયાં પર છાપરું બાંધેલું છે. અમે ચાલ્યા અને પહોંચ્યા. અંતમાં થોડાં પગથિયાં તૂટી ગયાં છે. રિપેરકામ ચાલે છે. અમે કઠોડો કૂદીને આગળ ચાલ્યા.

અમે ટોચ પર પહોંચ્યા. ટોચ પર વિશાળ પ્રાંગણ છે. પહાડની ટોચ પર આટલું વિસ્તૃત પ્રાંગણ! આશ્ચર્ય! આશ્ચર્ય ન પામો. સર્જકની બનાવેલી આ સૃષ્ટિમાં બધું જ શક્ય છે. સામે જ જગદંબાનું મંદિર છે. આજબાજુ બીજાં અનેક મકાનો છે. મંદિરની સાથે જોડાજોડ મોટી યજ્ઞશાળા છે. ખુલ્લું આકાશ છે. ચારેય બાજુના હિમાલયનો વિસ્તૃત વિસ્તાર જોઈ શકાય છે. મન પ્રસન્ન થઈ ગયું. હવે અમે જગદંબાના મંદિરમાં પ્રસન્ન મનથી પ્રવેશ કરીએ છીએ. જગદંબાના મંદિરમાં તો પ્રસન્ન મને જ જવાય ને! 'દેવો ભૂત્વા દેવં યજેત્' આ વિધાનનો આ જ તો અર્થ છે ને!

આ મંદિરના સંચાલકોની એવી માન્યતા છે કે અહીં કુંચાદેવી બિરાજમાન છે. તદનુસાર દેવીના સ્તનવિસ્તારનાં અહીં દર્શન કરાવાય છે. મંદિરના ગર્ભગૃહમાં બીજી મૂર્તિઓ પણ છે. ભક્તો ભાતભાતની વસ્તુઓ દેવીને ચડાવે છે. અમે પૂજારીજી પાસે દેવી સન્મુખ બેસીને શ્રીસૂક્તનો પાઠ કર્યો. પુનઃ પ્રણામ કરીને અમે બહાર આવ્યા. પ્રસાદ મળ્યો.

અમે મંદિરની બહાર આવ્યા. સૌ મંદિરના વિશાળ પ્રાંગણમાં પોતાની રીતે લટાર મારી રહ્યા છે. ચારેય બાજુ ફેલાયેલાં અપરંપાર પર્વતો અને વનશ્રીનું નિરીક્ષણ ચાલે છે. આ હિમાલય શું છે? નગાધિરાજ દેવાત્મા છે. જેમ મંદિરમાં બિરાજમાન કુંજાપુરી એક દેવતા છે, તેમ આ અફાટ, અગાધ હિમાલય પણ એક દેવતા છે. કુંજાપુરી દેવી અને મંદિરમાં બિરાજમાન દેવ-દેવીઓનાં દર્શન જરૂર કરીએ, પરંતુ હિમાલયમાં બિરાજમાન દેવતાને ચૂકી ન જઈએ, તેમની અવગણના ન કરીએ, અન્યથા હિમાલયયાત્રા અધૂરી રહી ગણાશે !

અમે દેવીના પ્રાંગણમાં વિચરણ કરી રહ્યા છીએ. અચાનક મારી નજર એક ત્રીજી દેવી પર ગઈ! ત્રીજી દેવી કોણ? દુઃખદેવી? હા, દુઃખદેવી! જેમ આનંદની એક દેવી છે, તેમ દુઃખની પણ એક દેવી હોવી જોઈએ અને તે જ તો અહીં આ યજ્ઞશાળાના ઓટલા પર બિરાજમાન નથી ને! યજ્ઞશાળાના આ ઓટલા પર એક અતિશય કૃશ વૃદ્ધા બેઠાં છે. સાવ સફેદ વાળ, અતિ કરચલીઓવાળો ચહેરો, કૃશ શરીર, મેલીઘેલી સાડી!

મારાં પગલાં અનાયાસે તેમની તરફ મંડાયાં જ! અમે બેઠાં, વાતો થઈ. તેમને થયુંઃ હા, મારા જીવનની દારુણ કથની સાંભળનાર કોઈક તો છે!

બાલવયે આ મંદિરના પૂજારી પરિવારમાં લગ્ન થયાં. એક પુત્રના જન્મ પછી વૈધવ્ય આવ્યું. પુત્ર મોટો થઈને પૂજારી બન્યો. પુત્રનાં લગ્ન થયાં. પુત્રને ગાંડપણ આવ્યું. પુત્રવધૂ કોઈને જાણ કર્યા વિના ચાલી ગઈ. પુત્રનું ગાંડપણ ખૂબ વધ્યું. લોકો બાંધે ને તેને ખૂબ મારે! એક રાત્રે બંધન છોડીને-તોડીને પુત્ર ક્યાંક ચાલ્યો ગયો છે! ક્યાં? કોઈને ખબર નથી. અસ્થિર મનનો આ એકનો એક પુત્ર જંગલમાં ક્યાં ભટકતો હશે? કોઈને ખબર નથી!

આ દુખિયારી માતા શું કરે? કાંઈ જ નહીં, માત્ર એકલાં-એકલાં રુદન કરે! તેમને મદદ કરનાર કોઈ છે? ના, કોઈ જ નથી! કહો આ દુખિયારી માતાને શું નામ આપવું?

દુઃખદેવી!

**૩. સુરખંડા દેવી :**

કુંજાપુરીથી પાછા ફરીને અમે પુનઃ નરેન્દ્રનગર ચંબા રોડ પર આવી ગયા છીએ. ચંબા પણ પસાર કરીને અમારી મોટરકાર આગળ દોડી રહી છે. ચંબાથી વીસ કિ.મી. સુધી મોટરરસ્તો છે. ત્યાર પછી બે કિ.મી. પહાડ પર પગરસ્તે ચડવાનું છે. અમે ચંબાથી ૧૯ કિ.મી.નો પંથ કાપ્યો. હવે એક કિ.મી.નો પંથ બાકી છે. અમે અટકી ગયા. અમે એક સુંદર મંદિર અને મઠ જોયો. નાનું બૉર્ડ હતું ‘વિજયકૃષ્ણ ગોસ્વામી મઠ.” અમે આનંદ અને આશ્ચર્યથી છક થઈ ગયા. અહીં હિમાલયમાં વિજયકૃષ્ણ ગોસ્વામીનો મઠ! મોટરમાંથી ઊતરીને મઠની અંદર ગયા. પહાડની ટોચ પર શુદ્ધ આરસનું મંદિર! પગથિયાં પણ આરસનાં! મન પ્રસન્ન થઈ ગયું.

પગથિયાં પાસે જ એક ઘંટ મૂક્યો છે. અમે ઘંટ વગાડ્યો. એક સાધુ આવ્યા. અન્યોન્ય નમસ્કાર થયા.

હિમાલયમાં વિજયકૃષ્ણ ગોસ્વામીનું આ પ્રથમ મંદિર છે. મૂળ બંગાળના મહાન સંત. રામકૃષ્ણદેવનાં કથામૃત અને લીલામૃતમાં વિજયકૃષ્ણ ગોસ્વામીનો વારંવાર ઉલ્લેખ આવે. ચૈતન્ય મહાપ્રભુના પ્રધાન પાર્ષદ અદ્વૈત ગોસ્વામીના વંશજ, તેથી વિજયકૃષ્ણ ગોસ્વામી ગણાય છે.

હિમાલય સહિતના ભારતમાં સંતો-સિદ્ધોનો સત્સંગ પામવા ખૂબ પરિભ્રમણ કરેલું. ઠાકુર રામકૃષ્ણ સાથે ગાઢ સંપર્કમાં આવ્યા. જીવનનાં અંતિમ વર્ષો જગન્નાથપુરીમાં ગાળ્યાં. આજે પણ વિજયકૃષ્ણ ગોસ્વામીજીની સમાધિ જગન્નાથપુરીમાં છે.

મંદિરની રચના પરિપૂર્ણ થઈ ગઈ છે, પરંતુ દર્શનનો સમય ન હોવાથી અમને મંદિરમાં દર્શન ન થયાં. મંદિર બની ગયું, પરંતુ મઠની રચનાનું કાર્ય બાકી છે, તેથી અમને અહીં રાત્રિનિવાસ પણ ન મળ્યો, માત્ર એટલું આશ્વાસન જ મળ્યું:

''દુબારા કભી આના, સબ હો જાયેગા.''

અમે અમારી મોટરમાં બેસીને આગળ ચાલ્યા. માત્ર એક જ કિ.મી. ચાલતાં જ સુરખંડાદેવીનો પહાડ પર ચડવાનાં પગથિયાં પાસે મોટર ઊભી રહી. સૂર્યાસ્ત થઈ ગયો છે. અંધારું થઈ ગયું છે. બાંધેલા પગથિયાં છે, પરંતુ ૨ કિ.મી.ની આકરી ચડાઈ છે. ભલે ને આકરી ચડાઈ હોય! કઠિન હોય તો-તો ખાસ જવાનું! અમે આગળ ચાલ્યા.

અંધારી રાત પણ સાવ અંધારી હોતી નથી. થોડોથોડો પ્રકાશ તો હોય જ ને! તે થોડા પ્રકાશના આધારે-આધારે અમે આગળ ચાલ્યા. સાંભળ્યું છે કે આ વિસ્તારમાં વાઘ નથી, પરંતુ રીંછ ખૂબ છે ! તે ભલે ને રીંછ હોય ! તેમાં આપણને શો વાંધો છે? અમે તો ચાલ્યા આગળ ને આગળ અને ઉપર ને ઉપર! ચારે બાજુ વૃક્ષોની ઘટા, ઊબડખાબડ પગથિયાં અને વાંકોચૂકો રસ્તો! અમે હાંફતાં-હાંફતાં, અથડાતાં-કૂટાતાં આખરે ઉપર પહોંચ્યા. ભગવાન ઈસુએ બરાબર કહ્યું છે :

''જે ચાલશે તે પહોંચશે.''

અને એ જ વાત વેદના ઋષિ પણ કહે છે:

''બેસી રહેનારનું ભાગ્ય બેસી રહે છે અને ચાલનારનું ભાગ્ય ચાલે છે!''

અમે ચાલ્યા, અમારું ભાગ્ય પણ ચાલ્યું અને એમ અમે બંને સુરખંડાદેવીના મંદિર પાસે પહોંચી ગયા.

દેવીનું મંદિર નવું બન્યું છે, પરંતુ દેવીની પ્રતિષ્ઠા હજુ આ વિશાળ, નવા મંદિરમાં થઈ નથી. દેવી હજુ એક નાની કુટિયામાં બિરાજે છે. બધે વીજળીનો પ્રકાશ છે, પરંતુ અહીં દેવીની આ કુટિયામાં માત્ર એક નાનો દીપક પ્રગટાવેલો છે. અમે ઝાંખા-ઝાંખા પ્રકાશના આધારે આ કુટિયામંદિરમાં પહોંચી ગયા. માત્ર બે જ પૂજારીઓ છે. અમારા સિવાય અન્ય કોઈ યાત્રી પણ નથી. સાંજની આરતીની તૈયારી થઈ છે. જગદંબાની સાયંપૂજા અને આરતી થઈ. ભાવવિભોર અવસ્થામાં જગદંબાનાં સ્તોત્રો ગવાયાં. પ્રસાદ વહેંચાયો. અમને પણ પ્રસાદ પ્રાપ્ત થયો. પૂજારીજીએ કહ્યું :

''સામાન્ય રીતે અહીં સાંજની પૂજામાં કોઈ યાત્રીઓ આવતાં નથી. તમે ભાગ્યવાન છો કે આ સાંજની પૂજામાં હાજર રહી શક્યા છો!''

અમે વૃદ્ધ પૂજારીજીને પણ વંદન કર્યાં.

અહીં પણ અમને કહેવાયું :

''અહીં જગદંબા સતીનું શિર પડ્યું હતું, તેથી આ દેવીનું ખરું નામ 'શિરખંડા' છે. 'સુરખંડા' તો તેનું અપભ્રંશ પામેલું સ્વરૂપ છે. તદનુસાર અહીંના ભક્તો આ સ્થાનને પણ એક શક્તિપીઠ માને છે!''

વસ્તુતઃ બાવન શક્તિપીઠોની શાસ્ત્રીય યાદીમાં આ સ્થાનનો શક્તિપીઠ તરીકે ઉલ્લેખ જોવા મળતો નથી.

અમે જગદંબાને પ્રણામ કરી, પૂજારીજીની વિદાય લઈ, નીચે ઊતરવાનો પ્રારંભ કર્યો. અંધારું તો છે જ અને ઊબડખાબડ રસ્તો પણ છે જ. અથડાતાં-કુટાતાં અને અથડાવા-કુટાવાનો આનંદ માણતાં-માણતાં અમે આખરે નીચે અમારી મોટર પાસે પહોંચ્યા.

અહીં આજુબાજુ બે-ચાર દુકાનો અને નાનીનાની હોટેલો છે, પરંતુ હવે અત્યારે અહીં કોઈ જ નથી. બધી દુકાનો-હોટેલોને તાળાં લાગી ગયાં છે. સૌ બાજુનાં ગામોમાં પોતપોતાને ઘેર ચાલ્યા ગયા છે.

અમે અમારી મોટરમાં બેઠા. અમારી મોટર સડસડાટ

આગળ ચાલી. થોડે આગળ જતાં ઘનૌલ્ટી નામનું એક ગામ આવ્યું. અમને અહીં ભોજન અને વિશ્રામસ્થાન બંને મળી ગયાં. આખા દિવસના થાકેલા હતા, તેથી ઊંઘ પણ તરત આવી ગઈ!

૪. ચંદ્રવદનીદેવી

દેવપ્રયાગથી એક રસ્તો ટિહરી તરફ જાય છે. દેવપ્રયાગથી ૨૭ કિ.મી. દૂર આ રસ્તા પર જમનીખાલ નામનું સ્થાન છે. તે સ્થાનથી એક રસ્તો ડાબી બાજુ ફંટાય છે. આ રસ્તો જુરાના સુધી જાય છે, અર્થાત્ યાત્રી જુરાના સુધી મોટર દ્વારા જઈ શકે છે. જુરાનાથી 'ચંદ્રવદનીદેવી' ૨ કિ.મી. છે. આ પગપાળા રસ્તો છે અને અહીં ચાલીને જવું પડે છે. આ પગપાળા રસ્તો સારી રીતે બાંધીને તૈયાર કરેલો છે. ચડાઈ પણ બહુ આકરી નથી, છતાં ચડાઈ તો છે જ! ચંદ્રવદનીદેવીનું મંદિર આ પહાડની ટોચ પર છે. દેવી તો ટોચ પર જ બિરાજે ને! એવરેસ્ટની ટોચ પર દેવીના મંદિરની સ્થાપના ક્યારે થશે? થશે તો દેવીનું નામ શું આપીશું?

''પરાશક્તિ!''

આ વિસ્તારમાં ચંદ્રવદનીદેવીની ઘણી માન્યતા છે. દૂરદૂરથી પહાડી લોકો પગપાળા ચાલીને આ સ્થાનનાં દેવીનાં દર્શન કરવા આવે છે. ખાસ કરીને આ વિસ્તારનાં નવપરિણીત યુગલો અહીં કોઈક માંગલિક વિધિ કરાવવા માટે આવતાં જોવા મળે છે!

આ દેવી ચંદ્રવદની કેમ કહેવાય છે? અહીંના લોકોની માન્યતા પ્રમાણે જગદંબા સતીનું ચંદ્ર જેવું વદન અર્થાત્ મુખ અહીં પડ્યું હતું, તેથી અહીં દેવીનું નામ ચંદ્રવદનીદેવી પડ્યું છે. કેટલાક લોકો આ 'વદન' શબ્દનો અર્થ ગુહ્યભાગ પણ કરે છે.

અમારી મોટરકારના ડ્રાઈવરે દેવપ્રયાગ પહોંચતાં પહેલાં જ મોટરકાર ડાબી બાજુ ઘુમાવી અને અમે ટિહરીના રસ્તા પર ચડ્યા. ત્યાંથી જમનીખાલ પહોંચ્યા એટલે મોટરકાર ફરી જમણી બાજુ ઘુમાવી અને અમે જુરાના પહોંચ્યા. હવે અહીંથી આગળ મોટર-રસ્તો નથી. અમે ચાલવાનો પ્રારંભ કર્યો. અમારામાંથી બે ભાઈઓની ચાલવાની હિંમત ન ચાલી. તેઓ અહીં જુરાનામાં જ અટકી ગયા. ચાલનારને કોઈ રોકી ન શકે, પરંતુ ન ચાલવું હોય તેને કોઈ ચલાવી પણ ન શકે! અમે તો 'ચરાતી ચરતો ભગઃ'ને વરેલા છીએ એટલે સરળતા કે કઠિનાઈનો વિચાર કર્યા વિના ચાલતા જ રહીએ છીએ. તદનુસાર ચાલ્યા, ચાલતા રહ્યા અને ચાલીશું તો પહોંચાશે તદનુસાર ચંદ્રવદનીમાતાના મંદિરના પ્રવેશદ્વાર પાસે પહોંચી ગયા!

અમે જોયું કે અનેક નવપરિણીત યુગલ અહીં માતાજી સમક્ષ બેઠું છે. પૂજારીજી તેમની પાસે કોઈ વિધિ કરાવે છે. આપણા પ્રદેશમાં નવપરિણીત યુગલ પોતાનાં કુળદેવીના મંદિરે છેડાછેડી છોડાવવા જાય છે, તેને મળતી જ આ કોઈ ક્રિયા છે. આ સમગ્ર વિસ્તારના ચંદ્રવદનીદેવી કુળદેવી કે ઇષ્ટદેવી છે તેમ જ ગણો!

અમે મંદિરમાં પ્રવેશ કર્યો. પૂજારીજીએ સ્મિતપૂર્વક અમારું સ્વાગત કર્યું. બાજુમાં બેઠેલાં યુવાન-યુવતીઓએ ખસીને અમને જગ્યા કરી આપી. અમે પણ સાથે બેઠા.

અહીં આ ચંદ્રવદનીદેવીના સ્વરૂપનું દર્શન ઘણું વિશિષ્ટ છે. મંદિરની અંદર એક નાનું મંદિર છે. આ નાના મંદિરના ઘુમ્મટની નીચે દેવીનું સ્વરૂપ છે. નીચું મસ્તક કરીને તેને ઉપર વાળીને જોઈએ તો માંડમાંડ જેવાંતેવાં દર્શન થાય છે. પૂજારીજી સમજાવે છે કે આ ઘુમ્મટમાં દેવીનું મુખ છે. તેનાં દર્શન કરવાનાં છે. અન્ય મતે આ ગુહ્યભાગ છે, તેથી તેનાં દર્શન ન કરી શકાય, પરંતુ પૂજા-નમસ્કાર કરીને સંતોષ માનવો જોઈએ. ભલે, જેવી તમારી આજ્ઞા. અમે પણ આ અડધાંપડધાં દર્શનથી સંતોષ માન્યો. જહાઁ જૈસા વહાઁ વૈસા!

પૂજારીજીની અનુમતિથી અમે દેવીની સમક્ષ શ્રીસૂક્તનો પાઠ કર્યો. થોડો પ્રસાદ મળ્યો. દેવીને પુનઃ નમસ્કાર કરીને અને પૂજારીજીની સંમતિ લઈને અમે વિદાય લીધી. મંદિરના પ્રાંગણમાંથી હિમાલયનો બહુ વિસ્તૃત વિસ્તાર જોઈ શકાય છે. હિમાલયમાં શું કે જીવનમાં શું, ઊંચાઈ જેમજેમ વધારે, દર્શન તેમતેમ વિસ્તૃત!

અમે ચાલ્યા અને પહોંચ્યા મોટર પાસે અને પછી મોટર દોડવા માંડી બદરીનાથના રસ્તા પર!

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## ૧૦. વારસો : રીઈન્સ્ટોલ્ડ

**શું પૂછવું છે**
**ખલીલ ધનતેજવી**

---

નદીને પૂછો, ગગનને પૂછો, ધરાને પૂછો; શું પૂછવું છે,
હજાર પ્રશ્નો છે સૌની પાસે, બધાને પૂછો; શું પૂછવું છે.

નથી અમે કંઈ અમારા ઘરમાં ઉછીનું અજવાળું લઈને બેઠા,
અમારા દીવા સળગતા રહેશે હવાને પૂછો; શું પૂછવું છે.

અમારી નેકી-બદીનો આખો હિસાબ મોઢે કરી લીધો છે,
ઊઠો ફરિશ્તા, તમે તમારા ખુદાને પૂછો; શું પૂછવું છે.

અમારા જખ્મો, અમારી પીડા, અમારી બીમારી ત્યાંની ત્યાં છે,
તબીબ પાસે જવાબ માગો, દવાને પૂછો; શું પૂછવું છે.

સફર છે લાંબી ને રસ્તો ટૂંકો, છે રાત થોડી ને વેશ ઝાઝા,
કરી આ કોણે દશા અમારી? દિશાને પૂછો; શું પૂછવું છે.

દરેક વાતે કશુંક ખૂટે, વિચાર ટાંકો ને ટેભાં તૂટે,
યુગોથી બેઠી છે આ પનોતી, દશાને પૂછો; શું પૂછવું છે.

ખલીલ, સૌમાં રહ્યો છે માણસ ને માણસાઈ મરી ચૂકી છે,
હયાતી પાસે જવાબ ક્યાં છે, ફનાને પૂછો; શું પૂછવું છે.

## "શાંતિ ક્યાં મળે? ...ચોથા માળે"

**રઈશ મનીઆર**
amiraeesh@yahoo.co.in

---

ધનશંકરની 'કોલમ' રદ થઈ. તેથી એ નિરાધાર થઈ ગયેલા તૂટી પડેલા સ્લેબ જેવા રહેતા હતા. જેને મળે એને એક જ સવાલ કરે, "જગતમાં શાંતિ ક્યાં મળે?"

"કશે બીજે ની અટવાટો ઓ'ય તો સાંટી પોતાના ઘરે, ચોથે માળે મળે!" બાબુ બાટલી કહ્યું.

"તમે શાંતિ'લાલ' નું કહો છો, હું પૂછું છું જગતમાં શાંતિ 'શ્વેત' ક્યાં મળે?"

હેમિશ એમની મદદે આવ્યો, "બાબુ અંકલ, એ મેલ શાંતિ અંકલની નહીં પેલી ફિમેલ શાંતિની સર્ચ કરે છે!"

"સાંટી આંટી કાં મલે એમ?"

પ્રેરણાડી બોલી, "અરે એ શાંતિ એટલે ક peaceની વાત કરે છે!"

"સાંટી નામના Piece કાં મલે એમ? અરે! આ કેવી ભ્રસ્ટ ડિમાંડ કરો છો?"

સુજ્ઞ સભ્યોએ Peaceના બીજા બે ઓપ્શનલ સ્પેલિંગ વિશે વાત કરી. Peas એટલે કે વટાણા પચાસ રૂપિયે કિલો મળે અને Piss એટલે કે શિવામ્બુ તો વિનામૂલ્યે મળે.

મેં ધનશંકરને સમજાવ્યા, "ઈશ્વરે ગ્રહો, ઉપગ્રહો, સૂર્યમંડળો, તારાઓને કોઈને શાંતિ આપી જ નથી, બધાંને ફરતાં રાખ્યાં છે, તો એ માણસને પણ ભટકતો જ રાખે ને!"

"અરે માણસ સ્થિર રહે ટો પન એનું મગજ તો ફરટું જ છે!"

"માનવને શાંતિ ન મળે?"

"માનવ સાચા દિલથી ઈશ્વર પાસે જે માંગે તે એને મળે!" દાનવ થતા રહી ગયેલા માનવ શાંતિલાલ બોલ્યા.

પ્રેરણાડી બોલી, "વાત તો સાચી છે, આજે ગોડે પપ્પાની પ્રેયર સાંભળી. આજે સવારે પપ્પા બાલ્કનીમાં પ્રેયર કરતા હતા. 'come શાંતિ... come શાંતિ' એમ બોલતા હતા!"

"અલ્પમતિ! 'કમ શાંતિ' નહીં, 'ઓમ શાંતિ' બોલતો હતો!"

"હા, એ જ તો. ગોડે તરત શાંતિના એમ્બેસેડર વ્હાઈટ પિજિયનને મોકલ્યો!"

"ઓહો! સાંટીનું ડૂટ ધોલું કબૂટર!"

ધનશંકર બોલ્યા, "શાંતિ માટે લાંબા થયેલા આ હાથ પર એ દુષ્ટ કબૂતર વિષ્ટા કરી ચાલ્યું ગયું!"

"પ્રાર્ઠનાનું ફલ મલ્યું! સાચવી રાખજો, હવે જીવનભર હઠેલી ઢોતા નહીં." બાબુ મરક્યો.

હસુભાઈએ કહ્યું, "ધનશંકર આયુર્વેદાચાર્ય ચરકના ચાહક ખરા, પણ આ ચરકના નહીં!"

"પેલા સુશાંતસિંઘની જેમ મારો પણ એક જ સવાલ છે, શાંતિ ક્યાં મળે?"

"એને અંકિટા મલી, સારા મલી, રિયા મલી, પણ સાંટી ન મલી!"

હસુભાઈએ ડબકું મૂક્યું, "શાંતિ હિમાલયમાં મળે, એવું ઋષિમુનિઓ કહી ગયા છે!"

હેમિશ બોલ્યો, "મારા રશિયા અને ઈઝરાયલના એફ.બી. ફ્રેન્ડ્સ એમની અશાંતિને ફૂંકી મારવા દર વરસે હિમાલય આવે છે! 'બમ બમ ભોલે' કરીને શાંતિ શ્વાસમાં ભરે છે!"

ધનશંકર અકળાઈને બોલ્યા, "મારે શાંતિ પાસે નથી જવું, શાંતિ મારી પાસે આવવી જોઈએ!"

એમનો પારો ચઢેલો જોઈ એમ લાગ્યું કે ધનશંકર 'દેવદાસ' છે અને 'શાંતિ' પારો છે!

હસુભાઈએ સમજાવ્યા, "તમારા જીવનમાં ખોટ શું છે? ભગવાનનું દીધેલું બધું તો છે!"

ધનશંકરના સસરાનું નામ ભગવાનદાસ હતું, એનો પણ સંકેત એમાં હતો.

"ભગવાને બધું આપ્યું, પણ શાંતિ ન આપી!" ધનશંકરના ગદગદ થઈ ગયા.

હેમિશનું દિલ દ્રવી ઊઠ્યું, "પ્રેરણાડી! થોડું ઓલ્ડ ફેશન્ડ ભલે લાગે, તું તારું નામ બદલાવી 'શાંતિ' કરી દે!"

ધનશંકર ઈમોશનલ થઈ બોલ્યા, "એ શાંતિ કેટલા વરસ! એ ય જવાની એક દિવસ!"

પછી એમણે લાંબો ડાયલોગ માર્યો, "જગતમાં ઈશ્વરનું સામ્રાજ્ય નથી, અશાંતિનું સામ્રાજ્ય ચાલે છે. જગતમાં ગરીબને કમાવા માટે અશાંતિ, ધનિકને કરવેરા બચાવવા માટે અશાંતિ, અભણને અજ્ઞાન છુપાવવાની અશાંતિ, વિદ્વાનને જ્ઞાન બતાવવાની અશાંતિ! બાળકને જન્મ્યા કેમ એની અશાંતિ, વૃદ્ધને મરશું ક્યારે એની અશાંતિ! કુંવારાને ક્યારે પરણશું એની અશાંતિ, પરણેલાને કેમ પરણ્યા, એની અશાંતિ! જગતમાં અશાંતિ એ જ ઝડપથી વધી રહી છે જે ઝડપથી મોદીજીની દાઢી વધે છે, મમતાજીનો ગુસ્સો વધે છે, કેજરીવાલની ખાંસી વધે છે, રાહુલની બેકારી વધે છે, ઓવૈસીની દાદાગીરી વધે છે."

"ટી.વી જોવાનું બંધ કરો, પેપર વાંચવાનું બંધ કરો." હસુભાઈએ સંત જ્ઞાનેશ્વરનો અવતાર ધારણ કર્યો.

પ્રેરણાડી બોલી, "અરે પપ્પાને રીડિંગનો એટલો શોખ કે રીડિંગ માટે કંઈ ન મળે તો ફીલ્ડિંગ કરી રહેલા વિરાટ કોહલીનું 'લીપ-રીડિંગ' કરી કહે, "આને કેટલી અશાંતિ છે! સંસ્કૃતમાં અનુષ્કા એટલે સૂર્યનું પહેલું કિરણ! પણ આને માથે તો બપોરનો સૂરજ તપતો હોય એમ કાયમ મનોમન ગાળો બોલે છે!'..."

"ક્રિકેટ જોવાનું પણ બંધ કરો!" મનસુખ સટોડિયાએ કહ્યું.

"આંખ ખુલ્લી રાખું છું તો કંઈપણ જોવાઈ જાય અને જીવને અશાંતિ થાય!"

"તો આંખ બંધ રાખો!"

"આંખ બંધ રખાય, પણ કાન કેવી રીતે બંધ કરાય? કશું પણ સાંભળવાથી અશાંતિ થાય છે!"

"કાન ટોપી પહેરો!"

"શિયાળો તો ગયો!"

"ચિંટા ની કરો, ભગવાન સૌનું ઢિયાન રાખટો છે, આ ટમે ડોહા ઠવાના એટલે જલડી જ ટમને બહેરા બનાવી ડેહે!"

"આ શ્વાસમાં જે હવા લઉં છું એય નથી ગમતી! છે કોઈ આ અશાંતિનો ઈલાજ?"

"બાલક માટાના પેટમાં શાંટ હોય છે, જન્મે કે ટરટ શ્વાસ લેવા પછી જ રડવા માંડે છે, અર્ઠાત, અસાંટી બહારથી આવે છે. બાકી સાંટી માનસની અંડર હોય જ!"

"ઓહો! એટલે આ સંસાર એટલે જ અશાંતિ!" ધનશંકરને સમજ પડી ગઈ! "પણ... ઉપાય શું?

"ઉપાય એક જ. અસાંટીને સાંટી સમજવી અને સાંટીને અસાંટી સમજવી.""

મને વિચારતાં લાગ્યું, મોટા ભાગના લોકો આ જ ટ્રીકથી જીવી જાય છે!

★

- દિવ્યભાસ્કરમાંથી સાભાર

## ૧૨. સંસ્થા સમાચાર

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૦૧થી ૦૬ સુધી જાણીતા લેખક અને લોકભારતીના શુભેચ્છક શ્રી ભદ્રાયુભાઈ વછરાજાની લોકભારતીમાં રહેવા માટે આવી ગયા. તેઓના આ નિવાસ દરમિયાન વિભાગવાર તેઓનાં વ્યાખ્યાનો યોજાયાં તથા તા.૦૫ના રોજ લોકભારતીના સમગ્ર કાર્યકરો સાથે સાંજે ૦૪-૩૦થી ૦૬-૦૦ દરમિયાન 'સંવાદ' નામે બેઠક અને સાયં પ્રાર્થનામાં પણ વિદ્યાર્થીઓ સમક્ષ તેઓએ સરસ રીતે વક્તવ્યો રજૂ કર્યાં; જે ઘણાં રસપ્રદ રહ્યાં.
- તા.૦૩ અને ૦૪ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીના સાંનિધ્યમાં તાલીમાર્થીઓને 'હૈયું મસ્તક અને હાથ' પુસ્તક સાથે સ્વનિરુબતની સંવાદયાત્રા કરી.
- સરકારશ્રીના નવા કાયદા મુજબ વર્ષ ૨૦૧૭ પહેલાંથી પેસ્ટીસાઇડ ડીલરશીપનું લાયસન્સ ધરાવતા વિક્રેતાઓએ સરકારશ્રીએ નિયત કરેલ સર્ટિફીકેટ કોર્સ કરવો જરૂરી છે. આ કોર્સ કરવા ઇચ્છુક વિક્રેતાઓને માહિતી આપવાના તથા તેઓનું રજિસ્ટ્રેશન કરવાના હેતુથી ભાવનગર જિલ્લાના પેસ્ટીસાઈડ વિક્રેતાઓનો એક વર્કશોપ તા.૦૩ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા લોકભારતી ખાતે યોજવામાં આવ્યો.
- તા.૦૫ના રોજ શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષ સ્થાને કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સલાહકાર સમિતિની ૧૧મી બેઠક યોજાઈ. બેઠકમાં જિલ્લાના કૃષિ, બાગાયત વિષયના સરકારી અધિકારીશ્રીઓ સહિત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સહવિસ્તરણ શિક્ષણશાસ્ત્રીશ્રી, સહસંશોધન નિયામકશ્રી તથા અગ્રણી ખેડૂત ભાઈ-બહેનો મળીને કુલ ૨૭ સભ્યોએ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના આગામી વર્ષ (૨૦૨૧-૨૨)ના કાર્ય આયોજન બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી.
- તા.૦૭થી ૦૯ દરમિયાન 'વલોણું' સામયિકના સંપાદક શ્રી મુનિભાઈ દવે જાણીતાં લેખિકા શ્રી સોનલબહેન પરીખને લોકભારતીની પરિચય-મુલાકાત અર્થે લઈને આવી ગયા. શ્રી સોનલબહેન પરીખે વિદ્યાર્થીઓની સાહિત્યસભામાં તા.૦૯ના રોજ સાહિત્યમાં રસ-રુચિ ધરાવનારાં વિદ્યાર્થી ભાઈ-બહેનોની સમક્ષ વક્તવ્ય આપ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-લોકભારતી-સણોસરા અને ઉત્થાન સંસ્થા-ભાવનગરના સંયુક્ત ઉપક્રમે તા.૮ના રોજ લોકભારતી સંસ્થા ખાતે ખેડૂત મહિલાઓના સેમીનારનું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત શ્રી નિગમભાઈ શુકલ દ્વારા ખેડૂત મહિલાઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. તેમ જ પ્રગતીશીલ ખેડૂત મહિલાઓને સન્માનિત કરી ખેતી પ્રત્યે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.
- દાંડીકૂચની ૯૦મા વર્ષની ઉજવણી અર્થે ભાવનગર જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા લોકભારતી મુકામે તા.૧૨મીના રોજ સવારના ૦૯-૪૫થી એક કાર્યક્રમ યોજાયો, તેમાં જિલ્લા પોલીસવડા શ્રી અશોકકુમાર યાદવ સાહેબ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને ઇન્ચાર્જ કલેક્ટર

શ્રી વરુણકુમાર બરનવાલ સાહેબ અને અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા. શ્રી અરુણભાઈ દવેએ ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું.

- તા.૧૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ બાગાયત વિષયના ભાગરૂપે રામકૃષ્ણ બાગ-આંબલા, ફોરેસ્ટ નર્સરી-વળાવડ, કષ્ટભંજન ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ-વળાવડ, સર્વોત્તમ ડેરી અને ચામુંડા નર્સરીની મુલાકાતે અધ્યાપકશ્રી યોગેશભાઈ ત્રિવેદી સાથે જઈ આવ્યા.
- તા.૧૩થી ૧૫ દરમિયાન શ્રી અરુણભાઈ દવે અને શ્રી વિશાલભાઈ ભાદાણી વિધવિધ હેતુઓ માટે કચ્છની મુલાકાતે જઈ આવ્યા.
- શુદ્ધ ખાદીના પ્રચારક-પ્રોત્સાહક શ્રી પિનાકિનભાઈ મકવાણા લોકભારતીના વિદ્યાર્થીઓને ખાદીખરીદીમાં સહાય આપવા તા.૧૬મીના રોજ આવી ગયા. તેઓએ લોકભારતી ખાદી ભંડારેથી બંને વિભાગનાં પ્રથમ વર્ષના વિદ્યાર્થી ભાઈ-બહેનોને ખાદી ખરીદીમાં રોકડમાં સહાય આપીને ખાદી ખરીદવામાં પ્રોત્સાહક સહાય પૂરી પાડી.
- લોકભારતીમાંથી સેવાનિવૃત્ત થયેલાં કાર્યકરોને શુભેચ્છાઓ અર્પણ કરવાનો એક કાર્યક્રમ લોકભારતી કાર્યકર કલ્યાણ નિધિના આયોજનમાં શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં તા. ૧૮મીના રોજ યોજાઈ ગયો. તેમાં શ્રી નીલિમાબહેન વ્યાસ, વૈદ્યરાજ હસમુખભાઈ જોશી અને શ્રી ભુપતભાઈ સોલંકીને શાલ અર્પણ કરીને શુભેચ્છાઓ આપવામાં આવી. નિવૃત્ત કાર્યકરોએ પોતાના ટૂંકા પ્રતિભાવો પણ રજૂ કર્યા, શ્રી અરુણભાઈ દવેએ સંસ્થા વતી સૌને શુભેચ્છાઓ આપી.
- તા.૧૮ના રોજ પેસ્ટીસાઇડ વિક્રેતાઓના સર્ટિફીકેટ કોર્સની કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતીને માન્યતા પ્રાપ્ત થતાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. વી.પી. ચોવટિયા, શ્રી અરુણભાઈ દવે, સહવિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. જી.આર. ગોહિલ, ઓલ ઇન્ડિયા એગ્રો ઇનપુટ ડિલર્સ વેલ્ફેર એસોશિએશનના સચિવ શ્રી અરવિંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૧૬૦ તાલીમાર્થી વિક્રેતાઓની હાજરી વચ્ચે તાલીમનો ઉદ્‌ઘાટન સમારંભ યોજવામાં આવ્યો.
- તા.૧૮-૧૯-૨૦ લોકભારતી અધ્યાપન મંદિરોમાં કોરોના મહામારીના કારણે આ વર્ષે બાલવાડી શિબિરનો અનુભવ અલગ સ્વરૂપે કરાવવામાં આવ્યો. બીજા વર્ષના તાલીમાર્થીઓને ૬ કાર્યશાળાઓ(રમત, સંગીત, વિજ્ઞાન, નાટક, સર્જન, જીવન કૌશલ્ય)ની તાલીમ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને આપી. પપેટ-શો, બાળ-નાટકો, અભિનય-ગીત, કુંભારના ચાકડા પર માટીનાં વાસણ બનાવવાં, ચોકલેટ બનાવવી, મીણબત્તી બનાવવી, સાબુ બનાવવો વગેરે જેવી તાલીમની મજા પરસ્પર માણી. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. અને આ રીતે સ્વયં શિક્ષણ દિનની ઉજવણી પણ થઈ.
- દર વર્ષે લોકભારતી ખાતે યોજાતી જી.સી.આર.ટી.ના ગુજરાતભરના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના બી.એડ.ના તાલીમાર્થીઓની ચાર-ચાર દિવસની તાલીમ શિબિરો 'હું શિક્ષક છું' ITOWEના આયોજન તળે તા.૦૧થી શરૂ થઈ. તેમાં જામનગર, સાબરકાંઠા, વડોદરા, કઠલાલ, પોરબંદર, સુરત, નવસારી, ભૂજ, ગાંધીનગર અને પાલનપુરના કુલ ૪૮૩ તાલીમાર્થીઓએ આ શિબિરનો લાભ

લીધો. તા.૧૯થી કોવિડની પરિસ્થિતિને ધ્યાને લઈને જી.સી.આર.ટી. દ્વારા આ કાર્યક્રમ સ્થગિત રાખવામાં આવ્યો.

- અમેરિકા વસતા લોકભારતીના શુભેચ્છકો દ્વારા તા.૨૦ના રોજ રાત્રે ૦૯-૩૦થી ૦૧-૧૫ વાગ્યા સુધી લોકભારતીના શુભેચ્છક શ્રી સુભાષભાઈ ભટ્ટ દ્વારા આયોજિત અને શ્રી રામભાઈ ગઢવી, શ્રી મધુસૂદનભાઈ કાપડિયા, શ્રી નટવરભાઈ ગાંધી, શ્રી વસુધાબહેન ઇનામદાર, શ્રી વિક્રમભાઈ કામદાર, શ્રી અક્ષયભાઈ શાહ, શ્રી અશોકભાઈ વિદ્વાંસ, શ્રી સોમાભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં એક વેબ-મિટિંગનું આયોજન થયું. આ મિટિંગનો મુખ્ય હેતુ લોકભારતીનો પરિચય કેળવવાનો હતો. શ્રી અરુણભાઈ દવે અને શ્રી વિશાલભાઈ ભાદાણીએ લોકભારતી અને ગાંધીભારતી અંગે ક્રમશઃ વાત રજૂ કરી. લોકભારતીની પ્રગતિથી અમેરિકા વસતા લોકભારતીના સૌ શુભેચ્છકોએ આનંદની લાગણી વ્યક્ત કરી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી-સણોસરા દ્વારા તા. ૨૨ના દિવસે વિશ્વ જળ દિવસ ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમના અધ્યક્ષ શ્રી અરુણભાઈ દવે દ્વારા ખેડૂતોને પાણી સંગ્રહ તથા તેના સંરક્ષણ માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૭૭ જેટલા યુવાનો અને ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ તા.૨૨ અને ૨૩ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી-ભાવનગર દ્વારા યોજાયેલ મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- ગાંધી આશ્રમ-અમદાવાદ અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર-અમદાવાદ દ્વારા ગત વર્ષથી ચાલતો 'અહિંસાની કેળવણી' કાર્યક્રમ કોરોનાને કારણે સ્થગિત કરવામાં આવેલો. તે નવેસરથી શરૂ કરવા માટે ગાંધી આશ્રમના નિયામક શ્રી અતુલભાઈ પંડ્યા અને પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના શ્રી અયૂબભાઈ શેરસિયા અને તેમની ટીમ તા.૨૩મીના રોજ લોકભારતી આવી ગયા. સૌ સંબંધિતો સાથે બેઠક કરીને એપ્રિલ માસથી સણોસરા, આંબલા અને માઈધાર કેન્દ્રોમાં આ કાર્યક્રમ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું.
- શ્રી અતુલભાઈ સાથે જાણીતા લેખક અને પત્રકાર શ્રી ઉર્વીશભાઈ કોઠારી પણ આવ્યા હતા. શ્રી ઉર્વીશભાઈ કોઠારી પ્રથમ વખત જ લોકભારતી આવ્યા હોઈ, તેઓએ વિગતે લોકભારતીનો પરિચય કેળવ્યો. તા.૨૩ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને 'સંવાદ' બેઠક યોજવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ લગભગ સવા-દોઢ કલાક સુધી રસપ્રદ રીતે તેઓને સાંભળ્યા અને સારી એવી પ્રશ્નોત્તરી પણ થઈ.
- લોકભારતી ગોશાળા અને બાયેફ-પૂના-ઉરલીકાંચન વચ્ચે ગોસંવર્ધનનો એક પ્રોજેક્ટ છેલ્લાં ચારેક વર્ષથી કાર્યરત છે. આ પ્રોજેક્ટની સમીક્ષા અર્થે તા.૨૪મીના રોજ બપોરના ૦૨-૩૦ કલાકે એક વેબ-મિટિંગ યોજાણી, જેમાં બાયેફના ઉચ્ચ પદાધિકારીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા. લોકભારતી તરફથી શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી નિગમભાઈ શુક્લ તથા શ્રી મધુભાઈ બગડા ઉપસ્થિત રહ્યા. આ બેઠકમાં ગોસંવર્ધનના આ સંયુક્ત પ્રોજેક્ટને વધુ કાર્યક્ષમ અને ઘનિષ્ઠ બનાવવાની બાબતો વિચારવામાં આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ASCI અંતર્ગત ચાલતી

તાલીમમાં તાલીમાર્થીઓને તા. ૨૬ના રોજ સર્વોત્તમ ડેરી, સિહોરની મુલાકાતે લઈ જવામાં આવ્યા.

- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી-સણોસરા, લોકવિજ્ઞાન કેન્દ્ર અને જળક્રાંતિ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮ના રોજ લોકભારતી સંસ્થા અંતર્ગત ભૂજળ સંશોધન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જળક્રાંતિ ટ્રસ્ટના પ્રમુખશ્રી મનસુખભાઈ સુવાગિયા તથા શ્રી અરુણભાઈ દવે દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવમાં આવ્યું. આ કાર્યક્રમમાં વિવિધ વિસ્તારમાંથી ૧૫ જેટલા પાણીકળા પણ હાજર રહ્યા હતા. અને સંસ્થામાં પાણી સંશોધનનો પ્રેક્ટિકલ પણ યોજાયો.
- કોરોના કાળને અનુલક્ષીને હોલિકા દહનનો તા.૨૮ના રોજ બહુ મર્યાદિત અને પ્રતીકાત્મક કાર્યક્રમ રાખવામાં આવ્યો. વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક રજા જાહેર કરેલી હોવાથી મોટા ભાગના વિદ્યાર્થીઓ ઘરે ગયા હતા. રોકાયેલા વિદ્યાર્થીઓ અને પરિવારજનોની ઉપસ્થિતિમાં હોલિકાદહનનો કાર્યક્રમ રહ્યો. બીજા દિવસે ધૂળેટીની ઉજવણી સદંતર બંધ રાખવામાં આવી હતી.
- શ્રી અરુણભાઈ દવે આ માસમાં કાર્યક્રમો અને આવેલ મહેમાનો સાથે અતિ વ્યસ્ત રહ્યા. શ્રી ભદ્રાયુ વચ્છરાજાની, શ્રી મુનિ દવે, શ્રી સોનલ પરીખ, શ્રી મણિલાલ હ. પટેલ, શ્રી અતુલ પંડયા, શ્રી અયુબ શેરસિયા, શ્રી ઉર્વીશ કોઠારી, શ્રી મનસુખ સુવાગિયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ડૉ. વી.પી. ચોવટિયા વગેરે મહેમાનો આવેલા. ઘણી બેઠકો અને કાર્યક્રમો થયાં. આંબલામાં લાયબ્રેરીના રીનોવેશન સંદર્ભે વારંવાર જવાનું થયું. તા. ૧૦મીએ કે.આર. શ્રોફ ફાઉન્ડેશનના શ્રી પ્રતુલભાઈ શ્રોફ, શુભેચ્છકશ્રી આશીષભાઈ અને શ્રી પ્રકાશભાઈ ભગવતી સાથે સંસ્થાના ભાવી કાર્યક્રમો અને તેની આર્થિક વ્યવસ્થા સંદર્ભે મહત્ત્વની બેઠક ઝૂમ માધ્યમથી કરી. તા.૧૧મીએ સુરેન્દ્રનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા યોજાએલ નવી શિક્ષણ નીતિના સંમેલનમાં ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું. તા.૧૨મીએ જિલ્લાનો વિશેષ કાર્યક્રમ દાંડીયાત્રા આઝાદીથી અમૃત મહોત્સવમાં અતિથિ વિશેષ તરીકે વકતવ્ય આપ્યું. તા. ૧૩-૧૪-૧૫ એમ ત્રણ દિવસનો કચ્છનો અત્યંત ફળદાયી પ્રવાસ કર્યો. જેમાં સૂર્યા એકેડમીમાં વ્યાખ્યાન, કુકુમાના તાલીમ કેન્દ્રમાં બેઠકોમાં અને પૂ. કાકા-શ્રોફ પરિવારની મુલાકાતો લીધી. તા. ૨૦મીએ અમેરિકામાં વસતા ગુજરાતીઓ સાથે સંસ્થાના શુભેચ્છકો દ્વારા યોજાયેલ 'ઓટલો' કાર્યક્રમમાં ત્રણેક કલાક સક્રિય ભાગીદારી કરી ધન્યતા અનુભવી. ઘણી મોટી સંખ્યા દ્વારા જબરો પ્રતિસાદ મળ્યો. ભૂગર્ભજળ સંશોધન સેમિનાર અને વાળુકડ ખાતે તા. ૨૩મીએ યોજાએલ સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની બેઠકમાં અધ્યક્ષીય માર્ગદર્શક વ્યાખ્યાનો આપ્યાં.

**આંબલા સમાચાર**

- તા. ૦૧ના રોજ રાત્રિ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.
- તા. ૦૭ના રોજ રમત ઉત્સવ યોજાયો.
- તા. ૧૬ના રોજ નેત્રનિદાન કેમ્પ રાજકોટ રણછોડદાસ હોસ્પિટલના સહયોગથી યોજાયો. આજુબાજુનાં ગામલોકોએ બહોળી સંખ્યામાં લાભ

લીધો. જે લાભાર્થીને મોતિયાનું ઑપરેશન કરાવવાની જરૂર હતી તેમને રાજકોટ ખાતે લઈ જઈ ઑપરેશન કરાવવા માટે લઈ જવામાં આવ્યા. આ સાથે આજદિન સુધીમાં ૧૨૦૦ જેટલા લાભાર્થીઓને નિદાન કેમ્પમાં મદદ કરેલ તેવા શ્રી નીતિનભાઈ પંચોલી તથા તેમના ધર્મપત્નીનું શ્રી અરુણભાઈ દવેના હસ્તે સન્માનપત્ર તેમ જ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

- સૌરાષ્ટ્ર લોકશાળા સંઘની વાર્ષિક બેઠક શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષ સ્થાને વાળુકડ મુકામે યોજાઈ ગઈ. જેમાં આ વર્ષે પ્રમુખ તરીકે શ્રી નાનુભાઈ શિરોયા, ઉપપ્રમુખ તરીકે શ્રી ખોડાભાઈ ખસિયા, મંત્રી તરીકે શ્રી વાઘજીભાઈ કરમટિયા, શ્રી જસંવતભાઈ કાકડિયા, શ્રી સંજયભાઈ કાત્રોડિયા અને શ્રી રમેશભાઈ મકવાણાની નિયુક્તિ કરવામાં આવી. બેઠકમાં વર્ષ ૨૦૧૯-૨૦ના હિસાબો રજૂ કરવામાં આવ્યા તેમ જ સંઘના આગામી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.
- તા.૨૮ના રોજ હોલિકા દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો, કોરોના-કાળને કારણે આ વર્ષે ધૂળેટીની ઉજવની બંધ રાખવામાં આવી.
- તા.૩૧ના રોજ યજ્ઞાર્થ સફાઈ કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- સમગ્ર કાર્યકરોએ કોવિડ-૧૯ વેક્સીનનો પ્રથમ ડોઝ લીધો.
- આંબલા ગામની ધો.૦૯ની વિદ્યાર્થિની બહેનોને સરકારશ્રી તરફથી સાયકલ વિતરણ કરવામાં આવી.
- સુરતની સિવિલાઈઝ મોર્ડન સ્કૂલ-નાના વરાછાના સંચાલક શ્રી હિતેશભાઈએ સાંય પ્રાર્થનાના અનુસંધાને સફળતાનાં સૂત્રો વિષય પર વ્યક્તવ્ય આપ્યું.

**મણાર સમાચાર**

- તા.૦૮ના રોજ શાળામાં એન.એસ.એસ. યુનિટ અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી.
- તા.૧૯થી ૩૦ પ્રિલીમીનરી પરીક્ષાઓ યોજાઈ ગઈ.
- તા.૨૪ના રોજ નવનિયુક્ત મહિલા પ્રમુખ દિલુબહેનનું શાલ અને પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું.
- તા.૨૬ના રોજ પી.એચ.સી. સેન્ટર-મણાર તેમ જ એન.એસ.એસ. યુનિટ સાથે મળીને કોરોના રસીકરણનો કેમ્પ યોજાયો. સમગ્ર કાર્યકરોએ રસીનો પ્રથમ ડોઝ લીધો.
- તા. ૨૮ના રોજ હોળીની ઉજવણી કરવામાં આવી. કોરોના-કાળને કારણે ધૂળેટી કાર્યક્રમ બંધ રાખવામાં આવ્યો.
- તા.૩૦ના રોજ મણાર સંસ્થામાં આવેલી પ્રાથમિક શાળામાં વાલી સંમેલન, ધો.૮નો શુભેચ્છા કાર્યક્રમ, શાળાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં ઉજવણી તેમ જ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી વેલજીભાઈ જાનીનો વિદાય સમારંભ એમ ચતુર્વિધ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમ શ્રી સુરસંગભાઈ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયો. શ્રી ડાહ્યાભાઈ ડાંગર તથા સૌ કાર્યકર મિત્રોએ શ્રી વેલજીભાઈનું શાલ, પુસ્તક અને મોમેન્ટો આપી સન્માન કર્યું.

જાણીતા પત્રકાર, વિચારક શ્રી ઉર્વીશભાઈ કોઠારી સાથે 'સંવાદ' કાર્યક્રમનું જીવંત પ્રસારણ





જળક્રાંતિ ટ્રસ્ટના પ્રણેતા શ્રી મનસુખભાઈ સુવાગિયાના માર્ગદર્શનથી યોજાયેલ ભૂજળ સંશોધન સેમિનાર














To.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक** : ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक** : सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुदित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री** : डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-